- **સાંપરાયિક કર્મબંધ**
  - અવ્રત
  - **કષાય**
  - ઈન્દ્રિય
  - ક્રિયા

૩. અન્ય રીતે કર્મને ૮ વિભાગમાં વિભાજિત કરવામાં આવેલ છે :

- **કર્મ**
  - જ્ઞાનાવરણીય
  - દર્શનાવરણીય
  - વેદનીય
  - મોહનીય
  - આયુષ્ય
  - નામ
  - ગોત્ર
  - અંતરાય

આ મોહનીય કર્મના બે પ્રકાર છે :

- મોહનીય કર્મ
  - દર્શન મોહનીય
  - ચારિત્ર મોહનીય
    - **કષાય**
    - **નોકષાય**

૪. જૈનદર્શનમાં સંજ્ઞાનો ઉલ્લેખ જોવા મળે છે. સંજ્ઞા એટલે ઉપયોગ કે વિચાર. આ સંજ્ઞા ૪ પ્રકારે, ૧૦ પ્રકારે અને ૧૬ પ્રકારે છે. તેમાં ૧૦ પ્રકારની સંજ્ઞા નીચે મુજબ છે :

૧. આહાર, ૨. મૈથુન, ૩. ભય, ૪. પરિગ્રહ, ૫. ક્રોધ, ૬. માન, ૭. માયા, ૮. લોભ, ૯. ઓઘ અને ૧૦. લોક.

અહીં ક્રોધ, માન, માયા, લોભ આ ૪ કષાયના ભેદ છે.[૧૩]

૫. જૈનદર્શનમાં નવતત્ત્વોની ગણના કરવામાં આવી છે. તેમાં ૪થા પાપતત્ત્વની ૮૨ પ્રકૃતિઓની ગણતરીમાં ૨૫ કષાય (૧૬ કષાય + ૯ નોકષાય)નો સમાવેશ કરવામાં આવ્યો છે.

૬. નવતત્ત્વમાં ૫મું આસ્રવતત્ત્વ છે. તેના ૪૨ ભેદની ગણતરીમાં ૪ કષાયોનો ઉલ્લેખ જોવા મળે છે.

**કષાયની ઉત્પત્તિ :**

વાસના અથવા તો કર્મના સંસ્કારથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. આ રાગ-દ્વેષથી **કષાય** ઉત્પન્ન થાય છે.

''વિશેષાવશ્યક ભાષ્ય''માં રાગ-દ્વેષનો કષાય સાથે શું સંબંધ છે તેનું વર્ણન વિભિન્ન નયો દ્વારા કરવામાં આવ્યું છે.

સ્થાનાંગ સૂત્રમાં પાપકર્મનાં બે સ્થાન બતાવ્યાં છે : ૧. રાગ, ૨. દ્વેષ. રાગથી માયા અને લોભ તથા દ્વેષથી ક્રોધ અને માન ઉત્પન્ન થાય છે. 'પ્રશમરતિ' ગ્રંથની ૩૨મી ગાથા આ વાતને સમર્થન આપે છે.

શ્રી દશવૈકાલિક સૂત્રાનુસાર - ''અનિગ્રહિત ક્રોધ અને માન તથા વધતી જતી માયા અને લોભ આ ચાર સંસાર વધારનારા કષાયો છે, જે દુઃખના કારણભૂત છે.

'ગોમ્મટસાર'માં બે પ્રકારે કષાયની ઉત્પત્તિ બતાવી છે.

(૧) કર્મક્ષેત્રનું ઘર્ષણ કરવા દ્વારા ઉત્પન્ન થાય તે કષાય.

(૨) જીવના શુભ પરિણામને કસવા દ્વારા ઉત્પન્ન થાય તે કષાય.

**કષાયના ભેદ-પ્રભેદ :**

કષાયના મુખ્યત્વે બે ભેદ પડે છે.

(૧) કષાય. (૨) નોકષાય.

આવેગોની અવસ્થા તીવ્રતાની દૃષ્ટિએ સમાન હોતી નથી. જે આવેગ તીવ્ર હોય તેને કષાય કહેવાય છે. આ કષાયોની તીવ્રતાના આધારે તેના ૪-૪ ભેદ પાડવામાં આવ્યા છે. આ ૪ કષાયના ૪-૪ ભેદ પડતાં કુલ ૧૬ પ્રકાર પડે છે.

જે આવેગ મંદ હોય, જે આવેગ કષાયના પ્રેરક હોય તેને ''નોકષાય'' કહે છે. આ નોકષાયને ઉપકષાય મનાયા છે. તેની સંખ્યા ૯ છે. આમ, કષાયની કુલ સંખ્યા ૨૫ થાય છે.

सोलस कसाय नव नोकसाय दुविहं चरित्तमोहणियं
अण अप्पच्चक्खाणा, पच्चक्खाणा य संजलणा ॥ કર્મ ગ્રંથ - ૧, ગાથા ૧૭

સોળ કષાય અને નવ નોકષાય એમ બે પ્રકારે ચારિત્ર મોહનીય કર્મ છે.




આ ૪ કષાયમાં પ્રથમ ક્રમે ક્રોધ કષાય આવે છે.

**૧. ક્રોધ :**

ક્રોધ એ એક માનસિક પરંતુ ઉત્તેજક આવેગ છે. ઉત્તેજિત થતાં જ વ્યક્તિ ભાવાવિષ્ટ બને છે. જેના પરિણામે તેની વિચારક્ષમતા અને તર્કશક્તિ લગભગ શિથિલ થઈ જાય છે.

'ભગવતી સૂત્રમાં' - ક્રોધ કષાયના પર્યાયવાચી શબ્દો વર્ણવવામાં આવ્યા છે.

૧. કોપ : ક્રોધથી ઉત્પન્ન સ્વભાવની ચંચળતા.
૨. દોષ : સ્વયં પર અથવા અન્ય પર દોષ (થોપવો) આપવો.
૩. રોષ : ક્રોધનું પરિસ્ફુટ રૂપ.
૪. સંજ્વલન : ઈર્ષ્યાની ભાવના.
૫. અક્ષમા : અપરાધ ક્ષમા ન કરવો.
૬. કલહ : અનુચિત બોલવું તે.
૭. ચાણ્ડિક્ય : ઉગ્ર રૂપ ધારણ કરવું.
૮. મંડન : લડાઈ કરવા સુધી પહોંચવું.
૯. વિવાદ : આક્ષેપાત્મક બોલવું તે.

કષાયના મુખ્ય ચાર પ્રકારમાં બીજો પ્રકાર માન કષાય છે.

**૨. માન કષાય :**

સામાન્ય રીતે અહંકાર કરવો તે માન કષાય છે. આ અહંકાર જાતિ, કુલ, બળ વગેરે ગમે તે પ્રકારનો હોઈ શકે છે.

જ્યારે મનુષ્યની સ્વાભિમાનની વૃત્તિ દંભ કે પ્રદર્શનનું રૂપ ધારણ કરે છે ત્યારે તે પોતાના ગુણો અને યોગ્યતાઓનું વધારે પ્રમાણમાં પ્રદર્શન કરે છે અને આ રીતે તેના અંતઃકરણમાં માનવૃત્તિનો પ્રાદુર્ભાવ થાય છે. અભિમાની મનુષ્ય પોતાની અહંકારવૃત્તિનું પોષણ કરે છે. તેને અન્યમાં પોતાની સમાન કે પોતાનાથી વધારે ગુણો દેખાતા જ નથી.

જૈન પરંપરાનુસાર માનના આઠ પ્રકાર મનાયા છે.

૧. જાતિ, ૨. કુળ, ૩. લાભ, ૪. ઐશ્વર્ય, ૫. બળ, ૬. રૂપ, ૭. તપ, ૮. જ્ઞાન – આ આઠ પ્રકારના અહંકારને આઠ મદ પણ કહેવાય છે, તે સર્વ ત્યજવા યોગ્ય છે.

માન અનેક રૂપે પ્રગટ થાય છે. તે આ પ્રમાણે છે :

| | | | |
|---|---|---|---|
| ૧. | માન | : | પોતાના કોઈ ગુણ પર અહંભાવ. |
| ૨. | મદ | : | આવેલ અહંભાવમાં તન્મયતા. |
| ૩. | દર્પ | : | ઉત્તેજનાપૂર્ણ અહંભાવ. |
| ૪. | સ્તમ્ભ | : | વિનમ્રતા. |
| ૫. | ગર્વ | : | અભિમાન. |
| ૬. | અત્યુત્ક્રોશ | : | પોતાને અન્યથી શ્રેષ્ઠ માનવું. |
| ૭. | પરપરિવાદ | : | પોતાને અન્યથી શ્રેષ્ઠ માનવું. |
| ૮. | ઉત્કર્ષ | : | પોતાનું ઐશ્વર્ય પ્રગટ કરવું. |
| ૯. | અપકર્ષ/ઉન્નત | : | અન્યને તુચ્છ સમજવા. |
| ૧૦. | ઉન્નતનામ | : | ગુણીની સામે પણ ન ઝૂકવું. |
| ૧૧. | પુર્નામ | : | યથોચિત/યોગ્ય રૂપે ન ઝૂકવું. |

કષાયના ૪ પ્રકારમાં ત્રીજો પ્રકાર માયા કષાય છે.

**૩. માયા કષાય :**

માયા એટલે કપટનો આચાર. અન્ય સાથેની ઠગાઈ તે માયા. ભગવતીસૂત્રાનુસાર તેના પર્યાયવાચી શબ્દો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | માયા | : | કપટાચાર |
| ૨. | ઉપાધિ | : | ઠગવાના ઉદ્દેશ્યથી વ્યક્તિની પાસે જવું. |
| ૩. | નિકૃતિ | : | ઠગવાના અભિપ્રાયથી વધારે માન આપવું. |
| ૪. | વલય | : | વક્રતાપૂર્ણ વચન. |
| ૫. | ગહન | : | ઠગવાના વિચારથી અત્યંત ગૂઢ ભાષણ કરવું. |
| ૬. | નૂમ | : | ઠગવાના હેતુથી નિકૃષ્ટકાર્ય કરવું. |
| ૭. | કલ્ક | : | બીજાને હિંસા કરવા માટે ભડકાવવા. |
| ૮. | કરુપ | : | નિંદિત વ્યવહાર કરવો. |
| ૯. | નિહ્નતા | : | ઠગાઈ માટે મન્દગતિથી કાર્ય કરવું. |
| ૧૦. | કિલ્બિષિક | : | ભાંડ સમાન કુચેષ્ટા કરવી. |

| | | |
|---|---|---|
| ૧૧. આદરણતા | : | અનિચ્છિત કાર્ય (કરવું). |
| ૧૨. ગૂહનતા | : | પોતાની કરતૂત છુપાવવાનું કાર્ય કરવું. |
| ૧૩. વંચકતા | : | ઠગાઈ. |
| ૧૪. પ્રતિ-કુંચનતા | : | કોઈના સરળરૂપથી કહેવાયેલ વચનોનું ખંડન કરવું. |
| ૧૫. સાતિયોગ | : | ઉત્તમવસ્તુમાં હલ્કી વસ્તુની મિલાવટ કરવી તે. |

કષાયના ૪ પ્રકારમાં ચોથો પ્રકાર લોભ કષાય છે.

**૪. લોભ કષાય :**

મોહનીય કર્મના ઉદયથી ચિત્તમાં ઉત્પન્ન થનારી તૃષ્ણા કે લાલસાને લોભ કહેવાય છે. લોભ તે સર્વ પાપનું મૂળ છે. શાસ્ત્રકારોએ તેને ''પાપનો બાપ'' એવી ઉપમા આપી છે. આ લોભની ૧૪ અવસ્થા છે.

| | | |
|---|---|---|
| ૧. લોભ | : | સંગ્રહ કરવાની વૃત્તિ. |
| ૨. ઈચ્છા | : | અભિલાષા. |
| ૩. મૂર્છા | : | તીવ્ર સંગ્રહવૃત્તિ. |
| ૪. કાંક્ષા | : | પ્રાપ્ત કરવાની આશા. |
| ૫. ગૃદ્ધિ | : | આસક્તિ. |
| ૬. તૃષ્ણા | : | નવું-નવું મેળવવાની ઈચ્છા. |
| ૭. મિથ્યા | : | વિષયોનું ધ્યાન. |
| ૮. અભિધ્યા | : | નિશ્ચયથી ડગી જવું, ચંચળ બનવું. |
| ૯. આશંસના | : | ઈષ્ટ પ્રાપ્તિની ઈચ્છા કરવી. |
| ૧૦. પ્રાર્થના | : | અર્થાદિની યાચના. |
| ૧૧. લાલપનતા | : | ચાટુ વચન. |
| ૧૨. કામાશા | : | કામની ઈચ્છા. |
| ૧૩. મરણાશા | : | મરવાની ઈચ્છા. |
| ૧૪. નન્દિરાગ | : | પ્રાપ્તસંપત્તિનામનુરાગઃ[૧૪] |

આ કષાયોને ઉત્તેજિત કરનાર તે નોકષાય છે.

**નોકષાય :**

આ શબ્દ 'નો' અને 'કષાય' એ બે પદથી બનેલ છે. જૈન દાર્શનિકો 'નો' શબ્દને સાહચર્યના અર્થમાં ગ્રહણ કરે છે.

ક્રોધ, માન, માયા, લોભ આ પ્રધાન કષાયોના સહચારી ભાવો અથવા તેમની સહયોગી મનોવૃત્તિઓને જૈન પરિભાષામાં 'નોકષાય' કહેવાય છે. જૈનદર્શનમાં આ નોકષાયને ઉપઆવેગ મનાયા છે. જૈનવિચારધારામાં જે માનસિક તથા નૈતિકદૃષ્ટિથી વધારે અશુભ છે તેને કષાય કહેવાય છે અને તેના કારક મનોભાવને નોકષાય કહેવાય છે. તીવ્રતાની દૃષ્ટિએ નોકષાય કષાયની અપેક્ષાએ મંદ હોય છે. જૈન દર્શનાનુસાર નોકષાયની સંખ્યા ૯ છે, જે નીચે મુજબ છે :

**૧. હાસ્ય :**

સુખ કે પ્રસન્નતાની અભિવ્યક્તિ તે હાસ્ય છે. જૈન વિચારણાનુસાર હાસ્યનું કારણ પૂર્વકર્મ અથવા વાસના/સંસ્કાર છે.

**૨. શોક :**

ઈષ્ટના વિયોગ આદિથી જે ઉત્પન્ન થાય તે શોક મોહનીય કર્મ કહેવાય છે.

**૩. રતિ :**

ઈષ્ટ પદાર્થો પર પ્રીતિભાવ અથવા ઇન્દ્રિય વિષયોમાં ચિત્તની પ્રસન્નતા તેને રતિ મોહનીય કર્મ કહેવાય છે.

**૪. અરતિ :**

ઈન્દ્રિયના વિષયમાં અરુચિનો ભાવ તે અરતિ મોહનીય કર્મ કહેવાય છે.

**૫. જુગુપ્સા :**

જે કર્મના ઉદયથી મનમાં કંટાળો-દુર્ગંચ્છા ઉત્પન્ન થાય અથવા જ્યાં હોઈએ ત્યાંથી ખસી જવાની અથવા તો તે પદાર્થને દૂર કરવાની ઈચ્છા થાય.

**૬. ભય :**

કોઈ વાસ્તવિક કે કાલ્પનિક તથ્યથી આત્મરક્ષાના નિમિત્તથી બચવાની પ્રવૃત્તિ તે ભય છે.

**૭. સ્ત્રીવેદ :**

જે કર્મના ઉદયથી પુરુષસંબંધી કામવાસના ઉત્પન્ન થાય તે સ્ત્રીવેદ કહેવાય છે.

**૮. પુરુષવેદ :**

જે કર્મના ઉદયથી સ્ત્રીસંબંધી કામવાસના ઉત્પન્ન થાય તે પુરુષવેદ કહેવાય છે.

**૯. નપુંસકવેદ :**

જે કર્મના ઉદયથી સ્ત્રી તથા પુરુષ બંને સંબંધી કામવાસના ઉત્પન્ન થાય તે નપુંસકવેદ કહેવાય છે.

આ લેખમાં વિવિધ દૃષ્ટિકોણથી કષાયની વ્યાખ્યા તેનું સ્વરૂપ તથા સ્થાનવિષયક ચર્ચા કરી છે. કષાય તે કર્મબંધનું અગત્યનું કારણ છે. આથી તેના સ્વરૂપના વિસ્તૃત જ્ઞાનને વિસ્તારથી જાણવાથી જીવો કર્મબંધથી અટકી પરંપરાએ મુક્તિને પામે તે હેતુથી થયેલ મારો આ પ્રયાસ અભ્યાસીઓ તેમજ જીજ્ઞાસુઓને ઉપયોગી થશે એમ માનું છું.

# શ્રી પુરુષોત્તમ સિદ્ધયોગીનું આખ્યાન

◆

હરિપ્રસાદ શાસ્ત્રી*

ચરોતરમાં પેટલાદ તાલુકામાં આવેલ મલાતજ ગામમાં શ્રી છોટાલલ કાલિદાસ ત્રિવેદી નામે એક સંતકવિ થઈ ગયા. એમના નાના ભાઈ શ્રી વ્રજલાલ કાલિદાસ શાસ્ત્રના પ્રખર અભ્યાસી હોઈ 'શાસ્ત્રી' તરીકે ખ્યાતિ પામ્યા. છોટાલાલ શરૂઆતમાં તલાટી તરીકે નોકરી કરતા હતા, પરંતુ શ્રી પુરુષોત્તમ નામે સિદ્ધયોગીનો સમાગમ થતાં તેમની શીખથી નોકરી છોડી યોગસાધક તથા સંતકવિ બની ગયા. તેમણે રચેલી નાનીમોટી કાવ્યકૃતિઓ સમસ્ત ગુજરાતમાં લોકપ્રિય થઈ. ગુજરાતી સાહિત્યમાં કવિ દયારામથી વિરમેલો ધાર્મિક સાહિત્યનો પ્રવાહ સંતકવિ છોટમ તરીકે ખ્યાતિ પામેલા છોટાલાલે (ઈ.સ. ૧૮૧૨-૧૮૮૫) દલપત-યુગમાં ચાલુ રાખ્યો. તેમને આ માર્ગે વિકાસ સાધવાની શીખ આપનાર પુરુષોત્તમ સિદ્ધ યોગીનું આખ્યાન રચી તેમના સમાગમનું વિગતવાર નિરૂપણ કર્યું છે.

વ્રજલાલ શિનોરની પાઠશાળામાં વ્યાકરણનો અભ્યાસ કરતા હતા ત્યારે તેમણે છોટાલાલને પત્ર લખી જણાવ્યું કે નર્મદા નદીના સામા કાંઠે શ્રી કાર્ત્તિકેશ્વરનું મંદિર છે. ત્યાં કારતકની પૂનમે મેળો ભરાય છે. ત્યાં વિંધ્યાચળથી શ્રીપુરુષોત્તમ નામે એક સિદ્ધયોગી નજીકમાં એકાંતમાં રહે છે. આથી છોટાલાલ મલાતજથી શિનોર ગયા ને ત્યાંથી વ્રજલાલની સાથે કાર્ત્તિકેશ્વરના મંદિરની સમીપે એ યોગીની પાસે ગયા. દંડ, કમંડલ, કૃષ્ણાજિન, ઉપવીત ને મુનિવેશથી સોહતા શુકદેવ જેવા એ યોગી તાડપત્ર પર લખેલ વેદાન્તસૂત્ર વાંચતા હતા. એ યોગીએ વગર પૂછ્યે તેમનું નામ કહ્યું ને મનમાં જે સંશય હોય તે ખુશીથી પૂછવા જણાવ્યું. છોટાલાલે પૂછ્યું, કૃપા કરી મહાવાક્યનો લક્ષ ભાગ કહો. સિદ્ધ કહે, મહાવાક્ય એટલે પ્રણવ. એમાંના અકારનું વાચ્ય ચૈતન્યયુક્ત સ્થૂલ છે, ઉકારનું વાચ્ય ચેતનયુક્ત સૂક્ષ્મ છે ને મકારનું વાચ્ય એ બેનું મિશ્રણ છે. એ સર્વમાં જે વાચ્ય ભાગ છે તેને તજીને તેમાંના ચેતન ભાગનું જ ધ્યાન ધરો.

છોટાલાલે બીજો પ્રશ્ન પૂછ્યો. પ્રભુએ ધર્મ સ્થાપવા કૃષ્ણનો અવતાર લીધો, તે ગોપીઓ સાથે રાસ રમી જારકર્મ કરે ખરા ? યોગી કહે, શ્રીકૃષ્ણે વ્રજમાં અગિયાર વર્ષ રહી ગાંધર્વ વિવાહ કરી યમુનાતટે રાધા સાથે જ વિહાર કર્યો છે. કામી કવિઓએ જ ગોપી-કૃષ્ણનો જાર રસ ગયો છે. ભાગવતમાં વ્યાસ મુનિએ ૩૩૨ અધ્યાય રચેલા, તેમાં કાયસ્થે ત્રણ અધ્યાય ઉમેરી ૩૩૫ કર્યા છે. બંગ દેશના વૃદ્ધ રાજાની રૂપાળી પત્નીએ કાયસ્થ મંત્રી સાથે વ્યભિચાર કરેલો. આથી એની નિંદા થઈ. ત્યારે એ કાયસ્થે રાસલીલાના ત્રણ અધ્યાય રચી એને ભાગવતમાં ઉમેરી રાસલીલાનો સર્વત્ર પ્રસાર કર્યો. પુરાણોમાં તો ઈશ્વર-પાર્વતી તથા લક્ષ્મી-નારાયણની જેમ રાધા-કૃષ્ણનો જ મહિમા રહેલો છે. અમારા મિત્ર નિજાનંદ યોગીએ અમને કાયસ્થની આ વાત કહેલી.

શૂલપાણેશ્વરના વિશાળ વનમાં વસતા નિત્યાનંદ યોગી પાસે અમે ગયા. ત્યાં અંતરિક્ષથી દયાનાથ યોગી આવ્યા. તેઓ હિમાલય પર્વત પર રહેતા હતા, ત્યાંથી આકાશમાર્ગે શૂલપાણેશ્વર જોવા આવ્યા હતા. 'કેદારકલ્પ' ગ્રંથમાં ઔષધિઓની અપાર સિદ્ધિઓ લખી છે. એમાંની એક ઔષધિના રસનું ચરણમાં લેપન કરવાથી મનુષ્ય આકાશમાં ઊડી શકે છે તે ધરતી પર એક ઘડીમાં હજાર કોશનું અંતર કાપી શકે છે. અનેક અન્ય ઔષધિઓ પણ તરેહતરેહની સિદ્ધિઓ ધરાવે છે. તેમાં ગગનગમનની બુટ્ટી એ વનમાં ફરીને દેખાડી દયાનાથ ચાલ્યા ગયા. પછી નિત્યાનંદ એ ઔષધિનો ચરણમાં લેપ કરી ગગન માર્ગે હિમાલય ગયા. ત્યાં વાદળો અથડાતાં એમાંનો લેપ ધોવાઈ ગયો. તેથી તેઓ એ ઔષધિ શોધવા વનમાં ભમ્યા. ત્યાં ચંદ્રાનના નામે

* નિવૃત્ત નિયામક, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ.

અપ્સરા તેમની પાસે આવી. તે કહેવા લાગી કે તપ કરી દેહ શીદ બાળો છો ? મારી સાથે ભોગ ભોગવો. નિત્યાનંદે કહ્યું, વાનપ્રસ્થ આશ્રમમાં યોગ સાધી ગુરુની આજ્ઞા પાળું છું. મારે મન પર નારી માતા સમાન અને પરધન પથ્થર સમાન છે. આ સાંભળી એ અપ્સરા ત્યાંથી ચાલી ગઈ. પછી હું બુટ્ટીની શોધમાં ઉત્તર ભાગમાં ગયો. ત્યાં મને ગૌડપાદ આચાર્યનો મેળાપ થયો. એમણે મને જળમાં ધોવાઈ ન જાય તેવી બુટ્ટી આપી. શિવ-દર્શન માટે કૈલાસ જતાં અનેક વિઘ્ના નડ્યાં, પણ મહામંત્રના જાપથી અંતરાય દૂર થયો. કૈલાસ પર શંકરનાં દર્શન થયાં. એમણે આશીર્વાદ આપ્યા ને મને રેવાતીરે શૂલપાણી જવા આજ્ઞા કરી. આથી હું આ સ્થાનકે આવ્યો છું. છોટમ કહે, અગાઉ ચાર વર્ણ અને ચાર આશ્રમનો ધર્મ પ્રવર્તતો તે હાલ મંદ પડ્યો છે. એવું ક્યારથી થયું ને એ ક્યારે મટશે ? ગુરુ કહે, પહેલાં દાનવો પ્રબળ થયા ત્યારે પ્રભુએ ચાર્વાક મત પ્રસાર્યો ને દાનવો નષ્ટ થયા. બૌદ્ધોનું પાખંડ કુમારિલ ભટ્ટે, કાપાલિકોનું શંકરાચાર્યે અને જૈનોનું દેવબોધિએ ટાળ્યું. નંદરાજાનું પાખંડ ચાણક્યે નિવાર્યું. વિક્રમ સં. ૧૨૦૦માં મુસલમાન આવ્યા ને તેઓએ ૧૫૦૦ સુધી રાજ્ય કર્યું. ત્યારે વેદધર્મ તથા બ્રાહ્મણ વર્ણનો મહિમા લુપ્ત થયો. મને હિમાલયમાં ગૌડપાદ આચાર્યનાં દર્શન થયાં, ત્યારે મેં એમને આ જ પ્રશ્ન પૂછેલો. તેઓએ કહ્યું, અવંતિમાં ગાંધર્વસેન રાજા હતો તે નિર્ગ્રંથોથી પ્રભાવિત થયો, ત્યારે ચારુમતિ નામે ગણિકાએ એ રાજાને મળી સાવધ કર્યો. ત્યાં શીલહટ દેશનો રાજકુમાર વીરસેન આવી પહોંચ્યો. એ કહે, હું નિર્ગ્રંથોના પ્રભાવની નીચે આવી ગયો હતો, પરંતુ એક દિવસ તેઓ છાનામાના મારી પોટલી છોડી તેમાં મેં લખેલાં તેઓનાં કુકર્મ વાંચી મારા પર કુપિત થયા ને મને મારી નાખવા સજ્જ થયા. ત્યારે મારી ચોપડી પડાવી લઈ હું છાનોમાનો અહીં તમારે શરણે આવ્યો છું. પછી મેં મારી પોથી રાજા ગાંધર્વસેનને આપી. એ વાંચી રાજા કુપિત થયો ને એ પાખંડીઓને સૈન્ય દ્વારા અવંતીમાં લાવી કેદ કર્યા. બ્રહ્મદેશનો રાજા પણ નિર્ગ્રંથીઓના પ્રભાવ નીચે હતો. રાજા ગાંધર્વસેન ફરી શીલહટ દેશ ગયો ને વીરસેનના પિતાને આ વાત જણાવી. વીરસેને આપની સઘળી વાત કહી. વીરસેનની વાત સાંભળી એનો પિતા અવંતિના રાજાને પ્રેમપૂર્વક મળ્યો. બ્રહ્મદેશનો રાજા ત્યાંથી પલાયન કરી ગયો. શીલહટનો રાજા પણ વીરસેનને લઈ પોતાને દેશ પાછો ફર્યો. રાજાએ નિર્ગ્રંથોને દેશપાર કર્યા.

અમે શૂલપાણીના સીતાકુંડ પાસે બેસી પુણ્ય વૃક્ષની વાત કરતા હતા ત્યાં આકાશમાર્ગે ગોરખનાથ આવી ચડ્યા. ગોરખનાથ કહે, પ્રભુની આજ્ઞાથી હું ધર્મોપદેશ દેવા પાછો પૃથ્વી પર આવ્યો છું.

પુરુષોત્તમ કહે, તમે જૂના જોગેશ્વર છો, તો અગાઉ જગતની સ્થિતિ કેવી હતી તે અમને કહો. ગોરખનાથ કહે, જ્યારે ક્ષત્રિયો પરદેશ ગયા ત્યારે તેઓની સાથે બ્રાહ્મણો ન હોવાથી તેઓમાં પાખંડધર્મ પ્રવર્ત્યો. વશિષ્ઠ મુનિએ આથી યજ્ઞકુંડમાં પરમારને પ્રકટ કર્યો. તેના વંશમાં વિક્રમ નામે રાજા થયો. તેના પિતા ગાંધર્વસેનનો યવનોએ ઘાત કરી અવંતીનું રાજ્ય પડાવી લીધું. ચાર વર્ષ પછી વિક્રમ સિદ્ધ થતાં યવનો ભય પામી સ્વદેશ ચાલ્યા ગયા. રાજા વિક્રમે ભરતખંડમાં બધાં રાજ્ય જીતી લીધાં. પછી ચાર લાખનું નૌકા સૈન્ય સજ્જ કરી તેમાં દારૂગોળા ભરી રોમ નગરી પર ચડાઈ કરી ને ત્યાંનું ધન ઉજ્જન લાવ્યા. એ ધનમાંથી અનેક પરમાર્થ કાર્ય કર્યાં. એ મહાપરાક્રમી રાજવી 'પરદુઃખ ભંજન'' બિરુદ પામ્યો. એના નામે વિક્રમ સંવત પ્રવર્ત્યો. એના રાજ્યમાં સહુ વર્ણાશ્રમ ધર્મ પાળવા લાગ્યા. એના રાજ્યમાં સહુ સુખી થયા ને ઘેર ઘેર લક્ષ્મી તથા સરસ્વતી વાસ કરવા લાગી. પછી હું કૈલાસ ગયો. વિ.સં. ૧૨૦૦ માં સમાધિ તજી મેં જોયું કે ભરતખંડમાં સમય ફરી ગયો છે ને વર્ણાશ્રમ ધર્મ લુપ્ત થયો છે. ક્ષત્રિયો યુદ્ધમાં ખપી ગયા ને યવનો પ્રજાને લૂંટવા લાગ્યા. દેવાલયોનો નાશ કરાયો. એ જોઈ મને ક્રોધ થયો, પણ ક્રોધથી યોગનો મહિમા લુપ્ત થાય. આથી હું પાછો-હિમાલય જઈ યોગારૂઢ થયો.

પછી સંવત ૧૫૦૦ હું અહીં આવ્યો ત્યારે મેં લોકો વેદમાર્ગથી ભ્રષ્ટ થયેલા દીઠા. કોઈ શૈવ કહેવાયા

ને કોઈ વૈષ્ણવ. વેદનો મર્મ જાણે નહિ ને યોગ તથા જ્ઞાન ચૂકી જઈ ઘણા જણ ધન તથા નારીની ઝંખના કરતા ને નવા પંથ કાઢતા.

પુરુષોત્તમ કહે, તમે ગોરખનાથ ધન્ય છો. પુરાણોમાં તમારો મહિમા લખ્યો છે. પણ મારા મનમાં એક સંદેહ છે. કબીરના ગ્રંથમાં લખ્યું છે કે તેમણે ગોરખને જીતેલા.

ગોરખનાથ કહે, એ બીજા ગોરખ છે. એ કબીરની મશ્કરી કરતો. તેણે કબીર સાથે વાદ કર્યો ને એનો મદ ઊતર્યો. જ્ઞાની કબીર આગળ એની શી મતિ ? બીજા કબીરે મ્લેચ્છોને સાધુ કર્યા અને વેદ વિપ્ર તથા વિષ્ણુની નિંદા કરી બીજ પંથના કબીરીઆઓનું જ્ઞાન આટે વાટે ગયું.

ગોરખનાથની આ વાત સાંભળી મેં એમની પૂજા કરી. ગોરખનાથ મને કહે, તમે સાચા છો. નામ રૂપનો ત્યાગ કરી લક્ષ્ય ભાગનો ઉપદેશ દેશો. એવું કહીને ગોરખનાથ જતા રહ્યા ને અમે અમારા સ્થાનકે રહ્યા.

છોટમ, મને તારા પર વહાલ આવ્યું. તને જે મેં બ્રહ્મ લક્ષ્ય કહ્યું છે તેનું એકાંતમાં રહી ધ્યાન ધરજો. હવે મનમાં કોઈ શંકા હોય તો સુખેથી પૂછી લ્યો.

પછી મેં એક પ્રશ્ન પૂછ્યો. મને 'સોહં' શબ્દનો મર્મ સમજાવો. ગુરુ કહે, ઈશ્વરનો સૂક્ષ્મ દેહ 'હિરણ્યગર્ભ' કહેવાય છે. એની જાણ 'સોહં' છે. દેહની અંદર રહેલો જીવ 'સોહં' છે. અજ્ઞાનને 'માયા' કહે છે. તેને તજી જીવ શિવ એક થાય ત્યારે ભવ-પાશ છૂટે છે.

પછી આચાર્યે મને અસંપ્રજ્ઞાત સમાધિની સઘળી રીતિ કહી ને છેવટે કહ્યું, મેં જે જ્ઞાન કહ્યું તેનો રોજ વિચાર કરજો. એકાંતમાં આસન કરી મનને એકાગ્ર કરશો.

***છોટમ તુજમાં સત્ત્વગુણ, જાણી આપ્યું જ્ઞાન;***
***એકાંતે એક ચિત્તથી, ધરજો તેનું ધ્યાન.***
***અનુભવ ઉરમાં વાધશો, રચજો રૂડા ગ્રંથ;***
***તેમાં ખંડી નાખજો, પાખંડીના પંથ.***

શ્રી પુરુષોત્તમ સિદ્ધયોગીનો સત્સંગ કરી છોટાલાલ મલાતજ પાછા ફર્યા. ને એ ગુરુએ આપેલી શીખ અનુસાર સરકારી નોકરી છોડી દઈ ને કુટુંબના નિર્વાહની જવાબદારી પુખ્ત વયના થયેલા ભાઈઓને સોંપી યોગસાધના કરવા લાગ્યા. તેમજ નાનાં બોધપ્રદ પદો તથા મોટાં જ્ઞાનકાવ્યો તેમજ આખ્યાનો રચી ભાવિક જનોમાં પાખંડી પંથો તજી વેદ-વેદાંતના ધર્મનું પ્રતિપાદન કરે તેવા ધાર્મિક સંસ્કારોની અભિવૃદ્ધિ કરે તેવો ભક્તિ, જ્ઞાન અને યોગની આરાધનાનો બોધ આપવા લાગ્યા. મહાત્મા છોટમ અનેક ભાવિક જનોના ઉપદેશક બન્યા. તેઓ પોતાની કાવ્યકૃતિઓમાં પોતાને માટે 'છોટમ' એવું સંક્ષિપ્ત નામ પ્રયોજતા. સંત કવિ છોટમની વાણી ચરોતરમાં તેમજ સમસ્ત ગુજરાતમાં પ્રસરી, કવિ છોટમનો કાવ્યકાલ વિ.સં. ૧૯૦૪ ના અરસામાં શરૂ થઈ, સં. ૧૯૧૭ થી ૧૯૩૩ સુધી પૂર બહારે ખીલી, છેલ્લાં થોડાં વર્ષોમાં મંદ પડી, સં. ૧૯૪૧માં કવિના જીવનકાલ સાથે લય પામ્યો.

# ઉપાધ્યાયસર્વસ્વકાર : એક અપ્રસિદ્ધ વૈયાકરણ

◈

નીલાંજના શાહ

ઉપાધ્યાયસર્વસ્વ અથવા 'સર્વસ્વ' નામની જે કૃતિમાંના મતોનો ઉલ્લેખ અમરકોશ પરની બે ટીકાઓ તથા ઉણાદિસૂત્રો પરની એક ટીકામાં મળે છે, તેના કર્તા વિશે કંઈ જ માહિતી મળતી નથી. યુધિષ્ઠિર મીમાંસકનો મત એ છે કે સર્વધર ઉપાધ્યાય નામના વૈયાકરણે ઉણાદિસૂત્રો પર 'ઉપાધ્યાયસર્વસ્વ' નામની વ્યાખ્યા રચી હતી, જે વ્યાખ્યા હાલ ઉપલબ્ધ થતી નથી.[1]

આ ટીકાકારના મતનો ઉલ્લેખ સર્વ પ્રથમ 'અમરકોશ' (અ.કો.) પરની સર્વાનંદની ટીકા 'ટીકાસર્વસ્વ' (ઈ.સ., ૧૧૫૯)માં મળે છે. તે પરથી આશરે કહી શકાય કે તેઓ ઈ.સ.ની બારમી સદી પહેલાં થઈ ગયા છે.' અમરકોશ' પરની રાયમુકુટકૃત 'પદચન્દ્રિકા ટીકા' (ઈ.સ. ૧૪૩૧) માં તેમજ ઉજ્જવલદત્તકૃત પંચપાદી ઉણાદિસૂત્રો પરની 'ઉણાદિસૂત્રવૃત્તિ'(આશરે ઈ.સ.ની પંદરમી સદી)માં પણ તેમના મત મળી આવે છે. 'ટીકાસર્વસ્વ' તેમજ 'પદચન્દ્રિકા' ટીકામાં, આ ટીકામાંના મત 'ઉપાધ્યાયસર્વસ્વ' નામે મળે છે, જ્યારે 'ઉણાદિસૂત્રવૃત્તિ'માં મોટાભાગના મત 'સર્વસ્વ'ના નામે મળે છે. ઉજ્જવલદત્તે પોતાની વૃત્તિના પ્રારંભમાં કેટલાક પૂર્વવર્તી વૈયાકરણોનાં તથા વ્યાકરણશાસ્ત્રના પ્રસિદ્ધ ગ્રંથોનાં નામ આપી, તેમનો ઋણસ્વીકાર કર્યો છે, તેમાં ઉપાધ્યાયના 'સર્વસ્વ'નો પણ ઉલ્લેખ કર્યો છે, તે પરથી પણ લાગે છે કે ઉપાધ્યાય નામના વૈયાકરણે રચેલી અને તેથી 'ઉપાધ્યાયસર્વસ્વ' તરીકે જાણીતી થયેલી આ ટીકા વ્યાકરણશાસ્ત્રમાં પ્રમાણભૂત ગણાતી હશે :

**वृत्तिं न्यासमनुन्यासं रक्षितं भागवृत्तिकाम्**
**भाष्यं धातुप्रदीपञ्च तट्टीकां वर्णदेशनाम् ।**
**उपाध्यायस्य सर्वस्वं सुभूतिं सोमनन्दिनम्**
**कलिङ्गहट्टचन्द्रादीन् समीक्ष्यैषा कृतिर्मम ॥** ('ઉણાદિસૂત્રવૃત્તિ', પૃ. ૧, શ્લોક ૨-૩)

સર્વાનંદની 'ટીકાસર્વસ્વ'માં 'અ.કો.'ના બે શબ્દોના સંદર્ભમાં તેમના બે મત અને રાયમુકુટની 'પદચન્દ્રિકા' ટીકામાં, 'અ.કો.'ના પાંચ શબ્દોના સંદર્ભમાં પાંચ મત મળે છે, જ્યારે 'ઉણાદિસૂત્રવૃત્તિ'માં ૨૬ સૂત્રોના સંદર્ભમાં તેમના ૨૭ મત મળે છે. આમ તેમના કુલ ૩૪ મતને ઉપર્યુક્ત ટીકાઓના કાલક્રમાનુસાર આ લેખમાં દર્શાવ્યા છે.

**ટીકાસર્વસ્વમાં મળતા ઉપા.સર્વસ્વકારના મત :**

૧. **सुषवी च (અ.કો.૨.૪.૧૫૫)**

कारवेल्लत्रयं करवेल इति ख्याते । सुशवीति । शव गतौ । तालव्यादिः अच् । एतच्चोपाध्यायसर्वस्वे दामोदरेण उक्तम् । (ભા.૨, પૃ. ૧૯૭) 'ઉપાધ્યાયસર્વસ્વમાં સર્વાનંદે નોંધ્યા પ્રમાણે કોઈ દામોદરે 'સુશવી' એમ મધ્યમાં તાલવ્યવર્ણ(श)વાળો પાઠ કર્યો છે, કારણ કે એમણે सुशवी શબ્દને शव ધાતુ પરથી નિષ્પન્ન કર્યો છે. 'અ.કો.'ના આ સૂત્ર પરની 'અમરપદવિવૃત્તિ' (વો.૧, પૃ. ૩૧૦), આ શબ્દને सुष्ठु सूयते फलानीति कारवेल्लनामानि । એમ સમજાવી, તેને षु प्रसवैश्वर्ययोः- એ અદાદિ ધાતુ પરથી નિષ્પન્ન કર્યો છે. જ્યારે 'મા.ધા.વૃ.' (પૃ.૩૪૭)માં षु ધાતુ પરના ધાતુસૂત્રમાં 'सुषवी प्रसवशीला' એમ કહ્યું છે,

---

૧. संस्कृत व्याकरणशास्त्र का इतिहास, भा. २, पृ. २६०

ત્યાં તેનો અર્થ આપ્યો નથી.

'અ.કો.' ના આ શ્લોક (૨.૪.૧૫૫)માં આવતા **सुषवी** શબ્દનો અર્થ 'કારેલીનો વેલો' થાય છે, જ્યારે 'અ.કો.' ના શ્લોક (૨.૯.૩૭)માં આવતા **सुषवी** શબ્દનો અર્થ 'કાળુ જીરું' થાય છે. 'અ.કો.' પરની મોટાભાગની ટીકાઓમાં '**सुषवी**' એમ મળે છે, જ્યારે ઉપા. સર્વ. કારે **सुशवी** એમ શબ્દ આપ્યો છે જે નોંધવું ઘટે.

૨. **सूर्मी स्थूणायः प्रतिमा...। (અ.કો., ૨.૧૦.૩૫)**

चुल्लीति महान्यास इति उपाध्यायसर्वस्वम् । (ભા.૩, પૃ. ૨૭૭), સર્વાનંદે આ શ્લોકમાંના **सूर्मी** શબ્દનો અર્થ '**चुल्ली**' એટલે કે ચૂલો આપ્યો છે,જ્યારે 'અ.કો.'ના લગભગ બધા જ ટીકાકારો તેનો અર્થ લોખંડની પોલી પ્રતિમા' કરે છે. તેમણે જે મહાન્યાસ'ના આધારે આ મત દર્શાવ્યો તે કયો ગ્રંથ હશે એ ખ્યાલ આવતો નથી. 'પાતંજલ મહાભાષ્ય'ના શાસ્ત્રપ્રયોજનાધિકરણમાં (પૃ.૩૮) सूर्म्यं सुषिरामिव। (ઋગ્વેદ, ૮.૬૯.૧૨) એ ઋચા ટાંકી છે, તેમાંના '**सूर्म्यं**' શબ્દનો અર્થ ટીકાકાર ઉદ્યોતકારે 'લોખંડની પ્રતિમા' એમજ આપ્યો છે, તેથી ઉપા. સર્વ.નો 'ચૂલો' એ અર્થ બતાવતો મત નોંધપાત્ર જણાય છે.

**'પદચંદ્રિકા' ટીકામાં મળતા ઉપાધ્યાયસર્વસ્વકારના મત**

૩. **शंभुरीशः शर्वईशान...चन्द्रशेखरः ॥ ( અ.કો., ૧-૧-૩૦)**

सर्वो दन्त्यादिरपीत्युपाध्यायसर्वस्वम् । अत एव सर्वस्तु शर्वो भगवान्शम्भुः कालञ्जरः शिवः इति नामनिधानम् । (પદ.ચં., પૃ. ૪૫) રાયમુકુટે નોંધ્યા પ્રમાણે ઉપા. સર્વ.કાર માને છે કે **शर्वः** ની જેમ **सर्वः** શબ્દ પણ શંકરનો અર્થ દર્શાવે છે, અને પોતાના એ મતના સમર્થનમાં ઉપર્યુક્ત પંક્તિ ટાંકી છે. 'અ.કો.' પરની વ્યાખ્યાસુધા' ટીકામાં પણ सर्वः अपि । એ મત દર્શાવીને એ જ પંક્તિ ટાંકી છેઃ सर्वस्तु शर्वो....शिवः इति नामनिधानात् । આ ઉપરથી પણ ખ્યાલ આવે છે કે 'નામનિધાન' નામની કૃતિમાં શિવનું **शर्वः**ની સાથે **सर्वः** નામ પણ આપ્યું છે.

૪. **अभ्रं मेघो...स्तयित्नुर्बलाहकः । ( અ.કો., ૧.૩.૬)**

अभ्रति गच्छतीति अभ्रम् इत्युपाध्यायसर्वस्वादिः, अत एव माघे 'समया वनौघनमदभ्रमराणि' इति यमकितम् । (પદ.ચં., પૃ. ૯૯). ઉપા. સર્વ. કાર अभ्रम् શબ્દને अभ्र वभ्र... गत्यर्थाः । ( મા.ધા.વૃ., પૃ. ૧૫૧) એ ધાતુ પરથી વ્યુત્પન્ન કરે છે એમ નોંધીને, તેના સમર્થનમાં રાયમુકુટ, શિશુપાલવધનો યમક નિરૂપતો નીચેના શ્લોકનો અંશ આપે છે :

**कुटजानि...समयावनौ घनमदभ्रमराणि ।**
**गगनं च...समया वनौघनमदभ्रमराणि ।** (६.७३)

આ શ્લોકની બીજી પંક્તિમાંના યમકને મલ્લિનાથ આમ સમજાવે છે : वनौघेन पयः पूरेण नमन्त्यभ्राणि मेघा यस्मिन् तद् वनौघनमदभ्रम् । આનો અર્થ એ છે કે જળરાશિથી નમતાં વાદળોવાળું આકાશ જોઈ મોર ટહુકવા લાગ્યા.अराणि-ટહુકવા લાગ્યા. અહીં વાદળની સાથે ગતિનો ભાવ સૂચવાય છે કે પાણીના ભારથી વાદળો નમે છે, માટે માઘના આ યમકથી ઉપા. સર્વ. કારના મતને સમર્થન મળે છે.

૫. दाक्षायण्योऽश्विनीत्यादि ताराः.... (અ.કો.૧.૩.૨૧)

दाक्षायणी इति पारायणम् । उपाध्यायसर्वस्वेऽपि तदेव उद्धृतम् । (પદ. ચં. પૃ. ૧૧૬). રાયમુકુટ નોંધે છે કે 'પારાયણ'માં 'દાક્ષાયણી' મળે છે અને ઉપા. સર્વ.માં પણ તેમજ આપ્યું છે.

' दाक्षायण्यः'નો અર્થ દક્ષ પ્રજાપતિનાં ઉત્પન્ન કરેલાં અશ્વિની વગેરે ૨૭ નક્ષત્રો કહેવાય છે. વ્યા. સુધા. ટીકામાં (પૃ. ૩૮) 'દક્ષનાં અપત્યો' એવો અર્થ આપ્યો છે, અને 'દાક્ષાયણી'નો અર્થ 'અપર્ણા' અને એવો 'અશ્વિની વગેરે નક્ષત્રો' આપ્યો છે.

'અ.કો.'ની હાલ ઉપલબ્ધ મોટાભાગની આવૃત્તિઓમાં 'दाक्षायण्यः' શબ્દ મળે છે. રાયમુકુટે દર્શાવ્યું છે કે સર્વાનન્દ આ શબ્દને આમ સમજાવે છે : **दक्षस्य प्रजापतेरपत्यानि दाक्षायण्यः, गोत्रत्वमुपचर्यः गोत्रे कुञ्जादिभ्य.** ।(૪.૧.૯૮) इति चफञि...इति ङीष् इत्याह । આ શબ્દને વ્યુત્પન્ન કરવાની કેટલીક પ્રક્રિયાઓ દર્શાવીને, ભાનુજી દીક્ષિતે વ્યા. સુધા. (પૃ. ૩૮)માં કારણો આપી દર્શાવ્યું છે કે એમાંની એક પણ પ્રક્રિયા વ્યાકરણદૃષ્ટિએ પૂરેપૂરી સાધુ નથી.

નોંધવું ઘટે કે 'અ.કો.' પરની લિંગ્યસૂરિની 'અમરપદવિવૃત્તિ' માં (પૃ. ૨૭) તેમજ મલ્લિનાથની 'અમરપદપારિજાત ટીકા' (પૃ. ૨૭) માં दाक्षायण्यः પાઠ મળે છે. જ્યારે 'મેદિની કોશ' (પૃ. ૫૨) તથા 'વૈજયન્તી કોશ' (પૃ. ૨૦૮) માં दाक्षायणी પાઠ મળે છે, જે ઉપા. સર્વ. કારના મતને ટેકો આપે છે.

૬. **अस्त्री पङ्कं...वृजिनैनोघमंहो...दुष्कृतम् ॥ (અ.કો.૧.૪.૨૩)**

अम गत्यादिषु । अमेर्हुक् च । (उणादि. ૪.૨૧૨) असुन् हुगागमश्च ।...उपाध्यायसर्वस्वे तु अङ्घतेरप्यसुन् मतभेदादिति कौमुदी । (પદ. ચં., પૃ. ૧૬૧)

રાયમુકુટે ટાંકેલી ઉપા. સર્વ. કારની નોંધ 'પ્રમાણે કૌમુદીના મતે अघि गत्याक्षेपे । (મા.ધા. વૃ.પૃ. ૮૦), એ ભ્વાદિ ધાતુને असुन् લગાડીને પણ अंहः ની સિદ્ધિ થઈ શકે છે. તેનું વ.કા.નું રૂપ अङ्घति છે. સામાન્ય રીતે 'અ.કો.'ના મોટાભાગના ટીકાકારો अम गत्यादिषु । (મા.ધા.વૃ. પૃ. ૧૩૩) – એ ધાતુને ઉણાદિ સૂત્ર अमेर्हुक् च । થી असुन् લગાડીને हुक् આગળ મૂકીને આ શબ્દ 'अंहः ': વ્યુત્પન્ન કરે છે, વ્યા.સુધા. (પૃ. ૫૨)માં, આ ઉપરાંત अहि गतौ । એ ધાતુને ઉણાદિ સૂત્ર सर्वधातुभ्योऽसुन् (૪-૧૮૮) લગાડીને પણ આ શબ્દ સિદ્ધ થઈ શકે છે તેમ કહ્યું છે. अंहःનો અર્થ પાપ થાય છે, એ દૃષ્ટિએ ઉપા. સર્વ.કારનો अघि ધાતુને મૂળ ધાતુ દર્શાવતો મત વધારે બંધ બેસતો થાય, એમ લાગે છે. ઉપા. સર્વ.કાર પહેલાં થઈ ગયેલા કોઈ વૈયાકરણે 'અ.કો.' પર 'કૌમુદી' નામની ટીકા લખી હતી. એવી માહિતી આપણને 'પદ.ચં'ના આ વિધાન પરથી મળે છે.

૭. **चित्तं तु चेतो...हृन्मानसं मनः । (અ.કો.૧.૫.૩૧)**

मन एव मानसम् । प्रज्ञाद्यण् । (पा. ૫.૪.૩૮) मानसम् । मन्यत इति असुनि (उणादि. ૪.૧૮૮) मनः अर्धर्चादि. । (पा. ૨.૪.૩૧) इति उपाध्यायसर्वस्वम् ('પદ.ચં.' પૃ. ૧૭૦)

રાયમુકુટ નોંધે છે કે ઉપા. સર્વ.કારના મતે मनः શબ્દની વ્યુત્પત્તિ अर्धर्चाः पुंसि च । (पा. ૨.૪.૩૧) સૂત્રથી કરી શકાય. એ સૂત્રનો અર્થ એ થાય છે કે, अर्धर्चादि ગણના શબ્દોને નપુંસકલિંગ તથા પુલ્લિંગ પણ થાય છે. अर्धर्चादि ગણમાં આમ તો मनः શબ્દ નથી, પણ ઉપા. સર્વ. કારના મતે તે સૂત્ર આ શબ્દને લગાડવાથી તેને પુલ્લિંગ અને નપુંસકલિંગ બંને થઈ શકે છે.

રાયમુકુટે નોંધ્યા પ્રમાણે ઉપા.સર્વ.કાર सर्वधातुभ्योऽसुन् ।(ઉણાદિ, ૪,૧૮૮) સૂત્ર, દિવાદિ ગણના मन ज्ञाने ધાતુને લગાડી, मनः શબ્દને સિદ્ધ કરે છે : मन्यत इति असुनि मनः ।

**'ઉણાદિસૂત્રવૃત્તિ'માં મળતા ઉપા. સર્વસ્વકારના મત**

૮. **कृञः कतुः** । (ઉણાદિસૂત્ર ૧.૭૮)
गर्गादित्वाल्लातव्य इत्युपाध्यायसर्वस्वम् । (ઉ.સૂ.વૃ.પૃ. ૨૦)

कृञ्- એ તુદાદિગણના ધાતુને क्रतुः પ્રત્યય લાગીને क्रतुः શબ્દ બને છે. ઉજ્જવલ નોંધે છે કે બાહુલકથી ला आदाने — એ અદાદિગણના ધાતુને આ પ્રત્યય લાગતાં, लतुः શબ્દ બને છે અને પછી જણાવે છે કે ઉપા. સર્વ. કારના મતે गर्गादिभ्यो. (પા. ૪.૧.૧૦૫) સૂત્રથી लतुः ને यञ् પ્રત્યય લાગીને लातव्यः (લતુનો પુત્ર) શબ્દ બની શકે છે. એમ લાગે છે કે 'વિક્રમોર્વશીય' નાટકના ત્રીજા અંકમાં આવતા પુરુરવા રાજાના કંચુકીના 'લાતવ્ય' નામને ધ્યાનમાં રાખીને એમણે આ મત દર્શાવ્યો હશે.

૯. **वृषादिभ्यश्चित्** । (ઉણાદિસૂત્ર, ૧.૧૦૮)

चक्कलमित्युपाध्यायसर्वस्वम् । (ઉ.સૂ.વૃ.પૃ.૨૫)

આ ઉણાદિસૂત્રમાં, कलस्तृपश्च । (૧.૧૦૬) એ ઉણાદિ સૂત્રમાંથી कल ની અનુવૃત્તિ આવતાં, વૃષાદિ શબ્દોને कल પ્રત્યય લાગે છે. वृषादीनां च । (પા. ૬.૧.૨૦૨) સૂત્રમાંનો વૃષાદિગણ આકૃતિ ગણ હોવાથી वृष सेचने પરથી वृषल, शप પરથી शबलम् વગેરે શબ્દો બને તેમ ઉજ્જવલે દર્શાવ્યું છે. તે નોંધે છે કે ઉપા.સર્વ.કારના મતે આ રીતે આ સૂત્રથી चक्कलम् શબ્દ સાધી શકાય. તેમણે શબ્દનો મૂળ ધાતુ કે અર્થ દર્શાવ્યો નથી. મૈત્રેયના 'ધાતુપ્રદીપ' (પૃ. ૧૪૨)માં चक्कव्यथने એ ચુરાદિ ધાતુ પરથી બનેલ चक्कनम् શબ્દ મળે છે. તો 'ક્ષીરતરંગિણી' (પૃ. ૨૯૭)માં આ ધાતુ પરથી બનેલ चक्कलकम् શબ્દ મળે છે, જેનો અર્થ મોનિયર વિલીયમ્સ સંસ્કૃત-અંગ્રેજી કોશ (પૃ. ૩૮૦) માં 'ચાર શ્લોકોનો સમૂહ' આપ્યો છે. અને चक्कलम् નો અર્થ 'ગોળ' (round) આપ્યો છે. ઉપા.સર્વ.કારને આ શબ્દનો કયો અર્થ અભિપ્રેત હશે તે ખ્યાલ આવતો નથી. 'વ્યથા કરનાર' એ અર્થ કદાચ અભિપ્રેત હોઈ શકે ?

૧૦. **ञमन्तात् डः** । (ઉણાદિસૂત્ર, ૧.૧૧૩)

मन ज्ञाने । **मण्डोऽस्त्री सर्वरसाग्र इति सर्वस्वम्** । (ઉ.સૂ. વૃ. પૃ. ૨૭). પ્રસ્તુત ઉણાદિ સૂત્રથી **मनज्ञाने**। એ દિવાદિધાતુને કે જે ञमन्त છે, તેને डः પ્રત્યય લાગી मण्डः શબ્દ બને છે.

ઉપા. સર્વ. કારે मण्डમાં શબ્દ પુલ્લિંગ છે એમ કહી, સર્વરસમાં અગ્ર છે એમ એનો અર્થ પણ જણાવ્યો છે. 'અ.કો' (૨.૯.૪૯) मण्डम् નપુંસકલિંગમાં મળે છે અને એનો અર્થ ' ચોખાનું બનાવેલ માંડુ' એમ ત્યાં આપ્યો છે. ઉપા.સર્વ.કારના મતને સમર્થન મળે તેવો અભિપ્રાય 'અ.કો.' પરની મલ્લિનાથની ટીકા 'અમરપદપારિજાત' (વો.૧, પૃ. ૫૮૪) માં મળે છે : सर्वेषामन्नादीनामग्ररसो मण्डः स्यात् । मण्डः એટલે દૂધ, ઘી, દૂધપાક, ભાત વગેરેની ઉપરની મલાઈ, તર' એવો અર્થ આપ્યો છે.

૧૧. **गण् शकुनौ** । (ઉણાદિસૂત્ર, ૧.૧૨૬)

शार्ङ्गः पक्षी । कैश्चित् पुनरगण्णिपात्यकारपूर्वो गकार इत्यादावकारो विधीयते । तेन शारङ्ग इत्यपि साधुरिति सर्वस्वम् । (ઉ.સૂ. વૃ. પૃ. ૩૧)

જ્યારે 'પક્ષી' અર્થ વાચ્ય હોય ત્યારે शृ हिंसायाम् । એ ક્રયાદિ ધાતુને गण्शकुनौ । એ ઉણાદિ સૂત્રથી गन् પ્રત્યય લાગતાં નુડાગામ થઈ शार्ङ्गः શબ્દ સિદ્ધ થાય છે. ઉપા.સર્વ.કાર નોંધે છે કે કેટલાક વૈયાકરણો गकार पूर्वे વચ્ચે अकार મૂકીને शारङ्गः શબ્દ સિદ્ધ કરે છે, તો તે પણ સાધુ છે.

'અ.કો.' (૨.૫.૧૭) માં, शारङ्गः શબ્દ 'ચાતક' અર્થમાં મળે છે. 'અ.કો.' પરની વ્યા.સુધા ટીકા તેને शारयति, शार्यते वातपादिना । शृ हिंसायाम् । ण्यन्तः । એ રીતે સમજાવે છે. આ ટીકામાં નોંધ્યા પ્રમાણે રભસના કોશ અને 'મેદિની કોશ'માં દન્ત્યાદિ ' सारङ्गः' શબ્દ મળે છે.

૧૨. **अशूपूषिलटिक्वणि...क्वन्** । (ઉણાદિસૂત્ર ૧.૧૫૧ )

बहुलवचनादित्वम् । किण्वमितिसर्वस्वम् । किण्वं पापे सुराबीजे । तान्तः १६ इति विश्वम् । (ઉ.સૂ.વૃ.પૃ.૩૬)

આ સૂત્રમાં ઉણાદિ સૂત્રો આપતાં કેટલાંક પુસ્તકોમાં क्वणि ને બદલે कणि એમ પાઠ મળે છે. कण निमीलने । એ ચુરાદિ ગણના ધાતુને આ સૂત્રથી क्वन् પ્રત્યય લાગતાં कण्वम् શબ્દ બને છે. તેનો અર્થ પાપ થાય છે. અને कण्वःનો અર્થ 'કણ્વમુનિ' થાય છે, એમ મેદિનીકોશમાં મળે છે. ઉજ્જવલે નોંધ્યા પ્રમાણે, ઉપા.સર્વ.કાર કહે છે કે બાહુલકથી આ कण्वम् શબ્દને इत्व થઈ किण्वम् શબ્દ બને છે. તેના બે અર્થ-પાપ અને 'સુરાબીજ' થાય છે. ''અ-કો.' (૨.૧૦.૪૧)માં મળતા આ શબ્દ પરની સર્વાનંદની ટીકામાં પણ આ બે અર્થ દર્શાવ્યા છે.

૧૩. **सर्वनिघृष्वरिष्व...अतन्त्रे** । (ઉણાદિસૂત્ર ૧.૧૫૩)

सर्वस्वे तु सर्वतेः सर्वशब्दो व्युत्पादितः । (ઉ.સૂ.વૃ.પૃ.૩૭)

ઉપર્યુક્ત સૂત્રનો અર્થ એ છે કે સર્વ વગેરે वन् પ્રત્યયાન્ત શબ્દોનું અકર્તરિ અર્થમાં નિપાતન કરવામાં આવે છે.

ઉજ્જવલ सृ गतौ એ ભ્વાદિ ધાતુ પરથી તેની વ્યુત્પત્તિ દર્શાવે છે. 'સિ.કૌ.' પરની બાલમનોરમા ટીકા' (પૃ. ૫૪૭) માં પણ એમજ કહ્યું છે કે सृ ધાતુને 'वन् प्रत्यये गुणे च सर्वमिति रूपम् ।, જ્યારે ઉપા.સર્વ.કાર षर्व गतौ । એ ભ્વાદિ ધાતુ પરથી આ सर्वम् શબ્દને સિદ્ધ કરે છે.નોંધવું ઘટે કે આ सर्वम् શબ્દ 'અ.કો.' (૩.૧.૬૪) માં મળે છે. અને તેના મૂળ ધાતુ વિશે 'અ.કો.'ના ટીકાકારોમાં વિવિધ મત પ્રવર્તે છે. ઉજ્જવલ, 'અમરકોશવિવરણ'ના કર્તા અપ્પયાર્ય (વો. ૨, પૃ.૯૦) અને વ્યા.સુધા ટીકાના કર્તા ભાનુજી દીક્ષિત વગેરે (પૃ. ૩૭૧) ભ્વાદિગણના सृ ધાતુને મૂળ ધાતુ ગણે છે, જ્યારે વ્યા.સુધા ટીકામાં નોંધ્યા પ્રમાણે મુકુટ, જુહોત્યાદિ सृ (सर्ति)ને અને ઉપા.સર્વ.કાર षर्व(सर्व)गतौ ને મૂળ ધાતુ માને છે.

૧૪. **शुसिचिमीनां दीर्घश्च** । (ઉણાદિસૂત્ર ૨.૨૫)
केचित् 'कुमुदाकरा इव असोढसूरभासः' इति सुबन्धुश्लेषात्
दन्त्यादिरपि वीरवाचकः सूरः इति सर्वस्वे व्याख्यातम् ॥ (ઉ.સૂ.વૃ. પૃ. ૪૬)

ઉપર્યુક્ત ઉણાદિસૂત્રનો અર્થ એ છે કે शु,सि,चि વગેરે ધાતુઓને क्रन् પ્રત્યય લાગતાં, તે ધાતુઓ દીર્ઘ થાય છે, જેમકે शूरः (વીરપુરુષ). ઉજ્જવલ જણાવે છે કે शुः गतौ એ સૌત્ર ધાતુ છે, કારણ કે ધાતુપાઠમાં તેનો પાઠ નથી. તે નોંધે છે કે સુબંધુકૃત 'વાસવદત્તા' નામના ગદ્યકાવ્ય (પેરા નં. ૨૦)માં એક શ્લેષયુક્ત પંક્તિ મળે છે. कुमुदाकरा इव असोढसूरभासः- કુમુદોના સમૂહની જેમ જે સૂર્યનું (શૂરવીરોનું) તે જ સહન કરી શકતા નથી તેવા. અહીં शूरः ના અર્થમાં પ્રયોજાયેલા सूरः શબ્દને પ્રમાણભૂત ગણી, તેને પણ 'શૂરવીર' અર્થમાં માન્ય કરવો જોઈએ, એમ ઉપા.સર્વ.કાર માને છે.

૧૫. **समिकसेरूकन्** । (ઉણાદિસૂત્ર, ૨.૨૯)

सम्यक्कसंति पलायन्ते जनाऽस्मादिति संकसुको दुर्जन इत्युपाध्यायसर्वस्वम् । (ઉ.સૂ.વૃ. પૃ.૪૭)

આ સૂત્રનો અર્થ એ છે કે सम् ઉપપદ હોય ત્યારે, कस गतौ એ ભ્વાદિગણના ધાતુને उकन् પ્રત્યય લાગતાં संकसुकः શબ્દ બને છે. ઉજ્જવલ भीमादयोऽपादाने ।(પા.૩.૪.૭૪) સૂત્રમાંના ભીમાદિગણમાં તેનો સમાવેશ કરે છે. ઉજ્જવલ નોંધે છે કે सम्यक्कसंति पलायन्ते जनाऽस्माद् इति संकसुकः એમ સમજાવી, લોકો જેનાથી દૂર રહે તે 'દુર્જન' એમ આ શબ્દનો અર્થ ઉપા.સર્વ.કાર કરે છે.

'સિ.કૌ.' (વો. ૪, પૃ.૫૫૫)માં આ શબ્દના 'અસ્થિર' અને 'દુર્જન' બે અર્થ આપ્યા છે. 'અ.કો.' (૩.૧.૪૩) માં संकसुकोऽस्थिरे । એમ આપ્યું છે. ઉજ્જવલ પોતે 'संशयमापन्नः' એમ અર્થ આપે છે.

તો 'અ.કો.' ના આ શ્લોક પરની સર્વાનંદની ટીકામાં 'असंदेहविषये यः संदेहकृत्' (શંકાશીલ) એમ અર્થ આપ્યો છે. ઉપા.સર્વ.કારના મતે આ શબ્દનો અર્થ 'दुर्जन' થાય છે, તેમને સિ.કૌ. કારનું સમર્થન મળી રહે છે.

૧૬. **भूसूधूभ्रस्जिभ्यश्छंदसि** । (ઉણાદિસૂત્ર ૨.૮૦)

शशिना च निशा निशया च शशी ।
शशिना निशया च यथा गगनम् ।
भवता च सभा सभया च भवान् ।
भवता सभया च तथा भुवनम् ॥ इति सर्वस्वम् । (ઉ.સૂ.વૃ.પૃ.૫૭)

ઉપર્યુક્ત ઉણાદિસૂત્રથી भू, सू વગેરે ધાતુઓને છંદમાં क्युन् પ્રત્યય લાગીને भुवनम् सुवनः, વગેરે શબ્દો બને છે. આ સૂત્ર પહેલાનાં बहुलमन्यत्रापि । (૨.૭૮) સૂત્રમાંથી बहुलम् ની અનુવૃત્તિ આ સૂત્રમાં આવે છે.

ઉજ્જવલ નોંધે છે કે बहुलम् એ વચનથી, ભાષામાં પણ भुवनम् વગેરે શબ્દો પ્રયોજાય છે. તે બાબતના સમર્થનમાં ઉપા.સર્વ.કારે ઉપર્યુક્ત સુભાષિત ટાંક્યું છે, જેમા भुवनम् શબ્દ આવે છે.

અ.કો. (૨.૧.૬)માં भुवनम् શબ્દનો અર્થ 'લોક' આપ્યો છે અને તે અર્થમાં જ તે ભાષામાં પ્રયોજાય છે. ઉપા.સર્વસ્વકાર પોતાના મતના સમર્થનમાં પ્રસિદ્ધ સંસ્કૃત સુભાષિતોને ટાંકે છે એ બાબત નોંધવી ઘટે.

૧૭. **अर्चिशुचि...छदिभ्यः इसिः** । (ઉણાદિસૂત્ર ૨.૧૦૯)
वारुणीमद...मथाविश्चक्षुषोऽभवदसाविव रागः । (शिशुपालवध, १०.१९)
उपसर्गप्रतिरुपकत्वात् समाधानीय इत्युपाध्यायसर्वस्वम् । (ઉ.સૂ.વૃ. પૃ.૬૨)

ઉજ્જવલ આ સૂત્ર પરની વૃત્તિમાં જણાવે છે કે આ સૂત્રથી ભ્વાદિધાતુ अव रक्षणे ને आङ् પૂર્વે इसिः પ્રત્યય લગાડતાં, आविः શબ્દ નિષ્પન્ન થાય છે. તેનો ऊर्यादि ગણમાં સમાવેશ થયો હોવાથી, उर्यादिच्वि. । (પા. ૧.૪.૬૧) સૂત્રથી તેની ગતિસંજ્ઞા થઈ. તેથી તે प्राग्धातोः(પા. ૧.૪.૮૦) સૂત્ર પ્રમાણે ધાતુ પૂર્વે અવ્યવહિતપણે પ્રયોજાવો જોઈએ.

ઉપર્યુક્ત 'શિશુપાલવધ' ના શ્લોકની પંક્તિમાં 'आविः' અને 'अभवद्' વચ્ચે જે વ્યવધાન છે, તે વ્યવહિત પ્રયોગને ભાગવૃત્તિ પ્રમાદ જ ગણે છે. એ પણ નોંધવું ઘટે કે દુર્ઘટવૃત્તિ (પૃ. ૨૭) માં પ્રથમ તો આને દોષયુક્ત પ્રયોગ જ કહ્યો છે, તે જ પ્રમાણે 'શિશુપાલવધ'ના ટીકાકાર મલ્લિનાથને પણ આ પ્રયોગ સાધુ લાગ્યો નથી.

ઉજ્જવલે નોંધ્યું છે તેમ ઉપા.સર્વ.કાર કહે છે કે આ પ્રયોગ ઉપસર્ગના પ્રતિરૂપક જેવો છે માટે સમાધાન કરવા લાયક છે. 'દુર્ઘટવૃત્તિ'માં પણ ગણકાર્ય અનિત્ય છે, એમ કહીને પછીથી આનું સમાધાન આપ્યું છે.

૧૮. **इण् षिञ्...ष्यविभ्यो नक्** । (ઉણાદિસૂત્ર ૩.૨)
सर्वस्वे तु ऊनयतेरूनमिति साधितम् । (ઉ.સૂ.વૃ. પૃ.૬૬)

'સિ.કો.'માં તેમજ 'બાલમનોરમા' ટીકામાં अव रक्षणे એ ધાતુ પરથી ऊनः શબ્દને સિદ્ધ કર્યો છે. મા.ધા.વૃ (પૃ.૧૬૬)માં પણ अव रक्षण...भागवृद्धिषु ધાતુસૂત્ર પરની વૃત્તિમાં, ऊनः ને આ ઉણાદિસૂત્ર પરથી જ સિદ્ધ કર્યો છે. આ સૂત્રનો અર્થ એ થાય છે કે, સૂત્રમાં દર્શાવેલ अव रक्षणे વગેરે ધાતુઓને

नक् પ્રત્યય લાગી, ऊनः વગેરે શબ્દ બને છે. ઉજ્જવલે નોંધેલો ઉપા.સર્વ.કારનો મત આ બધાથી જુદો પડે છે. તેઓ ऊन परिहाणे એ ચુરાદિ ધાતુ પરથી **ऊनम्** ને સિદ્ધ કરે છે. **ऊनम्** એટલે અસંપૂર્ણ, ઉણું એમ અર્થ છે. તેથી એમ લાગે છે કે ઉપા.સર્વ.કારનો મત વધારે બંધ બેસે છે. તેમના આ મતને 'અ.કો.' પરની બંને ટીકાઓ 'અમરકોશવિવરણ' અને 'અમરકોશવિવૃત્તિ' (વો.૨, પૃ. ૩૯૭) નું સમર્થન મળી રહે છે, કારણ કે તે બંને પણ ऊन ને મૂળ ધાતુ માને છે.

૧૯. **स्तुवो दीर्घश्च ।** (ઉણાદિસૂત્ર, ૩.૨૫)

स्तूपो भूमिसमुच्छ्रायश्चैत्यं च ।...सर्वस्वे तु ष्टुप् समुच्छ्राय इत्यस्मात् घ्रञि स्तूप इति साधितम् । अतोऽनार्षमिदमिति लक्ष्यते । (ઉ.સૂ.વૃ. પૃ.૮૫)

આ ઉણાદિસૂત્રથી ष्टुञ् स्तुतौ એ અદાદિ ધાતુને पः પ્રત્યય લાગતાં ધાતુનું દીર્ઘત્વ થઈ **स्तूपः** શબ્દ બને છે. 'સિ.કો.' (વો.૪, પૃ. ૫૬૮)માં પણ આ સૂત્રના દષ્ટાંત તરીકે **स्तूपः** શબ્દ જ આપ્યો છે.

ઉજ્જવલ નોંધે છે કે ઉપા.સર્વ.કાર **ष्टूप समुच्छ्राये ।** એ ધાતુને घञ् પ્રત્યય લગાડી, આ **स्तूपः** શબ્દને વ્યુત્પન્ન કરે છે, અને તેથી ઉજ્જ.ને **ष्टुञ्** પરથી આ શબ્દને સિદ્ધ કરવાનો મત અનાર્ષ લાગે છે. 'અ.કો. (૩.૫.૧૯) પરના 'અમરપદવિવરણ' (વો. ૨, પૃ. ૫૦૦)માં **स्तूपः**નો અર્થ **मृत्पाषाणादिकृत उन्नतप्रदेशः**- એમ આપ્યો છે. તે જોતાં પણ, સર્વસ્વકારનો મત વધારે સ્વીકાર્ય લાગે છે, કારણ કે **स्तूपः**માં ઊંચાઈ એ એનું મુખ્ય લક્ષણ છે. નોંધવુ ઘટે કે 'निरुक्त' ૧૦.૩૨.૧ પરની ટીકામાં **'स्त्यै सङ्घाते'** – એ ભ્વાદિ ધાતુ પરથી આ શબ્દને સિદ્ધ કર્યો છે. ઉજ્જવલ અહીં વધારામાં નોંધે છે કે આ સૂત્ર સતીવૃત્તિમાં નથી. ઉ.સૂ.વૃ.માં બે ત્રણ ઠેકાણે 'સતીવૃત્તિ'નો ઉલ્લેખ આવે છે, તે પરથી ખ્યાલ આવે છે કે ઉણાદિ સૂત્રો પર 'સતીવૃત્તિ' નામની એક વૃત્તિ પણ રચાઈ હતી.

૨૦. **अजियुधूनीभ्यो दीर्घश्च ।** (ઉણાદિસૂત્ર ૩.૪૭)

नीकः वृक्षविशेषः स्यादिति सर्वस्वम् । (ઉ.સૂ.વૃ. પૃ.૭૪)

આ સૂત્રનો અર્થ એ થાય છે કે अज, यु, धूञ् અને नी આ ચાર ધાતુઓને कन् પ્રત્યય લાગતાં, તેમનું દીર્ઘત્વ થઈને અનુક્રમે **वीकः, यूका, धूकः** અને **नीकः** એ શબ્દો બને છે. **णीञ् प्रापणे** એ ભ્વાદિ ધાતુ પરથી **नीकः** શબ્દ બને છે. ઉપા.સર્વ.કારના મતે તે વૃક્ષવિશેષનો અર્થ દર્શાવે છે એટલું જ ઉજ્જવલે નોંધ્યું છે.

૨૧. **भुवो झिच् ।** (ઉણાદિસૂત્ર ૩.૫૦)

'अवन्तिनगरीनाथं द्रष्टुमिच्छामि सत्वरमिति सर्वस्वम् । (ઉ.સૂ.વૃ.પૃ.૭૫)

આ સૂત્રથી भू ધાતુને झिच् પ્રત્યય લાગતાં **झोऽन्तः॥** (પા.૭.૧.૩) સૂત્રથી અન્તાદેશ અને ગુણ થવાથી **भवन्तिः** થાય છે. ઉજ્જવલ નોંધે છે કે બાહુલકથી **अव रक्षणे ।** એ ભ્વાદિ ધાતુને પણ આ સૂત્રથી झिच् પ્રત્યય લગાડી **अवन्तिः** શબ્દની સિદ્ધિ થઈ શકે. તે બાબતના સમર્થનમાં તેમણે ઉપા.સર્વ.કારનો મત દર્શાવતું ઉપર્યુક્ત વાક્ય ટાંક્યું છે. આ પરથી લાગે છે કે ઉપા.સર્વ.કાર પણ આ સૂત્ર પરથી **अवन्तिः** શબ્દ સિદ્ધ કરવામાં માને છે. તેમણે કોઈ સંસ્કૃત નાટકમાંથી આ વાક્ય ટાંક્યું જણાય છે.

૨૨. **लोष्टपलितौ ।** (ઉણાદિસૂત્ર, ૯.૯૨)

लुनातेः क्तः । तस्य षुडागमो धातोर्गुणश्च । सर्वस्वे तु लोष्टतेरेव धातो लोष्टशब्दो व्युत्पादितः ।
(ઉ.સૂ.વૃ. પૃ.૮૩)

આ સૂત્રથી लोष्टः અને पलितः શબ્દનું क्तान्त રૂપે નિપાતન થાય છે. लुञ् छेदने એ ક્રયાદિ ધાતુને क्तः પ્રત્યય લાગતાં. षुडागम અને ગુણ થતાં लोष्टः શબ્દ નિષ્પન્ન થાય છે, એમ ઉજ્જવલ માને છે, જ્યારે ઉપા.સર્વ કાર તેને लोष्ट सङ्घाते । એ ભ્વાદિ ધાતુને पचाद्यच (૩.૧.૧૩૪) સૂત્રથી अच् લગાડી તેને સિદ્ધ કરે છે. ઉપા. સર્વ.કારનો મત लोष्टःના અર્થ 'માટીનું ઢેફું' સાથે વધારે બંધ બેસે છે, કારણ કે लोष्ट सङ्घाते એ ધાતુનો અર્થ પણ ઢગલાનો અર્થ દર્શાવે છે.

'અ.કો.' (૨.૯.૧૨) પરની 'અમરકોશવિવરણ' ટીકામાં (વો.૧, પૃ.૫૬૦) ટાંકેલો બોપાલિતનો મત પણ ઉપા.સર્વ.કારની જેમ लोष्ट ને મૂળ ધાતુ માનવા અંગેનો છે તે નોંધવું ઘટે.

૨૩. **विटपपिष्टपविशिपोलपाः** । (ઉણાદિસૂત્ર, ૩.૧૪૫)

मण्डपशब्दस्यात्र प्रमादजः पाठः । मडि भूषायाम् मण्डः ।
तं पिबति । मण्डपः इत्युपाध्यायसर्वस्वे व्युत्पादित्वात् । (ઉ.સૂ.વૃ. પૃ.૯૧)

ઉપર્યુક્ત સૂત્રથી विटप, पिष्टप, विशिप અને उलप એ ચાર कप् પ્રત્યયાન્ત શબ્દોનું નિપાતન થાય છે. ઉજ્જવલે આ સૂત્ર પરની કોઈક વૃત્તિમાં मण्डपः નો પાઠ જોયો હશે, તેથી કહે છે કે તે પાઠ ભૂલભરેલો છે. ત્યારબાદ તે मण्डपः ની વ્યુત્પત્તિ વિશેનો ઉપા.સર્વ.કારનો મત નોંધે છે. मडि भूषायाम् એ ભ્વાદિ ધાતુ પરથી मण्डः શબ્દ બને છે. मण्डं पिबति એમ દર્શાવી, ઉપા.સર્વ.કાર, आतोऽनुप.। (પા. ૩.૨.૩) સૂત્રથી मण्डः ને कः પ્રત્યય લગાડીને मण्डपः શબ્દ સિદ્ધ કરે છે. 'અ.કો.' પરની વ્યા.સુધા.ટીકા (પૃ. ૧૧૯)માં આ વ્યુત્પત્તિ ઉપરાંત मण्डं पाति એમ સમજૂતી આપીને घञ् (પા. ૩.૩.૧૮) લગાડીને પણ 'मण्डपः' શબ્દ સિદ્ધ કર્યો છે. તેનો અર્થ 'માંડવો' થાય છે.

૨૪. **वातप्रमीः** । (ઉણાદિસૂત્ર, ૪.૧)

वश कान्तौ बाहुलकादतोऽपी प्रत्ययो भवति संप्रसारणं च उशीर्वाञ्छा तत्कुशला नरा अस्मिन्निति उशीनरो जनपद इति सर्वस्वे व्युत्पादितम् । (ઉ.સૂ.વૃ. પૃ.૯૫)

આ સૂત્ર પરની વૃત્તિમાં, 'વાતપ્રમીઃ' શબ્દ વિશેની ચર્ચા પૂરી થયા પછી, ઉજ્જવલે उशीनरः શબ્દની વ્યુત્પત્તિ વિશેનો ઉપા.સર્વ.કારનો મત આપ્યો છેઃ પ્રસ્તુત સૂત્રથી લાગતો ઈ પ્રત્યય. બાહુલકથી,वश कान्तौ એ અદાદિ ધાતુને લગાડી, સંપ્રસારણથી उशीः સિદ્ધ કર્યો. પછી उशीर्वाञ्छा तत्कुशला नरा अस्मिन्निति । એમ બહુવ્રીહિ સમાસ કરી उशीनरः શબ્દ વ્યુત્પન્ન કર્યો. 'उशीनरःजनपदः'નો અર્થ પણ એમણે એમ દર્શાવ્યો છે કે 'જેમાં ઇચ્છા કરવામાં કુશળ નરો જેમાં રહે છે તેવો ઉશીનર પ્રદેશ' (મધ્યભારતમાં આવેલો પ્રાચીન પ્રદેશ). ઋગ્વેદના દસમા મંડળમાં 'उशीनराणि' શબ્દ આવે છે (૧૦.૫૯.૧૦)

૨૫. **कृशॄपॄ...ईरन्** । (ઉણાદિસૂત્ર, ૪.૩૦)

रूपरत्नाकरे उपाध्यायसर्वस्वे च हिंडेरादेश्च उ इत्यभिधाय हिंडोर इत्यपि साधितम् । तच्चिन्त्यम् ।

(ઉ.સૂ.વૃ. પૃ.૧૦૦)

ઉજ્જવલ આ વૃત્તિમાં લખે છે કે આ સૂત્રમાં દર્શાવેલ ધાતુઓને ईरन् પ્રત્યય લગાડતા करीरः, शरीरम् વગેરે શબ્દો બને છે, તેમ हिडि गत्यनादरयोः । એ ભ્વાદિ ધાતુને બાહુલકથી, આ સૂત્રથી ईरन् પ્રત્યય લગાડી हिण्डीरः શબ્દ બને છે. 'અ.કો.' (૨.૯.૧૦૫) માં તેનો અર્થ 'સમુદ્રફીણ' એમ આપ્યો છે. 'હારાવલી' તેનો દાડમ અર્થ કરે છે.

ઉજ્જવલ વધારામાં નોંધે છે કે 'રૂપરત્નાકર' અને ઉપા.સર્વ.કાર हिण्डेरादेश्च उ' એમ કહીને हिण्डोरः શબ્દને સાધે છે, પણ એ પ્રયોગ ચિન્ત્ય છે. આ શબ્દ 'અ.કો.' માં મળતો નથી. આ શબ્દનો એમને કયો અર્થ અભિપ્રેત હશે તે ખ્યાલ આવતો નથી, પણ તેના પરથી ગુજરાતી 'હિંડોળો' શબ્દ આવ્યો જણાય છે. इतस्ततो गच्छति, અહીં તહીં અફળાય છે માટે, સમુદ્રફીણને 'हिण्डीर' કહ્યું છે તો હિંચકો પણ આગળપાછળ જાય છે માટે તેનો વાચક हिण्डोरः શબ્દ થઈ શકે કે કેમ એમ વિચાર આવે છે.

૨૬. **कशेर्मुट् च ।** (ઉણાદિ સૂત્ર ૪.૩૨)

कश्मीरशब्दो गन्तव्यपण्यवाणिजे ।(पा.६.२.१३) इत्यत्र स्वरसूत्रे पृषोदरादित्वात् साधितं, सर्वस्वे त्वत्रैव सूत्रे । तत्पक्षान्तरं द्रष्टव्यम् । (ઉ.સૂ.વૃ.પૃ.૧૦૦). ઉપર્યુક્ત ઉણાદિસૂત્રથી कश गतिशासनयोः એ અદાદિ ધાતુને ઈરન પ્રત્યય લાગતાં. પહેલાં मुट् આગમ લાગી कश्मीरः શબ્દ બને છે.

આ રીતે कश्मीरः શબ્દની સિદ્ધિ દર્શાવ્યા પછી ઉજ્જવલ નોંધે છે કે કેટલાક વૈયાકરણો બીજી રીતે આ શબ્દને વ્યુત્પન્ન કરે છે. તે લોકો गन्तव्यपण्यं वाणिजे । (પા.૬.૨.૧૩) સૂત્રથી મધ્યોદાત્તનું વિધાન કરવા માટે 'વાણિજ્ય' ઉત્તરપદવાળા काश्मीरः શબ્દનો નિર્દેશ કરે છે અને પછી काश्मीरः શબ્દની મધ્યોદાત્ત સિદ્ધિ પૃષોદરાદિ (પા.૬.૧.૨૪) ગણમાં काश्मीर શબ્દનો સમાવેશ કરીને કરે છે, ઉજ્જવલ કહે છે કે આ રીતે આ શબ્દની સિદ્ધિ માટે બીજો પક્ષ દર્શાવવામાં આવ્યો છે, પણ ઉપા.સર્વ.કાર તો ઉપર્યુક્ત ઉણાદિ સૂત્રથીજ આ શબ્દને સિદ્ધ કરે છે. 'અ.કો.' પરની 'વ્યા.સુધા' ટીકા (પૃ.૨૪૫) માં પણ આ ઉણાદિ સૂત્રથી જ काश्मीरः શબ્દને સાધવામાં આવ્યો છે.

**उलूकादयश्च ।** (ઉણાદિસૂત્ર ૪.૪૧) આ સૂત્ર પરની વૃત્તિમાં ઉજ્જવલે ઉપા.સર્વકારના બે મત નોંધ્યા છે.

૨૭. वलेः संप्रसारणमूकश्च । सर्वस्वे तु ऊर्ध्वौ कर्णावस्येति पृषोदरादित्वात् दीर्घादिकमप्यूलूक इति साधितम् । (ઉ.સૂ.વૃ.પૃ.૧૦૨). ઉજ્જવલ લખે છે કે वल संवरणे सञ्चरणे च । એ ભ્વાદિ ધાતુનું સંપ્રસારણ થઈ, તેને આ સૂત્રથી ऊकः પ્રત્યય લાગી, હ્રસ્વાદિ उलूकः શબ્દ સધાય છે.

સામાન્ય રીતે હ્રસ્વાદિ उलूकः શબ્દ સંસ્કૃત સાહિત્યમાં પ્રયોજાય છે, જેમકે त्यजति मुदमुलूकः । (શિશુપાલવધ, શ્લો. ૧૧.૬૪), પણ ઉપા.સર્વ.કાર ऊर्ध्वौकर्णावस्य એમ આ શબ્દને સમજાવી, દીર્ઘાદિક ऊलूकः શબ્દ સાધે છે, એમ ઉજ્જવલે નોંધ્યું છે.

૨૮. આજ સૂત્ર वलेः संप्रसारणमूकश्च । ના સંદર્ભમાં ઉજ્જવલે वावदूकः('અ.કો.' ૩.૧.૩૫માં वावदूकः છે) શબ્દ અંગેનો ઉપા.સર્વ.કારનો મત આપ્યો છે : वदेर्यङ्लुगन्तादूक :। वावदूकश्च वक्तरीति भागवृत्तिः । सर्वस्वे तु यजजप. । (पा.३.२.१६६) इति बहुलवचनादन्यतोऽपि भवत्यूकप्रत्यय इति कृत्वा वावदूक इति साधितिम् । वद व्यक्तायां वाचि । એ ભ્વાદિ ધાતુના યઙ્લુગન્ત રૂપને उलूकादयश्च। એ સૂત્રથી ઉણાદિ પ્રત્યય ऊकः પ્રત્યય લગાડી वावदूकः શબ્દને 'ભાગવૃત્તિ'માં સાધવામાં આવ્યો છે તેમ ઉજ્જવલ નોંધે છે. ભાગવૃત્તિ તેનો 'વક્તા' એમ અર્થ આપે છે. તેમણે નોંધ્યા પ્રમાણે, ઉપા.સર્વ.કાર, यजजप. । સૂત્રમાંના बहुल વચનથી, તે સૂત્રમાં દર્શાવ્યા સિવાયના वद જેવા ધાતુઓને પણ, તે સૂત્રથી ऊकः લગાડી वावदूकः શબ્દ સિદ્ધ કરે છે. અને કાતંત્ર વ્યા.કાર તેમના આ મતને અને ક્ષીરસ્વામીનું સમર્થન મળી રહે છે. 'અ.કો.' (૩.૫.૩૫)ના ટીકાકાર ક્ષીરસ્વામી લખે છે : यजजप. इति वदेरनुप्रवेशः कार्यः इति पदकारवाक्याद् ऊकप्रत्ययः । અ.કો. (૩.૫.૩૫) ના બીજા ટીકાકાર સર્વાનંદે નોંધ્યું છે તે પ્રમાણે કાતંત્ર વ્યાકરણના કર્તાએ તો સૂત્રમાં જ वद ધાતુનો સમાવેશ કર્યો છે : यजिजपिदन्शिवदाम् । (कृद्वृत्ति,

सूत्र २८९) અને દૃષ્ટાંત તરીકે वावदूकः શબ્દ આપ્યો છે. તે શબ્દનો અર્થ વધારે બોલનાર 'અથવા 'સારું બોલનાર' થાય છે.

૨૯. **वातेर्डिच्च** । (ઉણાદિસૂત્ર ૪.૧૩૩)

वेञो डिच्चेत्युपाध्यायसर्वस्वम् । (ઉ.સૂ.વૃ. પૃ.૧૧૩)

આ સૂત્રથી वा गतिबन्धनयोः એ અદાદિ ધાતુને इण् પ્રત્યય લાગે છે, જે डित् હોવાથી टि નો લોપ થઈ, 'वि ': (પક્ષી) શબ્દ બને છે એમ ઉજ્જવલ દર્શાવે છે. તે નોંધે છે કે ઉપા.સર્વ.કાર वा ને બદલે वेञ् तन्तुसन्धाने એ ભ્વાદિ ધાતુને इण् પ્રત્યય લગાડીને वेञो डिच्च (૪.૭૧) સૂત્રથી આ શબ્દ સાધે છે. અ.કો. (૨.૫.૩૩) પરની 'અમરપદવિવૃત્તિ ટીકા' (પૃ.૩૫૩)માં विः શબ્દના મૂળ ધાતુ તરીકે वेञ् ધાતુને જ દર્શાવાયો છે : वयति तृणादिना नीडमिति विः । वेञ् तन्तुन्धाने । વ્યા.સુધા.ટીકાના (પૃ. ૧૯૮) કર્તા वेञो डिच्च । ઉણાદિ સૂત્ર પરથી विः ને વ્યુત્પન્ન કરવાના મતના નથી, કારણ કે તેમ કરવાથી 'वीचिः' એ રૂપ બાબત આપત્તિ આવશે, એમ તે માને છે.

૩૦. **गिरतेरुडच्** । (ઉણાદિસૂત્ર ૪.૧૫૬)

गरुता डीयत इतिं डप्रकरणेऽन्यत्रापीति डप्रत्यये पृषोदरादित्वात्तलोपे गरुड इत्युपाध्यायसर्वस्वम् । ततोऽनार्षमिदम् । (ઉ.સૂ.વૃ. પૃ. ૧૨૩)

આ સૂત્રથી गृ निगरणे એ ભ્વાદિ ધાતુને उडच् પ્રત્યય લાગતાં गरुडः શબ્દ નિષ્પન્ન થાય છે, જ્યારે ઉપા.સર્વ.કાર गरुडः શબ્દની વ્યુત્પત્તિ જરા જુદી રીતે કરે છે. તેમણે गरुता डीयते ॥ એમ સમજાવી डीङ् विहायसा गतौ- એ ભ્વાદિ ધાતુને अन्येभ्योऽपि दृश्यते (પા.૩.૨.૧૦૧) સૂત્રથી डः પ્રત્યય લગાડીને, पृषोदरादि । (પા.૬.૩.૧૦૯) સૂત્રથી त નો લોપ કરીને, गरुडः શબ્દ સિદ્ધ કર્યો છે. ઉજ્જવલ આ ઉપા.સર્વ.કારના મતને સાધુ માને છે અને गिरतेरुडच् । સૂત્ર પરથી બનતા गरुडः શબ્દની પ્રક્રિયાને અનાર્ષ ગણાવે છે. 'અમરપદવિવૃત્તિ ટીકા (વો.૧.પૃ.૨૨) બંને રીતે આ શબ્દની વ્યુત્પત્તિ દર્શાવે છે.

૩૧. **इन्देः कमिर्नलोपश्च** । (ઉણાદિ સૂત્ર, ૪.૧૫૬)

इदं प्रत्यक्षप्रत्यवमर्शी सर्वनामसंज्ञकः । 'इन्देरमिन् किच्चे' ति सर्वस्वे सूत्रं दृश्यते । (ઉ.સૂ.વૃ. પૃ. ૧૨૩) इदि परमैश्वर्ये-એ ભ્વાદિ ધાતુનું इन्दति રૂપ થાય છે તે ધાતુને આ સૂત્રથી कमिः પ્રત્યય લાગતાં, न નો લોપ થઈ, इदम् શબ્દ બને છે અને તે સર્વનામસંજ્ઞક છે એમ ઉજ્જવલ જણાવે છે. ઉજ્જવલ નોંધે છે કે ઉપા.સર્વ.કાર **'इन्देरमिन् किच्च'** । એ સૂત્રથી इदम् ને સાધે છે. તેમના મત પ્રમાણે આ इदि ધાતુને अमिन् એ कित् પ્રત્યય લાગતા क्ङिति च । (પા. ૧.૧.૫) સૂત્રથી ગુણનો નિષેધ થતાં, अनिदितां० । (પા. ૬.૪.૨૪) સૂત્રથી न નો લોપ થઈ, इदम् શબ્દ બને છે. इन्देरमिन्. । સૂત્ર 'ઉણાદિસૂત્રવૃત્તિ'માં નથી.

ઉજ્જવલદત્તે અહીં ઉપા.સર્વ.કારની ટીકામાં મળતા એક જુદા સૂત્રનો નિર્દેશ કર્યો છે, તે પરથી જણાય છે કે હાલ ઉપલબ્ધ થતાં ઉણાદિસૂત્રો કરતાં સહેજ જુદા પાઠવાળાં ઉણાદિસૂત્રો ઉપા.સર્વ.કાર પાસે હશે.

૩૨. **गुधृवो...सदिक्षदिभ्यस्त्रः** । (ઉણાદિસૂત્ર, ૪.૧૬૬)

सतस्त्रायत इति सत्रमित्यपि सर्वस्वे व्युत्पत्यन्तरम् । (ઉ.સૂ.વૃ. પૃ. ૧૨૫)

આ સૂત્રથી તેમાં દર્શાવેલી આઠ ધાતુઓને त्रः પ્રત્યય લાગી અનુક્રમે गोत्रम, धर्त्रम्, वेत्रम...सत्रम्., क्षत्रम्

વગેરે શબ્દો બને છે. આમાંના षदलृवितरणे- એ ભ્વાદિ ધાતુને त्रः પ્રત્યય લાગીને જે सत्रम् શબ્દ બને છે તેની સમજૂતી ઉજ્જવલે આમ આપી છે : सीदन्ति सज्जना यत्रेति सत्रं यज्ञः । ઉજ્જવલે આપેલા ઉપા.સર્વ.કારના મત પ્રમાણે 'જે સજ્જનોનું રક્ષણ કરે છે તે સત્ર' એમ બીજી રીતની વ્યુત્પત્તિ આપી છે : सतस्त्रायत इति सत्रम् । અ.કો.' (૩.૩.૧૮૧)માં આવતા આ શબ્દને અપ્પયાર્યના 'અમરપદવિવરણ' (વો. ૨, પૃ. ૪૭૪)માં બંને રીતે સમજાવ્યો છે : सीदन्त्यत्रेति सत्रम् । सतः त्रायत इति सत्रः । सत्पुरुषाणां रक्षकः । આમ ઉપા.સર્વ.કારના આ મતને અપ્પયાર્યનું સમર્થન સાંપડે છે.

૩૩. **भूरञ्जिभ्यां कित् ।** (ઉણાદિસૂત્ર ૪.૨૧૬)

अकारान्तोऽपि रजशब्दोऽस्ति । अतोऽर्थाः पादरजोपमा इति सुखसाधितम् । सर्वस्वे तु रजः करोति रजयति । तेन पचाद्यचि पादरजोपमा इति साधितम् । (ઉ.સૂ.વૃ. પૃ. ૧૩૩)

પ્રસ્તુત સૂત્રથી भू અને रञ्ज એ બંને ધાતુઓને असुन् (अस) પ્રત્યય લાગે છે, જે कित् છે, તેથી ગુણવૃદ્ધિ ન થતાં અનુક્રમે भुवः અને रजस् શબ્દ બને છે. ઉજ્જવલ કહે છે કે અકારાન્ત रजः શબ્દ પણ છે. તેને લીધે (पादरजोपमाः ) જેવા પ્રયોગો સુખથી સાધી શકાય છે.

ઉપા.સર્વકાર रजः करोति-रजयति એમ ધાતુનું રૂપ બનાવીને, नन्दिग्रहि. (पा.३.१.१३४) સૂત્રથી, अच् પ્રત્યય લગાડી रजः બનાવીને આ पादरजोपमाः બહુવ્રીહિ સમાસનો પ્રયોગ સિદ્ધ કરે છે : पादयोः रजः पादरजः तस्य उपमा येषां ते पादरजोपमाः । અ.કો.' (૨.૮.૯૮) પરની મલ્લિનાથની 'અમરપદપારિજાત ટીકા' (વો.૨, પૃ. ૨૫૧)માં જણાવ્યું છે કે अकारान्तरजशब्दोऽप्यस्ति ।

૩૪. **अप्सराः ।** (ઉણાદિસૂત્ર ૪.૨૩૬)

अपि सर्तेरसुन्निति सर्वस्वम् । (ઉ.સૂ.વૃ. પૃ. ૧૩૭)

આ સૂત્રથી अपपूर्व सृ गतौ- એ ભ્વાદિ ધાતુને असि પ્રત્યય લાગીને, ગુણ થઈને अप्सराः શબ્દનું નિપાતન થાય છે. ઉજ્જવલ ઉપા.સર્વ.કારનો મત નોંધે છે કે તે सर्वेधातुभ्योऽसुन् । (૪.૧૮૮) એ ઉણાદિ સૂત્રથી જુહોત્યાદિ सृ ધાતુને असुन् લગાડીને अप्सराः શબ્દ સાધે છે. ઉજ્જવલ अप्सु मन्यमानासु जाता इत्यप्सरसः । એમ વ્યુત્પત્તિ આપે છે.

ઉપર્યુક્ત ઉલ્લેખો પરથી સ્પષ્ટ જણાય છે કે ઉપાધ્યાયસર્વસ્વકારના મોટાભાગના મત ઉણાદિસૂત્રોના સંદર્ભમાં મળે છે. તેમના મતોનો અભ્યાસ કરતાં સ્પષ્ટ જણાય છે કે તેમણે પંચપાદી ઉણાદિસૂત્રો પરથી વ્યુત્પન્ન થતા શબ્દોનો ઝીણવટભર્યો અભ્યાસ કરીને, તે સૂત્રો પર' ઉપાધ્યાયસર્વસ્વ' નામની એવી વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યા રચી હતી કે જેને પછીના ઉજ્જવલદત્ત જેવા અનેક વૈયાકરણો, ઉણાદિસૂત્રો પરની પ્રમાણભૂત વ્યાખ્યા ગણે છે. આમાંના અમુક મત ઉપરથી એવો ખ્યાલ આવે છે કે તેમની પાસે કેટલાક ઉણાદિ સૂત્રોના હાલ ઉપલબ્ધ પાઠ કરતાં જુદા પાઠ હશે. 'ટીકાસર્વસ્વ' તેમજ 'પદચંદ્રિકા' માં મળતા મત પરથી જણાય છે કે તેમણે અમરકોશ' પર અથવા તો તેમાંના કેટલાક શબ્દો પર પણ ટીકાં લખી હશે.

ઉપાધ્યાયસર્વસ્વકાર શબ્દોની વ્યુત્પત્તિ બાબતમાં આગવી દૃષ્ટિ ધરાવે છે તેઓ બને ત્યાં સુધી શબ્દોને ધાતુ પરથી વ્યુત્પન્ન કરવામાં માને છે એટલું જ નહીં, પણ જે ધાતુથી શબ્દનો અર્થ પૂરેપૂરી અને સારી રીતે સૂચવાય, તેવા મૂળ ધાતુને સૂચવે છે, પછી ભલે એમનો એ અભિપ્રાય બીજા વૈયાકરણો કરતાં સાવ જુદા હોય. અમરકોશ વગેરેમાં મળતા ન હોય, પણ સાહિત્યમાં પ્રયોજાયા હોય તેવા શબ્દોને પણ તેઓ સાધુ માનીને માન્યતા આપે છે. પોતાના અમુક મતના સમર્થનમાં સુભાષિતો ટાંકતાં પણ તેઓ અચકાતા નથી. આમ વૈયાકરણ તરીકે તેમનો અભિગમ મૌલિક જણાય છે. ટૂંકામાં સર્વાનંદ, રાયમુકુટ અને ખાસ કરીને ઉજ્જવલદત્તે ટાંકેલા ઉપાધ્યાયસર્વસ્વકારના મત ઉપરથી, એક પ્રખર વૈયાકરણ તરીકેની તેમની પ્રતિભા ઉપસે છે.

# મુખ્ય સંદર્ભ-ગ્રંથોની સૂચિ


**સંસ્કૃત ગ્રંથો**

૧. **અમર કોશ** - વ્યાખ્યાસુધા ટીકા સાથે - સં. પંડિત શિવદત્ત, પ્ર. ચૌખંબા સંસ્કૃત પ્રતિષ્ઠાના, દ્વિતીય સંસ્કરણ, દિલ્હી, ઈ.સ. ૧૯૯૫

૨. **અમરકોશ** - ત્રણ દાક્ષિણાત્યવ્યાખ્યાઓ સાથે;

૧. લિંગ્યસૂરિની અમરપદવિવૃત્તિ

૨. મલ્લિનાથની અમરપદપારિજાત

૩. અપ્પયાર્યનું અમરપદવિવરણ

સં. **એ. એ. રામનાથન**, પ્ર. અડ્યાર લાયબ્રેરી એન્ડ રીસર્ચ સેન્ટર, અડ્યાર, મદ્રાસ, ઈ.સ. ૧૯૮૩

**કાત્રન્ત વ્યાકરણ**, સં. આર. એસ. સૈની, પ્ર.ભારતીય વિદ્યાપ્રકાશન, દિલ્હી, ઈ.સ. ૧૯૮૭

**કાશિકાવૃત્તિ**, ભા.૧-૨, સં. આર્યેન્દ્ર શર્મા, પ્ર. ઉસ્માનીયા યુનિ., હૈદ્રાબાદ, ઈ.સ. ૧૯૬૯

**ક્ષીરતરંગિણી**, સં. યુધિષ્ઠિર મીમાંસક પ્ર.રામલાલ કપૂર, ટ્રસ્ટ, બહાગલઢ (હરિયાણા), ઈ.સ. ૧૯૮૬

**ટીકાસર્વસ્વ** - 'અ.કો.' પરની સર્વાનંદની ટીકા, સં. ગણપતિશાસ્ત્રી, ભા.૧-૩, ત્રિવેન્દ્રમ્, ઈ.સ. ૧૯૧૪-૧૯૧૭.

દુર્ઘટવૃત્તિ, સં. ગણપતિ શાસ્ત્રી, પ્ર. ભારતીયવિદ્યા પ્રકાશન, દિલ્હી, ઈ.સ. ૧૯૮૫.

**ધાતુપ્રદીપ** - સં. શ્રીશચન્દ્ર ચક્રવર્તી, પ્ર.રામલાલ કપૂર, ટ્રસ્ટ, બહાલગઢ (હરિયાણા), ઈ.સ. ૧૯૮૬

**નિરુક્ત**, સં. પંડિત શિવદત્ત, પ્ર. વેંકટેશ્વર પ્રેસ, મુંબઈ, ઇ.સ. ૧૯૮૨

**પદચન્દ્રિકા** - 'અ.કો.' પરની રાયમુકુટકૃત ટીકા, સં. કે.કે.દત્ત, પ્ર. સંસ્કૃત કૉલેજ, કલકત્તા, ઈ.સ. ૧૯૬૬

**માધવીયા ધાતુવૃત્તિ**, સં. દ્વારિકાદાસ શાસ્ત્રી, પ્ર. તારા બુક એજન્સી, વારાણસી, ઈ.સ. ૨૦૦૦.

**વૈયાકરણ સિદ્ધાંતકૌમુદી (ભા. ૧-૪)** - બાલમનોરમા સાથે - સં. ગોપાલ શાસ્ત્રી તેને, પ્રં. ચૌખંબા સંસ્કૃત સિરીઝ વારાણસી, ઈ.સ. ૧૯૬૧.

**વ્યાકરણ-મહાભાષ્ય**, ખંડ ૧-૩, પ્ર.મોતીલાલ બનારસીદાસ, દિલ્હી, ઈ.સ. ૧૯૬૪.

**હિન્દી ગ્રંથ :**

संस्कृत व्याकरणशास्त्रका इतिहास, भा.२, लेखक युधिष्ठिर मीमांसक, प्र.भारतीय विद्याप्रतिष्ठान, अजमेर, इ.स. १९६३

**અંગ્રેજી ગ્રંથ :**

Ujjvaldutta's Commentary on Uṇadisūtras, Ed. by Theodor Aufrecht, Bonn (Germany) A.D. 1859


**સંક્ષેપ સૂચિ**

| | |
|---|---|
| અમરકોશ | અ.કો. |
| ઉજ્જવલદત્ત કૃત 'ઉણાદિસૂત્ર વૃત્તિ' | ઉ.સૂ.વૃ. |
| ઉપાધ્યાયસર્વસ્વકાર | ઉપા.સર્વ.કાર |
| ઉપાધ્યાય સર્વસ્વ | સર્વસ્વ |
| પદચન્દ્રિકા ટીકા | 'પદ.ચં.' |
| માધવીયા ધાતુવૃત્તિ | મા.ધા.વૃ. |
| અ.કો. પરની ભાનુજી દીક્ષિતની વ્યાખ્યાસુધા ટીકા | વ્યા.સુધા. |
| સિદ્ધાંતકૌમુદી | સિ.કૌ. |

# 'યુગે યુગે' અને 'ગાંધી જયંતી' નાટકોમાં ગાંધીવિચાર

◆

ડૉ. કપિલા પટેલ*

અહીં મેં બે નાટ્યકૃતિઓને ગાંધીવિચારના સંદર્ભે તુલના કરવા ધાર્યું છે. એમાં એક કૃતિ તેલુગુ ભાષાની અને બીજી ગુજરાતી ભાષાની. પ્રસ્તુત લેખમાં ગાંધીવિચારના સંદર્ભમાં બે નાટ્યકૃતિઓની તુલના કરવામાં આવી છે. ડી. વિજય ભાસ્કર રચિત 'ગાંધી જયંતી' તેલુગુ ભાષાની કૃતિ છે, જે ઈ.સ. ૨૦૦૫ માં પ્રકાશિત થઈ હતી. આ કૃતિ નંદી પુરસ્કારથી પુરસ્કૃત થયેલી છે.

ડી. વિજય ભાસ્કરકૃત ચૌદ નાટકો મળે છે. એ બધાં જ તેલુગુ ભાષામાં રચાયાં, એ બધાં જ ભજવાયાં પણ છે. એમાં 'પુલી સવારી' નાટકનું તો સૌથી પણ અધિકવાર મંચન થયું છે. 'ગાંધી જયંતી' નાટકનો હિન્દી અનુવાદ આર. શાંતાસુંદરી પાસેથી સાંપડે છે. આ કૃતિ હૈદરાબાદ, લખનૌ અને દિલ્હી, ગીતા પ્રકાશન દ્વારા પ્રકાશિત થઈ છે.

બીજી નાટ્યકૃતિ છે ગુજરાતી સાહિત્યક્ષેત્રે પ્રતિષ્ઠિત લેખક, કવિ, પત્રકાર એવા બહુમુખી પ્રતિભા ધરાવનાર સ્વ.શ્રી હરીન્દ્ર દવે કૃત 'યુગે યુગે', જે ગાંધી જન્મશતાબ્દી વિશે રચાયેલી. સૌ પ્રથમ એ કૃતિ છ દશ્યોની હતી. ત્યારબાદ તેની સંવર્ધિત આવૃત્તિ 'સંધ્યાકાળે પ્રભાતફેરી' નામે ત્રિઅંકી રૂપે ૧૯૮૭માં પ્રકાશિત થઈ. ત્યારબાદ એ જ કૃતિ ૧૯૯૨માં પુનઃ 'યુગે યુગે' નામે પ્રગટ કરવામાં આવી.

'ગાંધી જયંતી' નાટ્યકૃતિ ૧૩ દશ્યોમાં રજૂ થઈ છે. જ્યારે 'યુગે યુગે'નું કથાનક ત્રણ અંકોમાં વિભાજિત છે. આ બંને નાટ્યકૃતિઓમાં 'યુગે યુગે' નાટ્યકૃતિ મૂર્ધન્ય સાહિત્યકારની વધુ લાગે છે. એ દશ્યક્ષમ કરતાં પઠનક્ષમ કૃતિ વધુ જણાય છે. કાનની કળાને એ વધુ માફક આવે એવી છે. નાટકની ખૂબી જ એ છે કે તે દર્શકોને પકડી રાખે. જો કે 'સંધ્યાકાળે પ્રભાત ફેરી' નાટકના થોડા પ્રયોગો પણ થયા છે અને આ નાટકને તખ્તા પર રજૂ કરી ઉપેન્દ્રભાઈ ત્રિવેદીએ નાટક તત્ત્વતઃ ભજવવા માટે જ હોય એવી સર્જકની માન્યતાને પુષ્ટિ પણ આપી હતી. આમ છતાં 'યુગે યુગે' કૃતિ મારી દૃષ્ટિએ દિગ્દર્શક માટે પડકારરૂપ બને એવી છે. જો કે સંવાદોની ભાષા વાગ્મિતાયુક્ત સવિશેષ છે. આમ છતાં એના સંવાદો અસરકારક ને માર્મિક છે. 'યુગે યુગે'માંની પાત્રસંખ્યા ૧૪ની છે.

'ગાંધી જયંતી' કૃતિનાં દશ્યો નાનાં નાનાં છે. પ્રત્યેક દશ્ય નવી નવી સમસ્યા લઈને આવે છે. એ પ્રત્યેક દશ્ય મંચનક્ષમ છે. સંવાદોની ભાષામાં બોલચાલનો લયલહેકો સવિશેષ છે. આ કૃતિમાં પાત્રસંખ્યા ૩૩ની નિહાળવા મળે છે.

આ બંને નાટ્યકૃતિઓમાં ગાંધીજીના મૃત્યુબાદ સ્વતંત્ર ભારતમાં બેફામ વકરેલો ભ્રષ્ટાચાર અને હિંસા કેન્દ્રમાં છે. ગાંધીજીના એક એક આદર્શ-સિદ્ધાંત, વિચારની આ બંને નાટકોમાં એક યા બીજી રીતે થતી હત્યા દર્શાવાઈ છે. ગાંધીજીનાં આદર્શોની, મૂલ્યોની વાતો કરનારા રાજપુરુષો નેતાઓ જ તેનો કચ્ચરઘાણ કેવી રીતે કરે છે, તેનાં કેટલાંક તાદશ ચિત્રો આ કૃતિઓમાંથી ઉપસી આવે છે. આ બંને કૃતિઓમાં ભ્રષ્ટાચારી રાજપુરુષો-નેતાઓ પ્રજાનું શોષણ કરનારા શોષણખોરો છે. તેઓ ગાંધીજીને નામે પોતાના અંગત સ્વાર્થનું પોષણ કરતાં જોવા મળે છે. ગાંધીજીના સત્યને બિરદાવનારા આ નેતાઓ અસત્યના ખભા પર બેઠેલા જણાય છે. અહિંસાની પ્રશંસા કરનારા આ નેતાઓ પોતાના જ સાથીઓની અને તેમની કારકિર્દીની પણ ઘાતકી રીતે

* અધ્યાપક, ગુજરાતી વિભાગ, મ. દે. સમાજસેવા વિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

હત્યા કરતા દેખાય છે. ગાંધીજીના પ્રેમની મીઠી મીઠી વાતો કરનારા પ્રધાનો જ પરસ્પર ધિક્કારના કીચડમાં ખદબદતા જોવા મળે છે. તેઓ ગાંધી ચીંધ્યા માર્ગે જ ચાલે છે, પણ પોતાની ચાલે, ગાંધીજીએ કહ્યું કે જાહેર મિલકતની વપરાશ અંગત મિલકત વાપરતા હોય એ રીતે કરવી તેથી આ લોકો બાપની મિલકત હોય એમ જ દેશની મિલકત વાપરતા હોય છે.

ત્રિઅંકી નાટ્ય 'યુગે યુગે'નો પ્રથમ અંક ખાસ્સો લાંબો છે. વડાપ્રધાનના સંદેશાનુસાર ગાંધીજન્મ શતાબ્દી વર્ષની ઉજવણી વિષે કાર્યક્રમોનું આયોજન કરવા જુદાં જુદાં રાજ્યોના પ્રધાનો અને નેતાઓ એકત્રિત થાય છે. આયોજન દરમિયાન તેમની વચ્ચે ચાલતી વાતોમાંથી તેમની સ્વાર્થી, ભ્રષ્ટાચારી, દંભી વૃત્તિઓનું ક્રમશઃ પ્રાગટ્ય થતું રહે છે. ચહેરા ભીતર છુપાયેલા તેમના ભયાનક ચહેરાઓ ડોકિયું કરતાં રહે છે. એમાં સર્વપક્ષનો વગદાર કાર્યકર મહામંગળપ્રસાદ બાપુ સાથે ગાળેલી ક્ષણોને વાગોળીને સ્વપ્રશસ્તિ કરવામાં ઉસ્તાદ છે. પ્રધાન રામાનુજમ્ પણ ભારે ગપ્પીદાસ છે. જ્ઞાની હોવાનો દંભ કરવામાં તે જરાય પાછળ પડતો નથી. એ પણ ગાંધીને નામે 'વોટ ઇઝ ધેર ઇન એ નેઇમ ? એમ ગાંધીજી કહેતા હતા ને એમ કહીને મિયાં પડે પણ તંગડી ઊંચી રાખવામાં ચતુર છે. તો પેલું 'સત્યના પ્રયોગો' એ તો આપણું નવજીવન છાપે અને આ પ્રધાન થોડાક ચોખલિયા વાંચે કહી ગાંધીની આત્મકથા પ્રત્યે ઘૃણા દર્શાવનાર મહામંગળ જેવા નેતાયે અહીં હાજરાહજુર છે. અહીં કહેવાતા ગાંધીવાદીઓ ગાંધીને પ્રિય એવા વાંદરાઓની પ્રતિમાનો સ્વદેશી ભવનમાંથી બહિષ્કાર કરતા અને બાપુની ખાદીના વિચારનું સત્યાનાશ વાળી દેતા જોવા મળે છે. તકસાધુ પ્રધાન ધનંજય સવા રૂપિયે વેચાય એવા ખાદીના કાપડનું બાપુએ કાંતેલું સૂતર છે, એમ કહી ૫૦૦ રૂપિયે મીટરના ભાવે વેચવા કહે છે. ગાંધી-લોટરીનું કાઉન્ટર કાઢવાનો આદેશ આપી પૈસા ઊભા કરવાનો નવો નુસખો શોધી કાઢવામાં પ્રધાન ધનંજય માહિર છે.

વૈજ્ઞાનિક પ્રો. રાઘવન ગાંધીને સદેહે લાવનાર છે. એ સમાચાર આ નેતાઓના હૃદયમાં ખળભળાટ મચાવી દે છે અને તેમને લાવનાર અને એ સમાચાર આપનાર બંનેને હટાવવાનો પ્રયાસ આ કહેવાતા ગાંધીવાદીઓ જ કરે છે, જેની જાણ આપણને અંક બીજાના આરંભે ધનંજયની પુત્રી કમલ અને તેના મિત્ર સનાતન વચ્ચે ચાલતી વાતચીતમાંથી થાય છે. પરંતુ ધાર્યું તો ધરણીધરનું જ થાય એ ન્યાયે એ બંને પવિત્ર આત્માઓ અકસ્માતમાંથી ઊગરી જાય છે.

અંક-૩ માં પ્રકાશ આયોજનની વિશેષ પ્રકારની વ્યવસ્થા છે. નેતાઓ ગાંધીને પાછા ન આવવા દેવા અંગે અભિપ્રાય સાફ દિલે આપી શકે એ માટે કોઈનો પણ ચહેરો ન દેખાય એવી પ્રકાશયોજના છે. માત્ર ગાંધીની છબી પર જ પ્રકાશ દેખાય છે. વળી કોઈ નેતા તેના અવાજથી ઓળખાઈ ન જાય તે માટે દરેક નેતાને એક એક પ્રવક્તા આપવામાં આવ્યા છે. એને જે કહેવું હોય તે પ્રવક્તા દ્વારા જ કહેવાનું. આ રીતે મળેલી સભામાં પ્રવક્તા-પનો અભિપ્રાય સૌને ચોંકાવી દેનારો છે. આમ છતાં એ સૌને પરિતોષનારો પણ બને છે. પ્રવક્તા-પ કહે છે 'દરેક યુગમાં ગાંધી તો અચૂક આવે જ છે. એને આવતાં કોઈ રોકી શકતું નથી, પણ એનાથી છૂટવા માટે આપણી પાસે અક્સીર ઉપાય છે. જે આપણે આ અગાઉ પણ અજમાવી ચૂક્યા છીએ. 'એ ડોસો આવશે તો શું પ્રાર્થના કરવા નહીં જાય ? અને પ્રાર્થના કરવા જશે તો શું આપણને લળીને પ્રણામ કરવા માટે એક માણસ નહીં મળી રહે.' આમ પ્રવક્તા પાંચની એ દીર્ઘ ઉક્તિ પૂર્ણ થતાં જ રિવોલ્વરના ત્રણ ધડાકા પણ સંભળાય છે. અને એ સાથે જ તખ્તા પર પ્રકાશ રેલાય છે. એ વેળાએ તખ્તા પર હાજર રહેલા પાત્રોમાંથી સનાતન આગળ આવીને સૌને પૂછે છે કે આ સવાલ હું તમને તમને અને (પ્રેક્ષકો તરફ ફરીને) તમને પૂછું છું : આ નાટક અહીં પૂરું થાય છે કે અહીંથી શરૂ થાય છે. અહીં પ્રવક્તા-પના મતાનુસાર દરેક યુગમાં ગાંધીનું આગમન તો થતું જ રહેવાનું અને તેની હત્યા પણ થતી જ રહેવાની. એ સિલસિલો ક્યારેય

અટકાવી શકાશે નહિ. આ નાટક પૃથ્વી પર અવિરત ભજવાયા જ કરવાનું, જેવા પ્રવક્તા-પના અભિપ્રાય સાથે અંક ત્રીજો સમાપ્ત થાય છે.

'ગાંધી જયંતી'ના પ્રથમ દૃશ્યનું સ્થળ યમલોક છે. ગાંધીજીને મહાપાપી તરીકે હાજર કરવામાં આવે છે. કારણ લાયક નહીં એવા દેશ અને એ દેશની પ્રજાને તેમણે આઝાદ કરાવ્યો હતો. એ મહાપાપનો દંડ ભોગવવા માટે યમરાજા ગાંધીજીને 'ત્રીસ દિવસ માટે ભારત વર્ષની ભૂમિ પર મોકલી દે છે અને 'ગાંધી જયંતી'ને દિવસે જ વીજળીના કડાકા સાથે સમાધિમાં તિરાડ પડતાં ગાંધીજીનો ભારતભૂમિ ઉપર પ્રવેશ થાય છે. યરવડા જેલમાં પોતાને તેલુગુ ભાષાની બારાક્ષરી શીખવનાર સ્વાતંત્ર્યસેનાની રાજારામની ઓળખ થતાં બાપુ તેમને પ્રજા અને નેતાઓના સમાચાર પૂછે છે. સત્ય, અહિંસા, આકાશ કુસુમવત્ થઈ ગયા છે. તેની પ્રતીતિ કરાવવા રાજારામ બાપુને વિવિધ સ્થળે લઈ જાય છે. ત્રીજા દૃશ્યમાં એન્જિનિયર કોન્ટ્રાક્ટર સાથે ઝઘડતો હોય છે. ગાંધીજીની પ્રતિમા બનાવ્યાના ખર્ચ સાથે પ્રધાને પોતાના પિતાની પ્રતિમા બનાવડાવવાનો ખર્ચ જોડી દઈ પાંચ લાખ રૂપિયા પ્રધાન પોતે જ હજમ કરી ગયો હતો, જેવી વિગતો સાંભળવા મળે છે. એટલું જ નહીં કહેવાતો ગાંધીવાદી એમ.એલ.એ. અહિંસાને બદલે હિંસાને કેન્દ્રમાં રાખીને ભાષણ આપતો હોય એવું લાગે છે. પરંતુ ગાંધીજીને જોતાં જ તેને આશ્ચર્ય થાય છે. ને પ્રજાનું તે તરફ ધ્યાન પણ દોરે છે. જો કે તે ગાંધીજીને અસલી ગાંધી માનવા તો તૈયાર થતો જ નથી. એટલું જ નહિ ગાંધીજી અને રાજારામ બંનેની એ સંદર્ભે દલીલો સાંભળી એ બંનેને દૂર હાંકી કાઢવાનો તે હુકમ પણ કરે છે. ત્યારબાદ પછીના દૃશ્યોમાં ગાંધીજી મતદાર યાદીમાં પોતાનું નામ જોઈ પરેશાન થઈ જતા જોવા મળે છે. પરંતુ રાજારામ તેમને 'આપનું જ નહીં પણ નહેરુ, શાસ્ત્રી, નેતાજી વગેરે બધાનાં નામ છે. તમારા પ્રત્યે જે સ્નેહ આદર છે, તેને કારણે તમારાં નામ મતદાર યાદીમાંથી રદ નથી કર્યાં એમ કહી મજાક કરે છે. મતદાન કરવા ગાંધીજી લાઈનમાં ઊભા રહે છે. પણ ગાંધીના નામે તો મત અપાઈ ચૂક્યો છે, કહી ત્યાંથી તેમને રવાના થઈ જવા જણાવે છે. શાસક પક્ષનો પ્રતિનિધિ તો પોતાના પક્ષને મત આપે તો મતદાન કરવા દઈએ એવી દાદાગીરી પણ કરે છે. ગાંધીજીના મુખે ગુપ્ત મતદાનની વાત સાંભળી પોતાની સામે જ નિશાન લગાવવા ગાંધીજીને તે તરફ પણ પાડે છે. એટલું જ નહીં, પોતાના પક્ષના નેતાને જીતાડવા માટે પોતે રેગિંગ, સાયકલીંગ, બુથ કેપ્ચરીંગ વગેરે જેવા લોકશાહીના અન્ય સિદ્ધાંતોની પણ ગાંધીજીને તે માહિતી આપે છે. આ બધું જોઈ, સાંભળીને મૂંઝાઈ ગયેલા બાપુને રાજારામ હળવાશથી કહે છે : ''ઈન્ડિયા ટુ ડે આજનું ભારત બાપુ !'' ત્યારબાદ એ બંને સંસદ-સત્ર ચાલી રહ્યું છે ત્યાં જાય છે. ત્યાં પણ વિવિધ પક્ષના નેતાઓ વચ્ચે પરસ્પર દોષારોપણ થતું જોવા મળે છે. અચાનક શાસક પક્ષના નેતાની નજર ગાંધીજી પર પડતાં ગાંધીજી ફરી જીવતા થયા છે એવા સમાચાર ગાંધીજીના ફોટા સાથે છાપામાં સતત છપાતા રહે એવી સૂચના પણ તે આપે છે. જેથી પ્રજાનું ધ્યાન મોંઘવારી જેવા પ્રશ્નથી હટી જાય. એમ.એલ.એ યાદગિરિ અને વિરોધ પક્ષની મહિલા નેતા વચ્ચે તું તું મૈં મૈં થઈ જતાં વાત વણસે છે. ખિજાયેલો યાદગિરિ મહિલા નેતા સાથે અસભ્ય વાણી-વર્તન કરે છે. પરિણામે સંસદમાં જબરદસ્ત કોલાહલ થાય છે. આમ, ગાંધીજી રાજારામ સાથે ફરીને ભારત દેશની દુર્દશાનાં ચિત્રો બાપુ નજરે નિહાળે છે. તેથી તેઓ પ્રજાના પ્રતિનિધિ બની ભ્રષ્ટાચારી નેતાઓને ધમકી આપે છે. પરિણામે એ નકલી ગાંધી પર હત્યાનું આળ ચઢાવી ફાંસીની સજા કરાવવામાં એ ભ્રષ્ટાચારી નેતાઓ કામયાબ નીવડે છે. અંતે એ અન્યાયી નેતાઓ પ્રત્યે આક્રોશ ઠાલવતા જોવા મળે છે. જો કે છેલ્લા દૃશ્યના અંતમાં તેઓ પુષ્પક વિમાનમાં સ્વર્ગે જતાં જોવા મળે છે.

આમ, આ બંને નાટકોના કેન્દ્રમાં રાજપુરુષો-નેતાઓનો ભ્રષ્ટાચાર છે. ગાંધીવિચાર આદર્શો, સિદ્ધાંતોની વિડંબના અહીં દરેક દૃશ્યમાં થતી જોવા મળે છે.

'યુગે યુગે' નાટકનો પ્રારંભ કુતૂહલ ભરેલો છે. પ્રેક્ષક વર્ગમાંથી એક ધનંજય નામનો માણસ સ્ટેજ પર આવે છે અને ખાલી ખુરશી જુએ છે. ત્યારબાદ 'સર જાવે તો જાવે પર આઝાદી ઘર આવે' એવી પંક્તિ રજૂ કરી. આઝાદી માટે પોતાની જિંદગી ખુવાર કરી નાખી. પણ હવે ખાલી ખુરશી મળી છે. તો તેની ઉપર બેસી લોકોની સેવા કરવાની ઇચ્છા વ્યક્ત કરે છે. ત્યાં જ પુરંદર નામનો વ્યક્તિ આ ખુરશી પર બેસનાર પ્રધાન ધનંજયનો પોતે પી.એ. છે, એમ જણાવી એક દિવસના તેમના કાર્યક્રમોની વિગતો આપે છે અને એ દ્વારા એક સમયનો કહેવાતો સ્વાતંત્ર્ય સેનાની ધનંજય પ્રધાન બન્યો છે, તેનો સંકેત કરવામાં આવ્યો છે. 'ગાંધી જયંતી' નાટકનો આરંભ પણ કુતૂહલ ભરેલો લાગે છે. યમલોકના કુંડમાં યુગોથી ભભૂકતી જ્વાળાઓ એકાએક બુઝાઈ જાય છે અને સુગંધ આવવા માંડે છે. આથી યમરાજા પણ આ સુગંધ ક્યાંથી આવી એવો પ્રશ્ન પૂછી બેસે છે ને ત્યાં પુણ્યશાળી આત્મા એવા ગાંધીજીને એક મહાપાપી વ્યક્તિ તરીકે હાજર કરવામાં આવે છે.

'યુગે યુગે' સમય ગાંધી જન્મશતાબ્દી વર્ષની ઊજવણીનો છે. એટલે કે ગાંધીજીના અવસાન પછીના વીસએક વર્ષનો ગાળો છે. જ્યારે 'ગાંધી જયંતી' નાટ્યકૃતિનો સમય ૨૦૦૧માં આવેલ ભૂકંપ પછીનો છે. એટલે કે ગાંધીજીના અવસાન પછીના ૫૫ થી ૬૦ વર્ષના સમય પછીનો છે. એટલે આ નાટકના નેતાઓ 'યુગે યુગે'ના નેતાઓની જેમ ગાંધીજી સાથે વીતાવેલી ક્ષણોને વાગોળતા જોવા મળતા નથી. 'યુગે યુગે'માં ખાદી વેચાણ નિમિત્તે અને 'ગાંધી જયંતી'માં ભૂકંપપીડિતો માટેના ફંડ ઉઘરાવવા વિષે બંને નાટકોમાં ગાંધીના નામનો ઉપયોગ કરી નેતાઓ પોતાની ખુરશી સાચવવા યત્ન કરતા દેખાય છે. 'યુગે યુગે'માં ગાંધીજી સાથે રહેલાને ગાંધીને નિકટથી જોયેલા એવા નેતાઓનું પ્રમાણ વધુ છે. જ્યારે 'ગાંધી જયંતી'માં કેટલાકે તો અસલ ગાંધીને જોયા પણ નથી. 'યુગે યુગે'માં જુદાં જુદાં રાજ્યના પ્રધાનો અને જુદા જુદા પક્ષના નેતાઓ છે તેમ 'ગાંધી જયંતી'માં પણ શાસક પક્ષના, રામરાજ્ય પક્ષના, ગરીબ પક્ષના નેતાઓ છે. વિરોધપક્ષનાં મહિલા નેતા છે, એ આ નાટકની વિશેષતા છે. 'યુગે યુગે'માં કુલ ૧૩ પાત્રોમાં બે સ્ત્રી પાત્રો છે. તો 'ગાંધી જયંતી'ના કુલ ૩૩ પાત્રોમાં ફક્ત એક જ સ્ત્રીપાત્ર છે. પણ એ સત્તા સ્થાને છે. 'યુગે યુગે'માં સોહિણી ધનંજયની પત્ની ને પુત્ર કમલની માતા છે. વર્ધા આશ્રમમાં ગાંધીજી સાથે તે પણ રહેલી છે. તેથી ગાંધીના પુનરાગમનના સમાચાર સાંભળી તે પુનઃ સાદગી અપનાવી લેતી જોવા મળે છે. પતિ પોતાના કરતાં વડાપ્રધાન પદને મહત્ત્વ આપતો જોઈ તે આત્મહત્યા કરે છે. તો પુત્ર કમલ ગાંધીપ્રેમી પિતાની અસલિયતની જાણ થતાં સાચા ગાંધીવાદી દિલાવરસિંહ પાસે પહોંચી જાય છે.

'યુગે યુગે'માં સનાતનનું પાત્ર એક યુવાવર્ગનું પ્રતિનિધિત્વ કરતું પાત્ર છે, સત્ય ને સ્પષ્ટવક્તા છે. નેતાઓની પણ મજાક-મશ્કરી તે આસાનીથી કરી શકે છે. ગાંધીજીને તેણે કદી જોયા નથી પણ એમના આગમન માત્રના સમાચારથી નેતાઓ પારેવાંની જેમ ફફડી ગયા છે તેનો તેને સુપેરે ખ્યાલ આવી જાય છે. એ રીતે જોતાં ગાંધીજી તેને કોઈ એક વિશેષ વ્યક્તિ લાગે છે. તેથી તેને ગાંધીજી માટે પણ આદર હોય છે. આ સનાતન કમલનો મિત્ર અને પ્રેમી પણ છે. સનાતનને ચુસ્ત ગાંધીવાદી રહેમતચાચા અને દિલાવરસિંહ માટે પણ માન છે. મોવડીઓના આદેશથી વારંવાર અપમાનિત થયેલા રહેમતચાચાને 'લાંચને આંચ નહિ' એમ કહીને નેતાઓની જેમ લાંચ લેવાની સલાહ આપે છે. છેલ્લા દશ્યમાં પ્રવક્તા-૫ની ભૂમિકા સનાતન જ ભજવતો હોય એવું લાગે છે. ગાંધીજી પાછા આવે તો તેમનાથી મુક્ત થવા તેમની હત્યા જ કરવી પડે જેવો બતાવેલો ઉપાય પણ પ્રવક્તા-૫ ની કોઠાસૂઝનો પુરાવો છે. આમ, આરંભનો બળવાખોર યુવક પણ નાટ્યાંતે ભ્રષ્ટાચારી નેતાઓ દ્વારા મજબૂર કે ગુમરાહ બની જતો જોવા મળે છે.

સર્વ પક્ષોનો વગદાર કાર્યકર મહામંગળપ્રસાદ બધા પ્રધાનો, નેતાઓને આંગળીના 'ટેરવે' નચાવતો

દેખાય છે. એ મહામુત્સદ્દી, સ્વાર્થી અને લંપટ છે. સોહિણીનો પૂર્વ પ્રેમી પણ છે. 'ગાંધી જયંતી'માં સૌથી સ્વાર્થી, ભ્રષ્ટાચારી નેતા શાસકપક્ષનો નેતા છે. આમ, બંને નાટકોના નેતાઓ સ્વાર્થી, સત્તાભૂખ્યા, ધનભૂખ્યા, જૂઠાબોલા, હિંસાવાદીઓ છે. 'યુગે યુગે'માં રહેમતચાચા અને સંત દિલાવરસિંહ એ બંને ચુસ્ત ગાંધીવાદીઓ છે. ગાંધીજીના સાચા અનુયાયીઓ છે. એમાં રહેમતચાચાનું પાત્ર તો આ નેતાઓ દ્વારા ડગલે ને પગલે અપમાનિત થતું જોવા મળે છે. જ્યારે સંત દિલાવરસિંહની પીઠ પાછળ ટીકા કરનારા નેતાઓ તેમની સન્મુખ તો મિંયાની મીનડી જેવા જ બની રહે છે. વૈજ્ઞાનિક પ્રો. રાઘવન અહીં સૂચિત પાત્ર છે. પણ ગાંધી સદેહે અવતારવાનો તેમનો પ્રયોગ જોતાં આ પાત્ર ગાંધીભક્ત તરીકેનો અહેસાસ કરાવી જાય છે.

'ગાંધી જયંતી'માં અસલી ગાંધીવાદી પાત્રોમાં માત્ર એક જ જોવા મળે છે અને તે છે રાજારામનું પાત્ર. સમગ્ર નાટકમાં લગભગ ગાંધીજીની સાથે રહેતું આ પાત્ર ગાંધીજી માટે આશ્વાસનરૂપ બની રહે છે. પણ નેતાઓની વચ્ચે સંત દિલાવરસિંહનો જે પ્રભાવ પડે છે એવો પ્રભાવ આ પાત્ર પાડી શકતું નથી. ગાંધીજીની સાથે ક્યારેક આ પાત્રની પણ અવહેલના થતી જોવા મળે છે. 'યુગે યુગે'માં પ્રધાનો ગાંધીના નામે સ્વાર્થ સાધતા જોવા મળે છે. તો 'ગાંધી જયંતી'માં પુનર્જીવિત થયેલા ગાંધીજીને નેતાઓ અસલી ગાંધી તરીકે પ્રજા સમક્ષ મૂકી પોતાની ધનલાલસા તુષ્ટ કરતા જોવા મળે છે. ગાંધીજીના પાત્રની કરુણતા એ છે કે નાટકના ત્રીજા દૃશ્યથી જીવિત થયેલ ગાંધીજીને તેમના અંત પર્યંત નકલી ગાંધી તરીકે જ તેમને હડધૂત કરતા રહે છે. અલબત્ત આ પાત્રનો અસલી ગાંધી તરીકે તેઓ ક્યારેક સ્વીકાર કરતા જોવા મળે છે ખરા, પણ એમાં પોતાનો અંગત સ્વાર્થ સાધવાનો હોય, ખુરશી સાચવવાની હોય, ફંડ ઉઘરાવવાનો હોય, મોંઘવારી જેવા પ્રશ્નો પરથી પ્રજાનું ધ્યાન હટાવવાનું હોય ત્યારે. અહીં પ્રજા તો ગરીબ ગાય જેવી જોવા મળે છે. 'દીકરીને ગાય દોરે ત્યાં જાય' એવી પરિસ્થિતિ અહીં જોવા મળે છે. અહીંના રાજપુરુષો તો ગાંધીના નામની અવિરત માળા જપ્યા કરે છે. પણ તેમને ગાંધીજીનો સાક્ષાત્કાર કરવો મંજૂર નથી, પસંદ પણ નથી. તેથી જ તેઓ ગાંધીના પુનઃ આગમનને વધાવવા તૈયાર થતા જ નથી. ઊલટું બાપુનું આગમન જ ન થાય એવા પ્રયાસો કરે છે. આ નેતાઓ ઘાતકી, ક્રૂર, હિંસાવાદી છે. ગાંધીને સદેહે પૃથ્વી પર અવતરણ કરાવનાર પ્રો. રાઘવનની જ હત્યા કરવા તેઓ પ્રયાસ કરે છે. જેથી 'ન રહે બાંસ ન બજેગી બાંસુરી' જેવી સ્થિતિ સર્જાય. પણ આ ષડયંત્ર નિષ્ફળ જતાં નેતાઓ તેને પરદેશી હોવાનું જાહેર કરી જેલમાં ધકેલી દેવાનો નિર્ણય કરે છે. તો પ્રજાવત્સલ સંત દિલાવરસિંહને ટ્રક અકસ્માતનો ભોગ બનાવી સ્વર્ગે મોકલવા યત્ન કરે છે. પણ 'રામ રાખે તેને કોણ ચાખે' જેવી સ્થિતિ થતાં એ નેતાઓ ગભરાઈ જાય છે. અંતે ઉપવાસ કરીને એ સંત દેહ પાડે તેમાં વચ્ચે ન પડવાનો નિર્ણય એ જ પોતાને માટે સલામતીભર્યો છે એમ તેઓ માને છે. તો બીજી બાજુ ખુદ ગાંધીનું પુનઃ આગમન થતાં પ્રજામાં કેવી આંધી સર્જાશે એનો પણ તેમને પૂરેપૂરો અનુભવ છે. તેથી કોઈ પણ હિસાબે એ પાછા ન આવે એ માટે સર્વ પક્ષના નેતાઓની સભા બોલાવવામાં આવે છે. 'ગાંધી જયંતી'માં પણ નકલી ગાંધી ભ્રષ્ટાચારી નેતાઓ સામે પ્રજાનો સાથ લઈ લાલબત્તી ધરે છે. ત્યારે એ બધા ભડકી જાય છે પરંતુ 'મેરી બિલ્લી મુઝસે મ્યાંઉ' કરી જાય એવી પોતાની થયેલી સ્થિતિ નેતાઓ સહી શકતા નથી. તેથી નકલી ગાંધીને પોતાના માર્ગેથી હટાવવા માટે શાસક પક્ષનો નેતા પોલીસ કમિશ્નર સાથે મળીને માસ્ટર પ્લાન કરે છે. ને એમાં બધા જ નેતાઓ તેને સહકાર આપે છે.

'ગાંદી જયંતી'માં યમલોકમાં યમરાજા સમક્ષ થતા મહાપાપી તરીકે ગાંધીના પ્રવેશનું દૃશ્ય ફેન્ટસી પ્રકારનું છે. એ જ રીતે દૃશ્ય ૨ માં વીજળીના કડાકા સાથે ગાંધીજીની સમાધિમાં તિરાડ પડવી અને એમાંથી ગાંધીજીનું પુનર્જીવિત થઈને બહાર આવવું. એ અંશ પણ ફેન્ટસી છે તો ૧૩મા દૃશ્યનો અંત પણ ફેન્ટસી-સભર બન્યો છે. અહીં પાછા ફરેલા ગાંધી આરંભથી અંત લગી નકલી ગાંધી તરીકે ઓળખાયા છે. 'યુગે

યુગે'માં ગાંધી ક્યાંય સદેહે તો દેખાતા જ નથી. પણ પ્રો. રાઘવન તેમને વૈજ્ઞાનિક પદ્ધતિથી સદેહે લાવનાર છે, એવા કુતૂહલપ્રેરક સમાચાર સાંભળતા જ નેતાઓના હાંજા ગગડી જાય છે અને ગાંધીજી પાછા પૃથ્વી પર ન આવે માટે તેઓ આકાશપાતાળ એક કરવા જેવું કરે છે.

'ગાંધી જયંતી' નાટકના ૧૧-૧૨ અને ૧૩નાં દશ્યો કૉર્ટનાં છે. સરકારી વકીલ ગાંધીજીને બહુરૂપી માણસ તરીકે જ ઓળખાવે છે. ભૂકંપપીડિત લાકો માટે ફાળો લેવા નિમિત્તે એ લાખો રૂપિયા ખાઈ જવા માગતો હતો. એમ.એલ.એ. યાદગિરિએ તેની સાચી હકીકતો મેળવીને એનું રહસ્ય છતું કરી દેવાની ધમકી આપી. તેથી આ બહુરૂપી માણસે તેનું ખૂન કર્યું છે. આમ, દેશની રાજનીતિને સુધારવાની આકાંક્ષા રાખનાર ગાંધી પર દેશદ્રોહનો અને હત્યાનો આક્ષેપ ચઢાવી ગાંધીને ફાંસીને માંચડે પહોંચાડવામાં આ ભ્રષ્ટાચારી નેતાઓ સફળ થતા જોવા મળે છે. ગાંધીજી સ્વબચાવ અર્થે શક્ય એટલી દલીલો કરે છે. પણ અન્યાયી ન્યાયતંત્ર તેને ગેરવાજબી ગણાવે છે. ન્યાયાધીશ ગાંધીજીને તેમની અંતિમ ઇચ્છા પૂછે છે ત્યારે ગાંધીજી ફરી જન્મ લેવાની ઇચ્છા વ્યક્ત કરે છે. પરંતુ હવે પોતે એક ગાલ પર તમાચો ખાઈને પણ બીજો ગાલ ધરે એવો ગાંધી બનીને નહીં આવે. પણ ભ્રષ્ટાચારી નેતાઓને સજા કરવા માટે પોતે કોઈપણ સ્વરૂપે કુહાડી, હળ, કલમ વગેરે બનીને આવશે. અસત્ તત્ત્વોના નાશ માટે પોતે જડ-ચેતનમાં સઘળે વ્યાપીને રહેશે. પોતે અન્યાયના મિનારાઓને મીટાવી દેશે, અસત્યની છાયા અને અંધકારની દીવાલોને પોતે જ દૂર કરશે. છેલ્લે 'હું આવીશ, ખબરદાર' કહીને ગાંધી માંચડા પર પહોંચે છે. આ નાટકમાં ગાંધીપ્રવેશ થયા પછી ૧૨ દશ્યો સુધી કહેવાતા નકલી ગાંધી સંપૂર્ણતઃ અસલી ગાંધી જેવા સત્ય, અહિંસાના પ્રણેતા ન્યાયપરાયણ વગેરે ગુણોથી સભર જણાય છે. પણ અંતે આ ગાંધીમાં જબરજસ્ત પરિવર્તન થતું અનુભવાય છે. ખાસ કરીને અન્યાયી, ભ્રષ્ટાચારી, સ્વાર્થી નેતાઓને કારણે. છેલ્લે તો ગાંધીજીનો એ નેતાઓ પ્રત્યે ભયંકર પુણ્યપ્રકોપ ઠલવાતો જોવા મળે છે. ગીતાના ૧૧ મા અધ્યાયમાં અર્જુનને વિરાટરૂપ બતાવનાર કૃષ્ણની વાણી જેવી વાણી અહીં ગાંધીમુખે સાંભળવા મળે છે. ફાંસી અપાયા બાદ દેવાધિદેવ ઇન્દ્ર પણ ગાંધીજીને બિનઅપરાધી પવિત્ર પુણ્ય આત્મા ગણીને તેમને માટે પુષ્પક વિમાન મોકલી ગાંધીનો આદર કરે છે. આમ, 'ગાંધીજયંતી'ના સર્જકે અહીં ગાંધીમૂલ્યો, આદર્શોનો રકાસ બતાવ્યો છે. ગાંધી-સિદ્ધાંતોની વિડંબના થતી દર્શાવી છે. ખુદ ગાંધીને આરંભથી અંત સુધી તિરસ્કૃત થતા બતાવી અને અંતે નકલી ગાંધીનો ઇન્દ્રદેવ દ્વારા અસલી ગાંધી તરીકે આદર સત્કાર થતો દર્શાવી, આ નાટકના સર્જક ગાંધી અને ગાંધીવિચાર પ્રત્યેના પોતાના સ્નેહ-આદરની ભાવનાને સુપેરે વ્યક્ત કરી છે.

જ્યારે 'યુગે યુગે'માં ડગલે ને પગલે ગાંધીઆદર્શ વિચારોની હત્યા થતી બતાવી છે. અને એ રીતે સર્જક ગાંધી મૂલ્યોનો હ્રાસ બતાવી પૂજનીય વંદનીય ગાંધીજીના પ્રભાવને અંતપર્યંત વધુ ને વધુ પ્રભાવશાળી બનાવી શક્યા છે. લાંચરુશ્વતખોર નેતાઓની વચ્ચે જ ગાંધીજીને વૈજ્ઞાનિક પદ્ધતિએ સદેહે લાવવાની કાલ્પનિક વાત કરી અને એના આગમનને અટકાવવા માટે કહેવાતા ગાંધીવાદીઓના ધમપછાડા-પ્રતિક્રિયાઓ અને તેમના પ્રતિભાવો રજૂ કરી શ્રી હરીન્દ્ર દવેએ પણ 'ગાંધી' અને તેમના વિચારો, આદર્શો પ્રત્યે પ્રીતિભાવ જ દર્શાવ્યો છે. એમ નિઃશંકપણે કહી શકાય. ગાંધીજીના અવસાન પછી પણ એમના વિચારોની અસર આ સાહિત્યકારો ઉપર કેવી પ્રબળ છે તેની આ બે નાટ્યકૃતિઓ શાહેદી પૂરે એવી છે.

# સ્વ. શ્રીમતી પુષ્પાબહેન મહેતા, (વિકાસગૃહ અમદાવાદ)*

◆

**રમા ઠાકોર**

**એક જ્યોતિર્મયી સમાજસેવિકાનું અવિસ્મરણીય જીવનદર્શન**

વેદના સમયનું ભારત અને તેની સંસ્કૃતિ વિશ્વમાં ઉચ્ચતમ હતી. પુરાતન આ સભ્યતા એક સમયે ઉન્નતિનું ગિરિશૃંગ પાર કરી શકી હતી. એના સંસ્કાર એટલા બધા પ્રબળ હતા કે આજે હજારો વર્ષ પસાર થયા પછી પણ ભારતની પ્રજામાં માનવતા વીસરાઈ નથી. દૈવી અને સાત્ત્વિક ગુણોનો પ્રભાવ આજે પણ જીવંત છે, સમયના વહેણની સાથે એની તેજસ્વિતાને ઝાંખપ જરૂર લાગી છે પરંતુ જો સજાગ રહીશું તો પૂર્વની સ્થિતિ જરૂર પાછી મેળવી શકીશું. એટલા સંસ્કાર હજી પણ છે

વેદ પછી પુરાણનો, બ્રાહ્મણનો, આરણ્યકનો સમય આવ્યો. વેદના સમયમાં સમાજમાં અને કુટુંબમાં સ્રીને અને પુરુષને સમાન ભાવે આદર અપાતો. સ્ત્રીઓનું ગૌરવ પણ સચવાતું હતું. દીકરો કે દીકરી બધાંને શિક્ષણ અને વ્યવહાર ક્ષેત્રે સરખી તકો આપવામાં આવતી. ભારતના જેટલી સ્ત્રી-પુરુષની સમાનતા વિશ્વના કોઈ પણ દેશે અપનાવી નથી. આપણો દેશ મહાન હતો અને મહાન રહેશે જ.

પરિસ્થિતિ બદલાઈ. સ્ત્રીશિક્ષણના બે વિભાગ પડી ગયા. કેટલીક સ્ત્રીઓ લગ્ન સુધી જ અભ્યાસની મર્યાદા રાખતી, જ્યારે બીજી બ્રહ્મવાદિની એટલે કે જીવનભર તપ અને સ્વાધ્યાયમય રહેનારી યોગિનીઓ. વાંચ્યું છે કે ઋગ્વેદમાં જ પરમસત્યનો સાક્ષાત્કાર કરી ચૂકેલી બ્રહ્મવાદિનીઓનાં સત્તાવીશ નામો છે. જેમાંનાં મુખ્ય કહી શકાય તેવાં ગાર્ગી, વડવા, મૈત્રેયી, પરમહંસ દશામાં વિચરતી મહાન યોગિની સુલભા, લોપામુદ્રા, અપાલા, પ્રખર મીમાંસક મંડનમિશ્રનાં પત્ની ભારતી વગેરે વગેરે ઘણાં નામો છે. ઘણી તો અવધૂત દશામાં જ વિચરતી હતી.

પછી આવ્યો પુરાણોનો યુગ, તેમાં ગાંધારી, કુન્તી, દ્રૌપદી, સાવિત્રી, દમયંતી વગેરે વગેરે અને પછીના ઇતિહાસમાં ગણિત નિષ્ણાત લીલાવતી, વિરાંગના સંયુક્તા, રાજમાતા મીનળદેવી વગેરે વગેરે.

ત્યાર બાદ આવ્યો પંડિતયુગ-ગાંધીયુગ. વચ્ચે મધ્યયુગમાં અંધકાર છવાયો. અંધકાર અને પ્રકાશ સુખ અને દુઃખ એ તો સંસારમાં ચાલ્યા જ કરે. ચઢતી-પડતી, પડતી-ચઢતી આ ચક્રાવો અતૂટ ગતિશીલ છે. કુટુંબ, સમાજ અને દેશ સર્વને આ અનુભવ થાય છે. મધ્યયુગમાં ભક્તિમાર્ગમાં ભજનો લખતી કેટલીક કવયિત્રીઓ થઈ ગઈ છે. પછીના સમયમાં એની બેસન્ટ, મેડમ મોન્ટેસારી, પૂ. કસ્તૂરબા, સરોજિની નાયડુ, કમલાદેવી ચટ્ટોપાધ્યાય વગેરે ઘણી ઘણી બહેનો સ્ત્રીનેતા થઈ ગઈ.

ઓગણીસમી અને વીસમી સદીમાં અસ્તિત્વમાં આવેલા આધુનિક ભારતવર્ષે મહાન રાષ્ટ્રિય ઉત્થાન નિહાળ્યું છે. વચલા કેટલાક સમય માટે સુષુપ્ત દશામાં રહેલી સંસ્કૃતિ અને ધર્મને વેગ આપવાની પ્રેરણા મળી. સ્વામી વિવેકાનંદ અને એમના અન્ય અનુયાયીઓ અને સંન્યાસીઓની જ્વલંત દોરવણી અને એમના પ્રબુદ્ધ માર્ગદર્શન દ્વારા રામકૃષ્ણ મિશને તેમજ પૂજ્ય મહાત્મા ગાંધીજીની રાષ્ટ્રવ્યાપી પ્રવૃત્તિઓએ મેળવી આપેલી સિદ્ધિઓ પણ નાનીસૂની નથી. આજે ભારતમાં સ્ત્રીઓ સામાજિક, આર્થિક, સ્વતંત્રતાના વાતાવરણમાં જીવી રહી છે તે પૂજ્ય ગાંધીજીના પ્રેરક બળને આભારી છે. પૂ. શારદામણિદેવીનું સમર્પણ પણ આ દિશામાં અગત્યનું છે. આજથી બે સદી પહેલાં શ્રી સહજાનંદ સ્વામીએ સ્ત્રી ઉન્નતિના ઉપાયો કોઈ કાયદા કે સત્તાના

* તા. ૧૬-૦૮-૦૬ને બુધવારે અભિરુચિમાં આપેલ વ્યાખ્યાન.

જોરે નહિ પરંતુ માત્ર એક અનોખી સમજાવટને બળે પૂર્ણ કર્યા હતા.

શ્રીમદ્ ભગવદ્ગીતાના ''વિભૂતિયોગ'' દશમા અધ્યાયમાં એક શ્લોક છે. ''कीर्तिः श्रीर्वाक् च नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा ॥ ૩૪''. બીજો પણ એક શ્લોક છે : ''દયા, ભક્તિ, પ્રીતિ, સુધા, લક્ષ્મી, કાન્તિ, મહા મુદા''. આવાં સ્ત્રીવાચક નામો જગતની ઐશ્વર્યવાળી, શોભાવાળી, બળ કે પ્રાણવાળી જે જે વસ્તુઓ છે તે ભગવાન કહે છે. એમના જ તેજના અંશથી ઊપજેલી છે. વિશ્વમાં અનેક મહાન ઐશ્વર્યવાળી મહિલાઓ થઈ ગઈ અને આજે પણ અસ્તિત્વમાં છે તે ઈશ્વરની શક્તિ એ સ્વરૂપે અવતરણ પામી છે અને પ્રભુએ જ એ રૂપો જગત્ હિતાર્થ ધર્યાં હોય તેવું પણ બની શકે.

ગાંધીયુગમાં જ જોઈએ તો કેટલીક બધી મહાન મહિલાઓ થઈ ? પૂ. કસ્તૂરબા, વિજયાલક્ષ્મી પંડિત, અમૃત કૌર, ચીમનાબાઈ ગાયકવાડ, વિદ્યાબહેન નીલકંઠ, શારદાબહેન મહેતા, સરલાદેવી સારાભાઈ, ભક્તિબા, મીઠુબહેન પીટીટ, મૃદુલાબહેન સારાભાઈ, મણીબહેન નાણાવટી વગેરે ઉપરાંત ઘણી ઘણી બહેનો આઝાદીની ચળવળમાં અને સમાજની સેવામાં પ્રવૃત્ત થઈ ગયાં. પૂ. ગાંધીજીની ચળવળે પ્રજામાં અનેરો જુવાળ પેદા કર્યો હતો.

તેમાં સ્વ. શ્રી પુષ્પાબહેન મહેતાનું નામ પ્રથમ હરોળમાં મૂકી શકાય તેવું હતું. આપણે ત્યાં જીવનચરિત્રનું સાહિત્ય પ્રમાણમાં અલ્પ છે. આત્મકથા, જીવનકથા, જીવનચરિત્ર કે નોંધરૂપે ડાયરી લખવાનો હેતુ એ જ હોઈ શકે કે વ્યક્તિએ પોતાના ક્ષેત્રમાં પોતાના સમયના સમાજમાં કાંઈક સિદ્ધ કરી બતાવ્યું છે. તેની યાદ રાખવા માટે નોંધ રાખવી આવશ્યક છે. સામાન્ય વ્યક્તિ આત્મકથા લખવા નથી પ્રેરાતી. સમાજમાં પોતાના કાર્યથી કાંઈક ઉપલબ્ધ થવાનો સંતોષ થયો હોય અને તેવું કાર્ય નવી પેઢી અપનાવી શકે અથવા એને માર્ગે કાર્યશીલ થઈ શકે તે માટે આત્મકથા લખી અંગુલી નિર્દેશ કરવો. એક ધ્યેય નિશ્ચિત કરી તે ધ્યેય સિદ્ધ ના થાય ત્યાં સુધી તેને જ ધ્રુવતારક ગણી લક્ષ્ય તે તરફ રાખી પુરુષાર્થ કરતાં જ રહેવાનો સતત પ્રયત્ન કરવો. અન્યની આત્મકથા કે જીવનકથા વાંચીને કે સાંભળીને આપણને પણ કાંઈક પ્રાપ્ત થયું છે તેવી પ્રેરણા મળવી જોઈએ. આત્મકથા વાંચી કે તેનું નિરૂપણ કરીને અટકી નથી જવાનું. તેમાંથી આપણે ક્યાં છીએ, સમાજ માટે કાંઈ કરી શક્યા છીએ કે નહીં તે વિચાર કરવો જોઈએ. આપણે આ પ્રકારના સેમિનારોનું આયોજન કરી તેનો અભ્યાસ કરી કાંઈક નવું શીખીએ-સમજીએ તેવો ખ્યાલ આવે તો પ્રયત્ન સાર્થક થયો કહેવાય.

આજે આપણે સ્વ. શ્રી પુષ્પાબહેન મહેતાએ સમાજસેવાની પાછળ પોતાનું સમગ્ર જીવન કેવી રીતે અર્પણ કર્યું તેની વાત કરીશું. પુષ્પાબહેન મહેતાની પોતાની લખેલી આત્મકથા નથી પરંતુ તેમણે લખેલી નોંધો તથા ડાયરીઓમાંથી આપણને એમના જીવન સંબંધી ઘણું સાહિત્ય મળે છે. વિકાસગૃહે બહાર પાડેલાં સુવેનિયરો, તેમનો જન્મ શતાબ્દી વિશેષાંક, તેમના જીવનવૃતાન્ત પર અભ્યાસપૂર્ણ મહાનિબંધ, સુસ્મિતાબહેન મેઢનું ''વડલાના વાવેતર'' નામનું પુસ્તક ''મહિલા ગૌરવના મશાલચી'' નામનો પુષ્પાબહેન મહેતા સ્મૃતિગ્રંથ વગેરે ઘણું સાહિત્ય મેં ભેગું કર્યું, વાંચ્યું ત્યારે મને લાગ્યું કે સમયના અભાવે પુષ્પાબહેન આત્મકથા નથી લખી શક્યાં પણ ઉપરોક્ત લખાણોમાંથી આત્મકથા જેવું જ સાહિત્ય મળે છે જે ખૂબ સમજવા જેવું છે. જાણવા જેવું છે. આપણી અને આવતી પેઢીને માર્ગદર્શક છે એમનું અનુકરણ કરી શકીએ તે તો શક્ય જ નથી, પરંતુ તે વાંચી સમજીને તે સમયની સામાજિક સ્થિતિ કયા પ્રકારની હતી તે જાણીશું તો પણ લાભદાયી નીવડશે. રૂઢિચુસ્ત સમાજમાં આ બહેન કેવી રીતે આટલું બધું કાર્ય કરી શક્યાં તેનો તો જરૂર ખ્યાલ આવશે.

પુષ્પાબહેનના જીવનમાં ચઢાણ ઉતરાણ તો અસંખ્ય આવ્યાં. પરંતુ આ ખાડાટેકરા કેટલી શૂરવીરતાથી પાર કર્યા તે જ નવાઈ જેવું લાગે છે.

એમનું જીવન મુખ્ય ચાર તબક્કાનું છે. કોઈપણ વ્યક્તિની પ્રતિભાનાં બીજ નાનપણમાં વવાયાં હોય

છે. આપણે પુષ્પાબહેનના જીવનની તવારીખ ટૂંકમાં ક્રમવાર જોઈએ. એમના જીવનમાં બનેલી ઘટનાઓનું એમના જ શબ્દોમાં આલેખન કરીશું.

એમનો જન્મ સને ૧૯૦૫ના માર્ચની તા. ૨૧ મી એ ધુળેટીને દિવસે પ્રભાસપાટણમાં થયો હતો. પિતા હરપ્રસાદ દેસાઈ પોલીસ અમલદાર બહારવટિયા સામે બાથ ભીડનાર, બહાદુર વીર પુરુષ હતા. વાચનશોખ, ભાષાઓનું જ્ઞાન, સમાજસુધારક, સ્ત્રી કેળવણીમાં માનનારાં, માતાપિતા બન્ને દુ:ખિયાનો વિસામો હતા. મૂંઝાયેલી સ્ત્રીઓને આશ્વાસન આપતાં. પુષ્પાબહેન સાથે પાંચ ભાઈબહેન હતાં. પુષ્પાબહેન બીજા ક્રમે હતાં. ૧૯૧૩ સુધી ગીરના જંગલમાં રહેવાનું હતું તેથી ઘરમાં જ શિક્ષણ લીધું. પ્રાથમિક શિક્ષણ પ્રભાસપાટણમાં લીધું પછી બધાં અમદાવાદ આવ્યાં. ૧૯૧૭માં થોડો સમય રહ્યા બાદ અમદાવાદમાં પ્લેગ થયો ને પાછા પ્રભાસપાટણમાં રહી ઘરમાં જ ટ્યુશનથી અભ્યાસ કર્યો. વાચનનો શોખ, જબ્બર યાદશક્તિને લીધે પૌરાણિક કથાઓ, શ્લોકો કંઠસ્થ થઈ ગયાં. પ્રથમ સંસ્થા ''સેવાસમાજ'' પંદર વર્ષની ઉંમરે સ્થાપી. લોકમાન્ય તિલકના અવસાનની શોકસભામાં પ્રથમ ભાષણ કર્યું. ''સેવામિત્ર'' નામનું હસ્તલિખિત માસિક પ્રગટ કરેલું. ૧૯૨૦ના મે માસની ૨૧મી તારીખે પુષ્પાબહેનનાં લગ્ન થયાં. પતિ વિદ્યાવ્યસંગી હતા. ૧૯૨૨ માં પુત્રી ઉષાબહેનનો જન્મ ૧૯૨૩માં પિતાનું અવસાન થયું. અભ્યાસ ચાલુ હતો. ૧૯૨૯ કર્વે યુનિ.ની મેટ્રિકની પરીક્ષા પસાર કરી. ૧૯૩૦ માતાનું અવસાન થયું. કમનસીબે માત્ર ૨૬ વર્ષની ઉંમરે ત્રણ જ દિવસની માંદગીમાં પતિ જનાર્દનરાયનું અવસાન થયું. હિંમત ના હારતાં અભ્યાસ ચાલુ રાખી ૧૯૩૪માં બી.એ.ની પરીક્ષામાં યુનિ.માં પહેલે નંબરે પાસ થયાં. ૧૯૩૪માં જ મૃદુલાબહેન સારાભાઈના સંપર્કમાં આવ્યાં. મ્યુ. ગર્લ્સ હાઈસ્કૂલમાં ટૂંક સમય માટે નોકરી કરી, પરંતુ પૂ. મહાત્મા ગાંધીજીએ સ્ત્રીઓને ઘરની ચાર દીવાલમાંથી બહાર નીકળી સ્વાવલંબી બની દેશ માટે કંઈક કરી છૂટવાની હાકલ કરી હતી. મૃદુલાબહેને ૧૯૩૪માં જ્યોતિસંઘની સ્થાપના કરી અને પુષ્પાબહેન આ જ વર્ષથી જ્યોતિસંઘમાં જોડાયાં. ૧૯૩૬માં એમ.એ. થયાં. ૧૯૩૬ થી ૧૯૪૦ જ્યોતિસંઘના મુખ્યમંત્રી તરીકે કામ કર્યું. ૧૯૩૭માં વિકાસગૃહની સ્થાપના કરી. ૧૯૩૮માં હરિપુરા કૉંગ્રેસમાં ગાંધીજી અને સરદારના આદેશથી સ્વયંસેવિકા દળનું નેતૃત્વ સ્વીકાર્યું. સ્વાતંત્ર્યની લડતના યોદ્ધા બન્યાં. ૧૯૪૧માં અમદાવાદમાં હુલ્લડ, ૧૯૪૨માં હિન્દ છોડો ચળવળ, ૧૯૪૪માં મુંબઈમાં ધડાકામાં રાહતકાર્ય, હળવદમાં ''પંચોળી પ્રસૂતિગૃહ''ની સ્થાપના, ૧૯૪૫માં રાજકોટમાં 'કાન્તા સ્ત્રી વિકાસગૃહ'ની સ્થાપના. ૧૯૪૫માં વઢવાણમાં વિકાસ વિદ્યાલય, તે જ વર્ષમાં ગુજરાત સામાજિક સંસ્થા મધ્યસ્થ મંડળની સ્થાપના, ૧૯૪૬માં દુકાળમાં રાહત- કાર્ય, ૧૯૪૭માં આરઝી હકૂમતમાં માત્ર એક સ્ત્રી મોવડી તરીકે પ્રધાનમંડળમાં, શિક્ષણ અને સમાજકલ્યાણના મંત્રી તરીકે કાર્ય કર્યું. ૧૯૪૭માં 'ભગિની' માસિકનું મંત્રી પદ સંભાળ્યું. ૧૯૪૮માં જૂનાગઢમાં ''શિશુમંગલ'' ની સ્થાપના. ભાવનગરમાં ''તાપીબાઈ વિકાસગૃહ'' , અમરેલીમાં જડાવબહેન વિકાસગૃહની સ્થાપના. ૧૯૫૧માં માલધારી. સંઘની સ્થાપના કરી. સાસણમાં, ઝરેરામાં, દેવડામાં આશ્રમશાળા અને કુતિયાણામાં સ્કૂલની સ્થાપના કરી. ૧૯૫૫માં ''પદ્મભૂષણ''નો ઇલ્કાબ મળ્યો, ૧૯૫૬માં સૌરાષ્ટ્ર સમાજકલ્યાણ બૉર્ડના ચેરમેન નિમાયા. પછી મુંબઈ રાજ્યના બૉર્ડના ચેરમેન, મુંબઈ વિધાનસભાના ચૂંટાયેલાં સભ્ય થયાં. ૧૯૬૧થી ગુજરાત રાજ્ય બૉર્ડનાં ચેરમેન નિમાયાં. કચ્છ અને બનાસકાંઠાની બહેનોમાં જાગૃતિ લાવવા માટે ત્યાં સમાજકલ્યાણનાં કેન્દ્રો સ્થાપ્યાં. ૧૯૫૮માં અખિલ ભારતીય નૈતિક સામાજિક સ્વાસ્થ્ય સંઘની ગુજરાત રાજ્યની શાખા તેમના જ પ્રયત્નોથી અમદાવાદમાં શરૂ થઈ. ૧૯૬૨ માં તેઓ આપઘાત સમિતિના અધ્યક્ષપદે નિમાયાં. ૧૯૬૬માં રાજ્યસભાના સભ્ય તરીકે તેઓ ચૂંટાયાં. ૧૯૭૦ તથા ૧૯૭૨માં પૂર રાહતકાર્ય, ૧૯૮૨માં વાવાઝોડું તથા પૂરમાં સક્રિય થયાં. ૧૯૭૫માં આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષમાં અખિલ હિંદ મહિલા પરિષદની અમદાવાદ શાખાએ પુષ્પાબહેનનું સન્માન કર્યું હતું. ૧૯૭૮માં મહિલા પરિષદની ગુજરાત શાખા તરફથી વિદ્યાગૌરી નીલકંઠ સ્મૃતિચંદ્રક અર્પણ થયો.

૧૯૮૩માં જાનકીદેવી બજાજ એવોર્ડ અને સ્ત્રી અને બાળકોની વર્ષો સુધી સેવા કર્યા બદલ એક લાખ રૂપિયાનો ઍવોર્ડ અને સન્માન મળેલ. ૧૯૮૫માં કાર્યમાં વ્યસ્ત હતાં ત્યાં જ દીકરી ઉષાબહેનનો મંદવાડ અને મૃત્યુ થયું ખૂબ હિંમતથી ઘા ઝીલ્યો. પછી તો થાપાનું ફ્રેક્ચર થયું અને સને ૧૯૮૮ના એપ્રિલની ૨જીએ સવારે અગિયાર વાગે એમનું અવસાન થયું.

શ્રીમતી પુષ્પાબહેન મહેતાની જીવન તવારીખનું ટૂંકમાં જ વર્ણન કર્યા બાદ એમના જ શબ્દોમાં ''મારા જાહેર જીવનનો પહેલો દિવસ'' લખાણનું અવલોકન કરીશું.

પ્રાથમિક શાળામાં પ્રથમ શ્રેણી પસાર કરીને ઇનામ મળ્યું. બીજી વિદ્યાર્થીને પોતાને ઇનામ ના મળ્યું તેથી રોવા લાગી, પુષ્પાબહેને પોતાનું ઇનામ એ બાળકીને આપી દીધું. એમનું હૈયું કેટલું મુલાયમ અને ઉદાર હતું તેનો ખ્યાલ આવે છે. એમનાં મા રાજી થયાં. અન્યને માટે પ્રેમ અને વિશાળ હૃદય નાનપણથી જ સંસ્કાર-બીજરૂપે હતાં તે જ સમાજસેવકનાં બીજ તેમના જીવનદર્શનમાં વડની વડવાઈરૂપે આપણે પ્રત્યક્ષ જોઈ શકીશું.

હિંમત, વીરતા, બહાદુરી, ઘોડેસવારી, બંદૂકબાજી, પરાક્રમ, સાહસ ઉપરાંત સાહિત્ય, સંગીત, નાટક વગેરે એમના પિતાના સંસ્કાર પુષ્પાબહેનમાં ઊતર્યા હતા. એમના જ શબ્દોમાં ધર્મમાં અંધશ્રદ્ધા હતી જ નહિ. સાધુસંતોને આદર અપાતો. દીનદુખિયાંને મદદ મળતી. માનવધર્મને મહત્ત્વ આપવાનું બીજ મારા મનમાં નાનપણથી જ રોપાઈ ગયું હતું. મારાં માતાપિતા અને શિક્ષિત ભાઈઓની સોબતથી મારા વ્યક્તિત્વનું ઘડતર થયું. સમાજસુધારક-પ્રગતિવાદી વિચાર ધરાવતા પિતા અને કર્મયોગી માતાના ઉમદા સંસ્કારો, સ્વદેશીની ભાવના, નાનપણથી જ ખાદીનો આગ્રહ, ધ્રુવાખ્યાન, નળાખ્યાન, સુદામાચરિત્ર, અભિમન્યુ આખ્યાન, વગેરે પૌરાણિક સાહિત્ય લગભગ કંઠસ્થ, સૌરાષ્ટ્રના ખમીરવંતા વાતાવરણમાં પુષ્પાબહેને બાળપણ વીતાવ્યું. ''પુત્રનાં લક્ષણ પારણામાંથી જ '' એ ઉક્તિ મુજબ પુષ્પાબહેનના જીવનધ્યેયનો આછો ખ્યાલ તો આવી જ જાય છે. પરંતુ એક વ્યક્તિ આટલાં બધાં કાર્યો કરી શકે, આટલી બધી સંસ્થાઓના આદ્યસ્થાપક બની શકે તે પણ તદ્દન નિઃસ્પૃહી રહીને, નહીં દંભ, નહીં આડંબર, નહીં અહમ્, સત્તાનો મોહ નથી, નહીં ખુરશીનો લોભ, સંપૂર્ણ સાદાઈ, ખડતલ, નીડર, ખૂબ પ્રામાણિક, જીવનભર સેવા જ સેવા. ખંતથી કાર્યશીલ રહ્યાં. એમની આંતરવ્યથા એમના જ શબ્દોમાં- ''સામાજિક દિલમાં પડેલી અન્યાયી અને અસમાન મનોવૃત્તિને દૂર કરવા માટે સાહિત્ય અને વાતાવરણ સર્જવું જોઈએ...આજે જરૂર છે સમાજને જવાબદારીનું ભાન કરાવવાની, સ્ત્રીઓને પડતું દુઃખ એ સ્ત્રીનું દુઃખ નથી પણ સમાજે સર્જેલી પરિસ્થિતિ છે. નૂતન સમાજરચના માગે છે સમજપૂર્વકની જવાબદારી અને પ્રશ્નોનો ઉકેલ. એમને તો નવી પેઢીની આંખ ખોલવી હતી. ૧૯૩૪માં મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલમાં કામ શરૂ કર્યું. થોડાક દિવસ કાંઈક વાતાવરણ લાગ્યું. પાંચેક મહિના થયા ફરીથી મનમાં પ્રશ્ન ઊભો થયો કે કરવા ધાર્યું હતું તે આ કામ નથી. મારે તો દુઃખી અને જરૂરિયાતવાળી સ્ત્રીઓ અને બાળકોને મદદરૂપ થવું હતું.'' મનમાં ગૂંચવણ રહેતી હતી. તેમની ભાવના અને આદર્શ તો સમાજસેવા અને સ્ત્રીસ્વાતંત્ર્યના મશાલચી બનવાનો હતો.

મનની ઇચ્છા ફળી. સમય પસાર થયો હતો અને જાણે યુગ પલટાઈ જવા માંડ્યો હતો. પૂ. મહાત્મા ગાંધીજી હિન્દ આવ્યા. પછી સ્ત્રીઓ, બાળકો અને શૂદ્રો માટેની વિચારસરણીમાં અજબ પલટો આવ્યો. ''યા હોમ કરીને પડો''ની ભાવના ગૂંજતી હતી. ૧૯૩૦નું સ્વાતંત્ર્યનું યુદ્ધ જરાક નરમ પડ્યું હતું. પરંતુ પ્રજાની જાગૃતિએ જબરજસ્ત વધારો દાખવ્યો હતો, દાંડીકૂચ અને મીઠાના સત્યાગ્રહની વાતો, શહીદોનું ખમીર અને હિંમત, સ્ત્રીઓનું દારૂના પીઠા પરનું પિકેટિંગ, લાઠીચાર્જ અને સરઘસો આ બધાથી વાતાવરણ ગરમ હતું. દરેકને કાંઈક રચનાત્મક કાર્ય કરવું તેવી તમન્ના હતી. પુષ્પાબહેનને આ પ્રકારનું કાર્ય કરવાની તીવ્ર ઇચ્છા હતી.

સને ૧૯૩૪ના એપ્રિલમાં મૃદુલાબહેન સારાભાઈએ મહાત્મા ગાંધીજીની પ્રેરણાથી ''જ્યોતિસંઘ''

ની સ્થાપના કરી. તેનો ઉદ્દેશ નારીસ્વાતંત્ર્ય અને વિકાસનો હતો. નારીવિકાસનું આ સક્રિય સોપાન હતું. ''૧૯૩૪માં નવેમ્બર માસમાં જ, મને મૃદુલાબહેન મળ્યાં. થોડી વાતો કરી, તેમની પાસેથી થોડુંક તેમનું દૃષ્ટિબિંદુ જાણ્યું, સમજવા પ્રયત્ન કર્યો, બે ત્રણ દિવસ પછી મળવાનું નક્કી થયું. વિચાર કરતાં મને લાગ્યું કે મને જે કામ કરવાની ઇચ્છા છે, કલ્પના છે, એવું જ આ કામ લાગે છે. જો કે થોડું મંથન અને વિચાર આવતાં હતાં. જીવનક્ષેત્ર પસંદ કરવાનું હતું. અને તે પણ માત્ર કંઈક મેળવવા માટે નહીં, આર્થિક લાભ માટે નહીં પણ કાંઈક કરી છૂટવાની, કોઈકને ઉપયોગી થવાની અને રાષ્ટ્રની મુક્તિ માટે, સ્ત્રીઓના જીવનપ્રશ્નો અંગે કામ કરવાની ચોક્કસ ગણતરી અને ભાવનાથી સમાજસેવાના ક્ષેત્રમાં પડવું હતું. ઘણા વિચારને અંતે ગર્લ્સ હાઈસ્કૂલ છોડીને જ્યોતિસંઘનું કાર્ય સ્વીકાર્યું. અને નવેમ્બર'૩૪ માં હું એ સંસ્થામાં જોડાઈ. સંસ્થામાં મારો પહેલો દિવસ હતો. તા. ૧૬મી નવેમ્બર બપોરના બાર વાગ્યા હશે. બે ચાર બહેનો પુસ્તાકાલયમાં વાંચતાં હતાં. તેમની સાથેની વાતોથી પણ ખ્યાલ આવ્યો કે કાર્યકરો કાંઈક કરવા માંગે છે. સમાજમાં નવું વાતાવરણ જમાવવું છે. નવી વિચારસરણી ઊભી કરવી છે. થોડો સમય એમ જ પસાર થયો. શ્રી મૃદુલાબહેન આવ્યાં તેમની સાથે વાતો કરી અને કામ શું કરવું તે નક્કી કર્યું. જ્યોતિસંઘમાં ઘણા પ્રશ્નો આવવા માંડ્યા. ઘણી બહેનો મદદ માટે, ઘણી શીખવા માટે, ઘણી તો સંસ્થા જોવા માટે આવવા લાગી. બહેનોને કામની ખૂબ જરૂર હતી. ઘરમાં કમાનાર કોઈ નહિ, બાળકોને ઉછેરવાના, પોષણ કરવાનું વગેરે પ્રશ્નો હતા જ. મેં કાર્યાલયનાં થોડાં કામ ઉપરાંત વર્ગો લેવાની જવાબદારી સ્વીકારી, સ્ત્રીઓમાં શીખવાની ધગશ હતી. જાણવાની ઉત્કંઠા હતી અને આત્મવિશ્વાસ હતો, આટલા અનુભવ પછી મેં આ સંસ્થામાં કાર્ય કરવાનો સંકલ્પ કર્યો. ઘણાએ જરા વિરોધ દાખવ્યો પરંતુ મારે આવું જ કામ જોઈતું હતું, કરવું હતું અને તે મળી ગયું. તેથી મળ્યું છે તો જોડાઈ જ જવું એમ નિર્ધાર કર્યો જ. જાહેર જીવનનો આ મારો પ્રથમ અનુભવ.''

પુષ્પાબહેનના વ્યક્તિત્વની પ્રતાપી તેજસ્વિતા અને બીજી એમની અવિચળ સંસ્કારિતા, જીવનભર કાળી સાડીમાં સજ્જ કે બીજો ડાઘ ના લાગે. શક્યતા જ નહિ. આવું પવિત્ર નિર્મળ ચારિત્ર્ય. પૂજ્ય ગાંધીજીની બહેનોને ચાર દીવાલમાંથી બહાર કાઢવાની હાકલે પુષ્પાબહેનમાં પણ સમાજ, સ્ત્રી અને બાળકો માટે કાંઈક અવનવું કરવાની પ્રબળ ધગશ-ઇચ્છાને જાગ્રત કરવાની હિંમત હતી, નીડરતા હતી, ખુમારી અને ખંત હતાં. તેમાં મૃદુલાબહેન જેવાં ખખડધજ જબરજસ્તની પ્રેરણા અને સંપૂર્ણ સહકાર મળ્યાં.

પુષ્પાબહેન અને મૃદુલાબહેનની સ્થાયી સ્મરણીય પ્રવૃત્તિમાં પ્રથમ જ્યોતિસંઘમાં રહીને રાષ્ટ્રીય લડતમાં જાગ્રત થયેલી સ્ત્રીઓમાં સતત જાગૃતિ રાખવા તેમને સ્વમાની, નીડર, સ્વાવલંબી અને આત્મવિશ્વાસ-યુક્ત કરવા સતત અથાક પ્રયત્નો કર્યા. પુષ્પાબહેન અને મૃદુલાબહેનનું પ્રથમ મિલન નારીગૌરવ માટેનું મહાન વિકાસકેન્દ્ર બન્યું.

૧૯૩૬ થી ૧૯૪૦ સુધી પુષ્પાબહેને જ્યોતિસંઘના મુખ્યમંત્રી તરીકે કામ કર્યું. સમાજની રૂઢિઓથી ભીંસાયેલી, તરછોડાયેલી, છેડતી અને બળાત્કારના કિસ્સાઓથી ત્રાસેલી, મારઝૂડ અને પતિના દારૂડિયાપણાની ટેવોથી હેરાન પરેશાન થયેલી કેટલીક બહેનો માટે સલામતીની જરૂર હતી. તેમને ઘેર પાછી મોકલવામાં જોખમ હતું. પુષ્પાબહેનને થયું કે ''આવી સ્ત્રીઓ માટે આશ્રયસ્થાન જોઈએ'' મૃદુલાબહેનનો સહકાર સાંપડ્યો અને પૂજ્ય ગાંધીજીના આશીર્વાદથી કાળી સાડીવાળા પુષ્પાબહેન અને ધોળી સાડીવાળા અથવા પઠાણી સફેદ ખાદીનાં કપડાંવાળા મૃદુલાબહેન જેમને જનતા 'પઠાણ' જ કહેતી, આ બન્નેની જોડીએ સને ૧૯૩૭માં વિકાસગૃહની સ્થાપના સૌરાષ્ટ્ર સોસાયટીમાં કરી વિકાસગૃહ નામ અને તેનું પ્રતીક ''વડલો'' બન્ને પુષ્પા-બહેનની સ્ફુરણાથી મંજૂર થયા. વડલો એ વિકસતું વૃક્ષ છે. જે કબીરવડની જેમ છવાઈ શકે છે. જ્યોતિસંઘ અને વિકાસગૃહ બન્નેની સહિયારી સમાજસેવા એ માનવધર્મનું તીર્થસ્થાન બન્યું. જ્યોતિસંઘે બહેનોના શિક્ષણ

ઉપરાંત અવનવા ઉદ્યોગોના વર્ગો શરૂ કર્યા. જ્યારે વિકાસગૃહે શિક્ષણ ઉપરાંત ઘરમાંથી અપમાનિત થયેલી નિરાધાર બનેલી બહેનોને તેમજ અનાથ અને નિરાધાર બાળકોને રહેવા માટેનું ઘર વિકાસગૃહ શરૂ કર્યું.

પુષ્પાબહેનના શબ્દોમાં; ''અસહાય બહેનોના પ્રશ્નો, જેમને આશ્રય આપવો જ પડે તેવી બહેનોના પ્રશ્નો, સમાજની નિંદા અને તિરસ્કારનો શિકાર બનતી બહેનો, બાળહત્યા કે ગર્ભપાત જેવા પ્રસંગે ભોગવવી પડતી નાલેશી-કોઈક વખત જેલ, એની પ્રતિષ્ઠાને હાનિ લાગે તેવા પ્રસંગો, આવી સ્ત્રીઓના ભરણપોષણ અને બાળકોના નિર્વાહ માટે કાયદેસરનું કાર્ય કરવાની ખાસ જરૂર, તે માટેનો કાયદો કરવા કરાવવાની જવાબદારી સામાજિક કાર્યકરોની છે. માતા અને બાળકો બન્ને પ્રત્યે દયા અને તિરસ્કારનું વાતાવરણ સમાજમાં પ્રવર્તે છે તે દૂર થવું જ જોઈએ. સ્ત્રીને રક્ષણ અને પોષણ મળવાં જ જોઈએ.''

જૂનાગઢની આરઝી હકૂમત વખતે પુષ્પાબહેન બહેનોને પ્રોત્સાહન આપે, આશરો આપે, પણ માનસિક રીતે સંપૂર્ણ સ્વસ્થઃ ''આપણે જરાપણ ડરવાનું નથી. આપણે આપણું કર્તવ્ય કરવાનું છે'' તેમ તેઓ કહેતાં, સહુને માર્ગદર્શન આપતાં. ભારતની આઝાદી પહેલાં ત્યાગ-સેવા-સાદાઈ-પ્રામાણિકતા-ખંત-આ વાતાવરણ હતું. સ્વતંત્રતા મળ્યા પછી તેવું નથી રહ્યું. સત્તા પછી બધાનો લય થઈ ગયો. ''इशावास्यमिदं सर्वम् ।''ની શીખ હવે નષ્ટપ્રાય થઈ ગઈ છે. ભારતનું જ નહિ સારીયે દુનિયાનું વાતાવરણ ફરી ગયું છે.

પુષ્પાબહેનના આદર્શો તો જુઓ : ''દુઃખ નિરાશા અને પ્રતિષ્ઠા જવાનો ભય અને અકળામણના આપઘાત એ માનવજીવનની નબળાઈ છે. જીવનસંગ્રામમાં વ્યક્તિએ ઝઝૂમવું જોઈએ. જન્મે તે બધા જ સદાય સફળતાને વરે છે એવું નથી હોતું. જીવનમાં નિષ્ફળતા અને નિરાશા પણ મળે છે. જીવન સફળતા-નિષ્ફળતા, આશા-નિરાશા અને સુખ-દુઃખ વચ્ચેથી પસાર થાય છે. મનુષ્ય અકળાય છે. મૂઢ થઈ જાય છે. શું કરવું તે સૂઝતું નથી પણ એનો પણ અંત હોય છે.વાતાવરણ પલટવા પ્રયત્ન કરવો જોઈએ અને માર્ગ કાઢવો જોઈએ. સમય બદલાતો જ રહે છે જે પરિસ્થિતિ આજે હોય છે તે આવતીકાલે નથી હોતી. રાહ જોનારને સુખી દિવસો મળ્યા છે.''

જન્મ ઈશ્વરનિર્મિત છે. મૃત્યુ કુદરત આધીન છે. સુખદુઃખ ને આશાનિરાશા એ મનુષ્યસર્જિત છે. મનુષ્ય જ એમાંથી બહાર નીકળી શકે છે. સંકલ્પબળ અને ધીરજ હોય એ વ્યક્તિ બધામાંથી માર્ગ કાઢી શકે છે. નિરાશા ત્યજી મજબૂત મન કરી પોતાની જ શક્તિમાં નિષ્ઠા કેળવી દરેક વ્યક્તિ મુશ્કેલીમાંથી પસાર થઈ જાય છે. સહન કરવું એ પણ વ્યક્તિના બળનું માપ છે. શક્તિ કેળવી શકે એ સફળ વ્યક્તિ છે.''

પુષ્પાબહેનનું જીવન પર-પરાયણ હતું, તેમને માન, ચાંદ કે ઍવોર્ડની પડી ન હતી. કારણ કે નિઃસ્વાર્થ ભાવે માનવસેવા કરવાનું વ્રત લીધું હતું. જે કાંઈ મળ્યું તે સ્થિતપ્રજ્ઞભાવે સ્વીકાર્યું. દુઃખી, નિરાધાર અનાથ બહેનો અને બાળકો વચ્ચે બેસીને કામ કર્યું. કોઈના માથામાંથી જૂ કાઢી કે કોઈને નવડાવ્યા. સંધી અને મિંયાણાઓની હાજરી કઢાવી, 'માલધારીઓના નેસમાં છાણ-ગોમૂત્ર વગેરેમાં જઈને કામ કરતાં કદી સૂગ નથી ચઢી. મેલાઘેલા લોકોની વચમાં જઈને બેસે, તેમના દુઃખ દર્દો સાંભળે અને તેઓને તેમની રૂઢિઓ, રિવાજો છોડવા સમજાવે. શિક્ષણ લેવાનું માર્ગદર્શન કરાવે.

'કન્યાદાન' શબ્દનાં એ વિરોધી, ''સમાજમાં સ્ત્રીની પ્રતિષ્ઠા અને ગૌરવને અવરોધતી પ્રથા કન્યાદાનની છે. પુત્રીને સંપત્તિ ગણીને પિતા દાન કરે છે અને પતિ સંપત્તિ સમજીને સ્વીકારે છે તે હવે દૂર થવું જોઈએ. સમાજના સજાગ કાર્યકરો આ પ્રથાને દૂર કરવા પ્રયત્ન કરે.''

એમનાં ભત્રીજી ભારતીબહેન કહે છે ''ફઈબાની આંખમાં મેં ક્યારેય આંસુ જોયાં નથી. કોઈ બહેન રડતી આવે તો તેને કહેશે ''તું મોઢું ધોઈને આવ પછી તારી સાથે વાત કરીશ. રડવું ? નાહિંમત, નિરાશા, હતાશા, આંસુ મને જરા પણ ગમતાં નથી.''

અનેક ઍવોર્ડ સન્માન પામેલાં અગ્રગણ્ય અને પીઢ સામાજિક કાર્યકર, આઝાદીની લડત સમયના પૂ. મહાત્મા ગાંધીજીના અનુયાયી, સામાજિક, રાજકીય, ધાર્મિક અને આર્થિક ક્ષેત્રમાં અનોખું પ્રદાન કરનાર સાથે સ્પષ્ટવક્તા નીડર, મક્કમ, અડગ, ત્વરિત નિર્ણયશક્તિ, લેખિકા, કવયિત્રી, કરુણાસભર, મમતાળુ, ગીતાના અભ્યાસી જેમણે ''कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।''ના સિદ્ધાંત ઉપર જીવન સફળ કર્યું, ધન્યતા પ્રાપ્ત કરી. ''કુળ ઈકોતેર તાર્યા જો.'' એમને માટે જેટલું લખીએ તેટલું ઓછું છે. ''सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते ।'' જેવું વ્યક્તિત્વ. સમગ્ર ગુણોનો સમૂહ એક જ વ્યક્તિમાં હોય તેવું ક્વચિત્ જ જોવા મળે. સહનશક્તિ પણ તેટલી જ. શરીરને ગમે તેટલું દર્દ થતું હોય એ એક પણ ઉકારો ઓકારો એમણે કર્યો નથી. તેમનાં ભત્રીજી લખે છે. ''અનેક વાર મોટર પ્રવાસની તક મને સાંપડેલી. પ્રવાસ દરમિયાન તેઓના કંઠમાંથી દુહા, લોકગીતો, લગ્નગીતો, સ્વરચિત કાવ્યો, શ્લોકો, સ્તોત્રો, આખ્યાનો આદિની સરવાણી'' વહેતી હોય. એમનો કંઠ અતિ મધુર હતો. જાતજાતના ભાતભાતના અનુભવેલા પ્રસંગો, દરેક કોમના રીત-રિવાજો ઐતિહાસિક પ્રસંગો, તારીખ,નામઠામ સાથે રજૂ કરતાં એમનું વાચન વિશાળ પણ ખૂબી એ છે કે એમને બધું કંઠસ્થ.'' આ સાંભળી પુષ્પાબહેન કહેતાં ''ભારતી, બાપુકાકા (પિતાજી) અને બહેન (માતુશ્રી) ને સાહિત્યનો ખૂબ શોખ હતો. એટલે અમે નાના હતા ત્યારે રોજ રાત્રે આખ્યાન, મહિમન, ગીતો, આદિ ગાતાં એટલું જ નહીં. પણ અંદર અંદર શરતો તથા હરીફાઈ પણ યોજતાં. બધામાં મારા મોટા બહેન ગુણવંતીબહેન બહુ જ હોશિયાર.''

વિકાસગૃહના અંતેવાસીની ફરિયાદ ગૃહમાતાએ કરી. પુષ્પાબહેન એને બોલાવી શાંતિથી સાંભળે તે વખતે એમને થાક-ભૂખ કાંઈ ના લાગે. દુઃખીના દર્દ સાંભળવામાં એવા એકાગ્ર થઈ જાય. ક્રોધ જરા પણ નહિ. સામ-દામ-ભેદની નીતિ અપનાવે. પણ દંડ તો માને જ નહિ. વ્યક્તિ સામે બોલે પણ પુષ્પાબહેન શાંત રહે. કહે : ''એ બહેન મારી પાસે હઠ ન કરે તો ક્યાં જાય ? તું સાયકૉલોજી જાણે છે ને ? એણે કુટુંબમાં મા-બાપ જોયાં નથી. પ્રેમ કે હૂંફ એને મળ્યાં નથી. મામા-મામીની ગાળ ખાઈને એ મોટી થઈ. સમાજે એને તિરસ્કાર સિવાય શું આપ્યું ? જે માણસને ધિક્કાર, તિરસ્કાર ઘૃણા મળ્યાં હોય તેની પાસે તમે શું અપેક્ષા રાખો.'' આ વાતો સાંભળીને પુષ્પાબહેનને દંડવત્ પ્રણામ જ કરવાનું સૂઝે. આવી સેવા અસિધારાવ્રત સેવા કહી છે તે જ યોગ્ય છે.

આપઘાત કે મૃત્યુના દૃષ્ટાન્તમાં પણ સમાજ અને સરકારે લક્ષ કેન્દ્રિત કરી આ અનિષ્ટને દૂર કરવા પ્રયત્ન કરવો જ જોઈએ એમ તેઓ માનતા. ઘર કે કુટુંબમાં આવા બનાવો બને તેનો સામાજિક બહિષ્કાર કરી તેમના અસામાજિક કૃત્ય અને તેના વર્તનની તેને સખત શિક્ષા કરવી જોઈએ.

બહેનોના અટપટા પ્રશ્નોના ઉકેલ માટે પુષ્પાબહેનને અવારનવાર પોલીસ અધિકારીઓને મળવું પડતું. એક જવાબદાર અધિકારી પાસે મળવાનો સમય માગી મળવા ગયા. પોલીસ અધિકારીની વિવેકશૂન્યતા સોફા ઉપર પડેલો જ પુષ્પાબહેનને ખુરશી પર બેસવા કહ્યું. શિસ્તમાં અને મર્યાદામાં ચુસ્ત એવા પુષ્પાબહેન સૌમ્ય અને શાંત હોવા છતાં ધગી ઉઠ્યાં ''તમારો સમય માગીને હું તમને મળવા આવી છું. બહેનો પ્રત્યેનું આવું અસભ્ય વર્તન તમને શોભતું નથી, કહીને સડસડાટ બહાર નીકળી ગયાં. આવો હતો પુષ્પાબહેનનો પુણ્ય તાપ.

તે હંમેશા કહેતાં. ''ધર્મને રાજકારણમાં ન લઈ જવો જોઈએ, તે જ પ્રમાણે સમાજસેવાને રાજકારણથી દૂર રાખવી જોઈએ. ધર્મગુરુ રાજકારણી થશે ત્યારે અંધાધૂંધી ફેલાશે તેવી જ રીતે સમાજસેવાને રાજકારણમાં લઈ જશો તો સમાજ છિન્નભિન્ન થશે. સોશિયલ વર્કર તટસ્થ વ્યક્તિ છે. તે ખોટું હશે તેનો સામનો કરશે. સાચું હશે તે સ્વીકારશે. તે રીતે વર્તે તો જ સમાજને સાચે માર્ગે વાળી શકે.''

''ભારત દેશે બુદ્ધ, મહાવીરસ્વામી, શ્રીકૃષ્ણ, રામ અને મહાત્મા ગાંધીજી જેવા ''બહુરત્ના વસુંધરા'' એ ન્યાયે ઘણા રત્નોની માતા થવાનું મહદ્ ભાગ્ય મેળવ્યું. હિંસા-અહિંસાનો સૂક્ષ્મ ભેદ વર્ણવ્યો. છતાં આ જ દેશે કરોડો સ્ત્રીઓને ધર્મને નામે જીવતી સળગાવી દીધી. સતી કરી. તેમાં હિંસા ના લાગી, કોઈએ પોતાનો પુણ્યપ્રકોપ ના દર્શાવ્યો. આજે પણ સ્ત્રીના મૃત્યુની, એના આપઘાત કે ખૂનની કોઈને પરવા નથી. મરે તો પણ ઠીક, ન મરે તો પણ ઠીક જીવન ઊગતું કરમાય, એને માર પડે, ત્રાસ થાય જીવતી સળગાવી દેવાય અમાનુષી માર મારી અને મારી નંખાય. આજે પણ આ અસહ્ય સ્થિતિ સમાજનું ધ્યાન માગે છે.'' પુષ્પાબહેનના આ શબ્દો આપણને પણ થથરાવે છે ને શરમાવે છે.

પુષ્પાબહેનને કોઈ શત્રુ નહીં, કોઈ વિરોધી નહીં. સંસ્થાઓ માટે લાખોના ફંડ ઉઘરાવતાં અનાથ બહેનો બાળકો માટે માગણી કરતાં પરંતુ પુષ્પાબહેને પોતાને માટે એક નાની સરખી ચીજ પણ સ્વીકારી નથી. નાનજીભાઈ કાળીદાસ મહેતાએ એક અતિ કીમતી કાશ્મીરી શાલ આપવા માંડી ત્યારે તેમણે કહ્યું ''મારા છોકરાઓને સ્વેટર પણ ના હોય ત્યારે આવી કીમતી શાલ કેમ ઓઢું ? હું કોઈની વસ્તુ લેતી નથી. તેમનું મન સદાયે સ્વચ્છ હતું. મન ઉપર સંપૂર્ણ અંકુશ હતો. તેમનું હૃદય દયા, કરુણા અને અનુકંપાથી સદૈવ ભરેલું રહેતું. પોતાની પુત્રી માટે સરલાબહેન સારાભાઈને ફીના પૈસા આપવાની ભલામણ કરવાની ચોખ્ખી ના પાડી. ''મારાથી મારે પોતાને માટે નહીં માંગી શકાય''.

મૃદુલાબહેનની નૈતિક તાકાત અને સંપૂર્ણ સહાનુભૂતિથી જ વિકાસગૃહ શરૂ થયું તે વખતે મૃદુલાબહેનની શરત હતી કે હું માત્ર રાજકારણમાં જ ધ્યાન આપીશ. સંસ્થા તો પુષ્પાબહેનને જ સંભાળવી પડશે. આ બન્નેની આ સમજણ સાથે જ કામ શરૂ કરેલું. આ બન્ને બહેનોના વિચારમાં સમાનતા કે સ્ત્રી એ વ્યક્તિ છે અને વ્યક્તિ તરીકે એનો સમાજમાં હક્ક અને અધિકાર છે. અનાથ બાળકે એ અનાથ નથી. તેની જવાબદારી સમાજ અને સરકારની છે. આ પાયાના સિદ્ધાંત પર વિકાસગૃહની ઈમારત ચણાઈ.

વિકાસગૃહની સ્થિતિમાં સ્થિરતા આવવા માંડી. સંખ્યા વધવા માંડી. પુષ્પાબહેનને વિચાર આવ્યો, સૌરાષ્ટ્ર બાજુ જ કોઈક જગ્યા શોધવી ને નવું કેન્દ્ર શરૂ કરવું. સૂતાં હતાં. વિચારે ચઢ્યાં. બાજુમાં જ ભત્રીજી અરુણાબહેન હતાં. પુષ્પાબહેને કહ્યું : 'અરુણા અહીંના વિકાસગૃહ ઉપરાંત વઢવાણમાં આવું વિકાસગૃહ ચલાવવાનો વિચાર મનમાં ઘોળાઈ રહ્યો છે. પણ મારે તો અહીંની જવાબદારી છે તો ત્યાં નિષ્ઠાપૂર્વક કામ કરે તેવાં કોને મોકલવાં તેનો વિચાર કરું છું.' અરુણાબેને પોતાને આ કામ ફાવે કે નહિ તે ફઈબાને જ પૂછ્યું. પુષ્પાબહેન સહર્ષ બોલ્યાં. 'તું જઈશ ?' એમને સ્વ. મેઘાણીભાઈએ અનુવાદ કરેલી ગુરુદેવ ટાગોરની પંક્તિ યાદ આવી. ''અસ્તાચળે જતાં સૂર્યે જગતને પૂછ્યું :''મારા ગયા પછી મારું કામ કોણ ઉપાડી લેશે. અંધકારના ઓળા ઊતરતા હતા. જગત આખું સ્તબ્ધ હતું. ત્યાં એક ખૂણેથી ઝૂંપડીમાં ટમટમતું કોડિયું બોલ્યું. ''સોંપશો તો પ્રભુ કરીશ, જેટલું ગજું મારું.''

અરુણાબહેને જવાબદારી સ્વીકારી. પુષ્પાબહેન અને મૃદુલાબહેન જેવાં સંનિષ્ઠ કાર્યકરો વળી સાગર સમા સરલાબહેન સારાભાઈ જે વિકાસગૃહ સંસ્થાને ૧૯૪૦ થી રજિસ્ટર કરાવી ત્યારથી તેના પ્રથમ પ્રમુખ તરીકે હતાં. ને વર્ષો સુધી સેવા આપી. આ ત્રણેયના માર્ગદર્શન હેઠળ અરુણાબહેનને ખભે ખલીતો લઈ, સામાજિક કાર્યની દીક્ષા આપતાં હોય તેમ તદ્દન નાની વયે ૨૧મે વર્ષે સંસ્થાના વહીવટની જવાબદારી લેવા મોકલ્યાં. ૧૯૪૫માં માત્ર ૧૪ બાળાઓ સાથે વિકાસવિદ્યાલયની સ્થાપના થઈ. આ સંસ્થાએ એટલી બધી પ્રવૃત્તિ કરી છે. અનેક શાખાઓ પ્રશાખાઓ શરૂ કરીને વિદ્યાલયને ધમધમતું આજે પણ રાખ્યું છે. અરુણાબહેનને પહેલી વખત વઢવાણ એકલાં મોકલ્યાં ત્યારે પુષ્પાબહેનને જરાપણ ચિન્તા નહોતી. ઊલટું એમ બોલ્યાં : ''કોઈએ સાથે જવાની જરૂર નથી, એમ જ કામ શિખાય'' પુષ્પાબહેનની કાર્યકરો પાસેથી કામ લેવાની પદ્ધતિ

અને તેઓની ઘડતર કરવાની દૃષ્ટિનો પણ ખ્યાલ આવે છે. આટલી બધી સંસ્થાઓની સ્થાપના કરી. પણ એમની કાર્યપદ્ધતિ, દીર્ઘદૃષ્ટિ અને દરેક સંસ્થાની સુંદર પ્રગતિથી આર્થિક સહાય તો આવ્યા જ કરતી હતી. ચારે બાજુની મદદ મળવા માંડી. અમદાવાદના વિકાસગૃહમાં ઘણી બધી પ્રવૃત્તિઓ ચાલતી હતી. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ક્રમેક્રમે પુષ્પાબહેનના માર્ગદર્શન અને પ્રેરણાથી તથા પ્રોત્સાહનથી અનેક સ્ત્રીસંસ્થાઓની સ્થાપના થઈ અને આ બધી જ સંસ્થાઓમાં ખૂબ પ્રવૃત્તિમય અને અનેક પ્રકારનું શિક્ષણ અપાતું હતું. પુષ્પાબહેનનું નામ ખૂબ પ્રખ્યાત થઈ ગયું. આ બહેન અમદાવાદમાં ભૂખ્યાને ભોજન, તડકે તપતાંને શીતળ છાયા અને દુઃખીઓના દુઃખને દૂર કરવામાં તન મન અને ધનથી સ્વાર્પણ કરે છે. પાસે કોઈ ફંડ નહીં, કોઈ ફાળો નહિ. મૃદુલાબહેન સિવાય કોઈ ધનપતિની સહાય નહિ, કોઈ વગદાર વ્યક્તિનો કે અમલદારનો ટેકો નહિ, તેમ છતાં લોખંડી નિશ્ચયવાળાં પુષ્પાબહેને એકલે હાથે ભરદરિયામાં પોતાની નાવડીથી સફર શરૂ કરી. ભવ્ય આગબોટ તરતી કરી શક્યાં. પોતે દુઃખ સહન કરીને બીજાને ટાઢક આપવાનો મંત્ર. શરૂઆતથી જ બંગલામાં વિકાસગૃહની બહેનો અને પોતે આઉટહાઉસમાં રહ્યાં. તેઓ જ સંચાલક, તેઓ જ વાલી, તેઓ જ ગૃહમાતા અને ટ્રસ્ટી પણ પોતે જ. ધન્ય છે, આ સ્રીશક્તિને. પુષ્પાબહેનના ભાઈએ એક વખત ચેતવણી આપી હતી કે પુષ્પા અતિ કાંઈ પણ સારું નહિ, સમય ખરાબ છે. આપણને મુશ્કેલીમાં કોઈ પણ સહાયભૂત નહિ થાય વગેરે. પરંતુ પુષ્પાબહેન પોતાના દૃઢ નિશ્ચયમાંથી ડગે તેવાં કે ડરે તેવાં નહોતાં. તે કાંઈ પગલું ભરે તે વિચારપૂર્વકનું જ હોય તેમ મક્કમપણે માનતા અને મરતાં સુધી તેને વળગી રહે તેવું તેમનું મનોબળ હતું. જે કામ ઉપાડ્યું, તેમાંથી પાછા હટાય ના, ના મૂકી પણ દેવાય. થવાનું હોય તે થાય કાર્ય સંપૂર્ણ કર્યે જ છૂટકો.

ગુજરાત અને તેનું પાટનગર અમદાવાદ ભારતભરમાં તેમની દાનવૃત્તિ માટે ખ્યાતિ ધરાવે છે. અહીંના શ્રીમંતો ઉપાર્જન કરી જાણે છે. તેમ દાન પણ કરી જાણે છે. 'પુષ્પાબહેન જાતે જ મસ્કતી માર્કેટ ગયા. ને ત્યાંના મુખ્ય વેપારીઓને મળીને 'અમારે ફંડ માટે ક્યાં જવું તે સલાહ આપો''. ઉત્તરમાં મહાજને કહ્યું તમારે શી જરૂર છે ? અમે બેઠા છીએ તમને રકમ કરી આપીશું. તમારે ઘેર ઘેર ફરવાની જરૂર નથી. સાત્ત્વિકભાવે સાચી સંવેદનાથી અને હૃદયના કરુણાભાવથી આરંભાયેલી સંસ્થાઓ પણ સંચાલકોના આત્મા દ્વારા પરમાત્માનું પ્રતિબિંબ પાડતી હોય છે. બન્ને સંસ્થાના અમદાવાદના વઢવાણના સૌરાષ્ટ્રના અને મુંબઈના કેટલાંય ટ્રસ્ટો તરફથી આર્થિક સહાય સતત મળતી જ રહી. પુષ્પાબહેનને આ પૂ. બાપુના આશીર્વાદ ફળે છે એમ લાગતું. એવા કેટલાક પ્રસંગો બનતા જ્યારે આર્થિક સંકડામણ હોય, ચઢેલાં બીલ ભરવાનાં હોય ત્યારે અચાનક મનીઑર્ડર કે ટેલિફોન આવતાં કે અમારે ફંડમાં પૈસા આપવા છે, કે ટપાલમાં ચેક આવી પહોંચે. આવે પ્રસંગે નરસિંહ મહેતાને ઈશ્વરે મદદ કરી હતી, તે પ્રસંગો યાદ આવે. પુષ્પાબહેન ખરા અંતરથી કાર્ય કરતાં હતાં તેથી આવી કુદરતી સહાય આવી જ રહેતી.

સત્ય એ જ ઈશ્વર છે તે પૂ.બાપુનો સિદ્ધાંત પુષ્પાબહેને પણ આજીવન જાળવ્યો. કંઈ જૂઠાણું નહીં જ એ પોતાના સિદ્ધાંતથી કદાપિ વિચલિત થયાં નથી. 'મફતલાલ મહેતા પરના પત્રોમાંથી તેમના વિચારો તેમના જ શબ્દોમાં જાણવા અમને મળે છે. ''ઘણા દાતાઓ દાન આપે છે, પણ જે લાગણી અને મમત્વ અમને મળે છે, તે આપની પાસેથી જ મળે છે. એટલે અમારા મનમાં ખૂબ આનંદ અને આશ્વાસન રહે છે. મારી એક પુસ્તિકા હું તૈયાર કરું છું તેનું નામ મેં ''અમારા દાતાઓ'' એવું રાખ્યું છે. તે પૂરી થયે તે છપાશે ત્યારે આપને મોકલીશ.'' દાતાઓનો વિશ્વાસ અને લાગણી પણ આર્થિક શક્તિ ના હોય તો કામ અટકી પડે છે. ઈશ્વર તમને ખૂબ શક્તિ અને લક્ષ્મી આપે જેથી માનવતાનું કામ સરળ બને. કેનેરી ગામના દરબાર કુટુંબોની થોડીક સ્રીઓ પુષ્પાબહેન પાસે આવી કહે, ''આઈ અમારા ગામમાં માથાભારે પુરુષોનો ખૂબ જ ત્રાસ છે. વગેરે વાતો કરી પુષ્પાબહેને શાંતિથી સાંભળી તેમને ગામ જવાનો દિવસ નક્કી કર્યો, ત્યાં બહેનોની સભા બોલાવી ભાઈઓ પણ આવ્યા. પુષ્પાબહેને સ્પષ્ટ રીતે કહ્યું કે મારે બહેનો સાથે વાત કરવી છે. અંદર એક

પણ પુરુષ ના જોઈએ''. બધા જ પુરુષો જતા રહ્યા. સંપૂર્ણ વિગત મેળવી પુરુષોને પણ મળ્યા તેમની વાતો સાંભળી ને જાહેરમાં ખાસ કહ્યું કે મારે કાંઈ જોઈતું નથી પણ તમારા ગામમાં (છ પુરુષોના નામ દઈને કહે કે) આ છ પુરુષો ના જોઈએ. અને એ છ એ જણાને તે ગામ છોડવું પડ્યું. આટલો બધો એમનો પ્રભાવ. કડક અને એમનું જબરજસ્ત વ્યક્તિત્વ. આવાં તો કેટલાંયે સત્કાર્યો તેમણે કર્યાં છે. નાનપણથી જ સ્ત્રીઓ માટે તેમનામાં દાઝ હતી, કરુણા હતી. સ્ત્રી એ કાંઈ બિચારી કે બાપડી નથી, તે પણ વ્યક્તિ છે. તેને કચડવાનો દબાવવાનો કોઈને અધિકાર નથી. એવું દઢપણે માનતા તેઓ કહે છે, ''સમાજમાંથી લાચારી જવી જોઈએ. એક વખત એવો હતો કે સ્ત્રીઓ માટે મરવા સિવાય કોઈ માર્ગ નહોતો''. એમને સંતોષ છે જ્યોતિસંઘ, વિકાસગૃહ અને બીજી અનેક સ્ત્રી અને બાળકોના ઉદ્ધારાર્થે પુષ્પાબહેનના સ્વહસ્તે જ સ્થપાયેલી સંરક્ષણ સંસ્થાઓ એટલે કહે છે ''આજે એ પરિસ્થિતિ રહી નથી. દરેક સ્થળે સ્ત્રીઓ માટે આશ્રમગૃહો થયાં છે. જીવન જીવવા માટે છે. તેને માટે અભ્યાસ કરવો, પગભર થવું. જીવનની નિરાશાને ઉલેચી સભર બનવા અનેક અવસરો આવવાના છે.''

''સમાજ કલ્યાણ બૉર્ડની યોજના દ્વારા સામાજિક કાર્યને જે વેગ મળ્યો છે તેનું મૂલ્ય તે કાર્યમાં પડેલાઓ જ જાણે છે, સામાજિક સંસ્થાઓને એક સૂત્રે બાંધવાનો અને નવા સાહસો ખેડવાની તક આપવા માટે આ યોજનાનો ફાળો અગત્યનો છે. ગ્રામ વિસ્તારોમાં બાલક્રીડાંગણો થયાં. ધૂળમાં રખડતાં બાળકો કે જેનું કોઈ ધ્યાન રાખતું નહોતું તેમને માટે બાલપ્રવૃત્તિ યોજાઈ. બાળકનું મહત્ત્વ અને સ્થાન સમાજમાં સ્વીકારાયું''. આગળ પુષ્પાબહેન લખે છે સૌથી વધુ અગત્યનું તો સ્ત્રીઓ અને કન્યાઓ ભણતી થઈ. સ્ત્રી અને કન્યાઓ જે મુક્ત મને આવે છે એ દર્શન સુભગ છે. જીવનમાં સ્ત્રીનું મૂલ્ય ઘરકામથી વધુ નથી અંકાયું. એના વિકાસ અને શિક્ષણ માટે કોઈએ કાંઈ વ્યાપક રીતે કર્યું નહોતું. જ્યારે સ્ત્રીઓ પોતાના માટે આવું થતું જુએ અને અનુભવે ત્યારે આનંદ અવર્ણનીય બને છે.

સૌથી વધુ ક્રાન્તિ આ પ્રયોગે સર્જી છે. સ્ત્રીઓ ઘરની બહાર જતાં પણ ગભરાતી હતી એવી યુવાન બહેનો ગામડાંમાં કામમાં લાગી ગઈ, ગામમાં ગમે તેવી મુસીબતો હોય પણ સેવિકાઓ હિંમતથી મક્કમપણે ટકી રહે છે. સ્ત્રીશક્તિનું દર્શન આ યોજના દ્વારા થયું, પુષ્પાબહેનને લાગતું કે ''બીજા દેશોની જેમ સંરક્ષણની તાલીમ બહેનોને આપવી ઘણી જ જરૂરી છે, કારણ આઝાદી આવ્યા પછી આપણી પ્રજાએ આ બધી તાલીમ પણ લેવી જોઈએ. પાકિસ્તાનના ભારત પરના આક્રમણ સમયે તેઓ સરહદના ગામડે ગામડે ફર્યાં, બહેનોની શિબિરો ગોઠવી. ગ્રામસેવિકાઓ અને અન્ય સ્ત્રીઓને ધીરજ અને હિંમતથી પરિસ્થિતિનો સામનો કરવાની, જાગ્રત રહેવાની તાલીમ આપી ને શીખ આપી. પાકિસ્તાનના આક્રમણ સમયે સતત બૉમ્બવર્ષા થતી હતી. હવાઈપટ્ટી તૂટી ગઈ હતી તેનું સમારકામ એક મોટા સમૂહમાં કરવા ભાઈઓ અને બહેનો નીડરતા અને હિંમતથી કામે લાગ્યાં હતાં. પુષ્પાબહેન અને મૃદુલાબહેન સારાભાઈની નીતિરીતિ અને કાર્યપદ્ધતિ નૂતનયુગને અનુરૂપ હતાં. પૂ. ગાંધીજીની પ્રેરણા અને આ બે બહેનોનાં નીડર વ્યક્તિત્વે સામાજિક કાર્યને નિર્ભય બનાવ્યું.

એક સમયે અમદાવાદમાં સરહદના પઠાણો તથા ભૈયાઓ, મિલમજૂરો અને ગરીબવર્ગના જરૂરિયાતમંદ લોકોને ધીરધાર કરતા હતા. પૈસા વસૂલ ના થાય તો તેમનાં સ્ત્રી બાળકોને હેરાન કરી ઉઠાવી પણ જતા. પુષ્પાબહેનને આ વાતની ખબર પડતાં જ પઠાણોના અડ્ડા ઉપર ને ખોલી ઉપર જઈ પઠાણોની હાજરીમાં એ વીર પિતાની નીડર પુત્રી બહેનોના હાથ પકડીને જ બહાર લઈ આવતી, પઠાણો જોતાં રહે કાંઈ કરી શકતા નહોતા. વિકાસગૃહનાં તેઓ સંચાલક, વાલી, ગૃહમાતા કે ટ્રસ્ટી જે કહો તે બધું જ હતાં.

પુષ્પાબહેન કહેતાં ''કામ કરવામાં મુખ્ય બે વસ્તુ જોઈએ, એક શક્તિ અને બીજો સાથ, મને શક્તિ અને સાથ બન્ને બહેનો અને સમાજ દ્વારા મળ્યાં છે. અને મેં જે કાંઈ કર્યું છે, તેના યશભાગી તેઓ છે. અમને ગાંધીજી, સરદારજી, અને જવાહરલાલ જેવાનું પીઠબળ હતું. અમારી અનેક ફરિયાદો તેમની પાસે જતી.

અમારા કાર્ય માટે જનતા એમને ફરિયાદ કરતી. અમારા કાર્યને એ ત્રણેય નેતા સમજી શકતા હતા. તેથી અમે જે કરતાં તેને અનુમોદન આપતા હતા.

તેથી અમને કાર્યમાં હિંમત અને ધીરજ રહેતી.''

આરઝી હકૂમતની સ્થાપના થઈ. તેમાં પુષ્પાબહેને સક્રિય ભાગ લીધો હતો. ''બધી પ્રવૃત્તિઓ ભૂગર્ભમાં ચાલતી અને મારું ઘર આ પ્રવૃત્તિનું કેન્દ્ર બન્યું હતું.''

તેમણે સંસ્થાઓ તો ઊભી કરી જ પરંતુ એથી વિશેષ તેમના સંચાલન માટે હજારો બહેનોને તૈયાર કરી. તેમણે તૈયાર કરેલા કાર્યકરો અસંખ્ય છે. પુષ્પાબહેને સમાજકાર્ય માટે બીજી પેઢી તૈયાર કરી. એમના જીવનની સમગ્રતા સાચેજ શબ્દાતીત છે. ગુજરાતનાં એ મધર ટેરેસા થઈ ગયાં. એમણે પછાત નબળા અનાથ અને ત્યક્તા માટે જીવનભેખ લીધો. રાજકારણમાં હોવા છતાં જે શુદ્ધતા એમના જીવનમાં અને કાર્યોમાં હતાં એ બતાવે છે, એમણે પૂજય ગાંધીજીના આદર્શો જીવંત કરી બતાવ્યા.

ગીરનાં જંગલોમાં માલધારીઓ વચ્ચે પણ ખૂબ કામ કર્યું. ગીર, બરડો, આલેજ, દેવડા જેવા જંગલવિસ્તારમાં ફરી ફરીને તે કોમના ઉત્કર્ષ માટે ખૂબ જ મહેનત કરી.

''ભારતમાં સામાજિક ધારાઓમાં સિવિલકોડ એક હોવો જોઈએ. કોઈને ચાર પત્ની રાખવાનો ભેદભાવ ન હોવો જોઈએ. એક પત્નીનો કાયદો સમાન ધોરણે લાગુ કરવો જોઈએ,'' આ પુષ્પાબહેનનું મંતવ્ય. એમને ઍવોર્ડ મળ્યો ત્યારે સન્માનના ઉત્તરમાં સ્નેહીજનોને અને મિત્રોને કહ્યું કે ''મારા વિચારો અને કાર્યને સમાજે સ્વીકાર્યાં છે. તેના સમર્થન રૂપે આ ઍવોર્ડ મને મળ્યો છે.'' કેટલી વિનમ્રતા.

એમની આત્મકથા નથી. એક પત્રકારને જવાબ આપતાં મુ. પુષ્પાબહેને જણાવ્યું હતું કે ''મારે આત્મકથા લખવાની ના હોય. મારું જીવન જ મારી આત્મકથા છે. તેમનું જીવન એટલે ભારોભાર મમતા. તેમની વાણી એટલે વેરીને પણ વશ કરે તેવી મધુરતા અને તેમનું વર્તન એટલે સંપૂર્ણ સાદાઈ અને સેવા.''

આવાં પુષ્પાબહેનના જીવનનું દર્શન કરતાં ક્યાંય ''આરો કે ઓવારો નથી'', જીવનભર સમાજસેવા કરતાં સેવા સેવા ને સેવા જ કરી. દુઃખિયાનો વિસામો બન્યાં. સર્વતોમુખી પ્રતિભા ધરાવતાં પુષ્પાબહેનના જીવનનો વૃતાન્ત હજી બીજાં આટલાં પાનાં થાય તો પણ ઓછો પડે તેવો છે. શું શું લખવું ને શું શું છોડવું ? આટલું લખ્યું છતાં ઘણું બધું રહી ગયું એવું મને લાગે છે. હવે વધુ ના લખતાં પુષ્પાબહેન પોતાની અંતિમ ઈચ્છામાં શું લખી ગયાં તે આપણે જોઈએ.

લખે છે, ''હું વર્ષોથી સામાજિક કામ કરું છું. સન ૧૯૪૬ થી સક્રિય રાજકારણમાં પણ હતી, છેક ૧૯૭૨ની એપ્રિલની બીજી તારીખે રાજ્યસભાની મુદ્દત પૂરી થઈ ત્યાં સુધી કાર્યશીલ રહી. પણ ઈશ્વર સાક્ષીએ કદી પણ ખટપટ નથી કરી. કોઈની ખટપટમાં રસ લીધો નથી.મારે કોઈ સાથે વેરઝેર કે અણબનાવ નથી. મારાથી બનતો સ્પષ્ટ વ્યવહાર રાખ્યો છે. નમ્ર રહેવા અને કોઈને પણ ના દુભવવા પ્રયત્ન કર્યો છે છતાં પણ કોઈને દુઃખ થયું હોય એવું વર્તન થયું હોય તો ક્ષમાયાચના. પ્રામાણિક રહી છું મન વચન અને કર્મથી. લાખો રૂપિયાના દાન પ્રત્યક્ષ અને રોકડ મેળવ્યાં છે. લોકોએ માંગ્યું તેટલું દાન આપ્યું છે. બધું મે શિવ-નિર્માલ્ય ગણ્યું છે. કોઈપણ સંસ્થામાંથી વેતન લીધું નથી. વસ્તુઓ વાપરી નથી. લાભ ઉઠાવ્યો નથી. મન પ્રભુકૃપાથી ''જલકમલવત્'' રહ્યું છે. દાનની રકમ પર મન કદાપિ લલચાયું નથી. ઈશ્વરે દાનત સાફ રાખી છે. મારી પછીના કાર્યકરો પણ મારે માર્ગે કર્મ કરે એવી મારી અંતિમ ઈચ્છા છે, વિનંતી છે. વડીલ તરીકે આજ્ઞા છે. મારું લક્ષ ''સમુદ્ર'' હતું. તોફાન, શાંતિ, ભરતી, ઓટ, પ્રચંડ મોજાં, શાંતિ તરંગો આ સંસારનું પ્રતીક છે. માનવજીવનનું પ્રતીક છે. મેં સમુદ્રદર્શન કર્યું છે. જીવન આનંદમાં જીવી છું. દુઃખમાં ડગી નથી. આપત્તિવેળાએ લાચાર થઈ નથી. જીવનની કસોટીમાંથી પણ પ્રભુએ પાર ઉતારી છે. સંસારમાં મીઠાશ ને મધુરપ જ વીણીને

માણ્યાં છે. જીવ્યાનો સંતોષ છે.''

ગુજરાતનાં ગરવાં સેવાભાવી ભાઈ-બહેનોની યશગાથામાં શ્રીમતી પુષ્પાબહેન મહેતાનું એક અનોખું જીવનવૃતાન્ત સુવર્ણઅક્ષરે લખાયું અને ચિરંજીવ રહેશે. આવી વ્યક્તિઓ પોતાના જીવનકાર્યથી પોતાનું અને સમગ્ર સમાજની જનતાનું એક દીપકની માફક જીવન અજવાળતી રહે છે. ભાવિ પેઢીને માટે માર્ગદર્શક બની એક દીવાદાંડી બને છે. બીજી પેઢી તૈયાર કરીને પુષ્પાબહેને એક મહાન કાર્ય કર્યું. આને પરિણામે આજની પેઢી માનભેર ખુમારીથી હરી ફરી શકે છે. સમય જતાં ધારો કે સમાજનું વહેણ બદલાય તો પણ આપણે અડીખમ રહીને જે વાતાવરણ મૃદુલાબહેન અને પુષ્પાબહેને સર્જ્યું તેને ચિરંજીવ રાખવા સજાગ રહેવું જ જોઈએ. નહીંતર આ બે બહેનોએ અવિરત પરિશ્રમ કર્યો તે એળે જશે.

સ્ત્રીગૌરવ, સ્ત્રીસન્માન એ એમનું ધ્યેય હતું. પુષ્પાબહેન તો સમગ્ર ભારતનું ગૌરવ હતાં. એમના જીવનકાર્યની સિદ્ધિનાં ફળ અત્યારનું સ્ત્રીજીવન ભોગવી રહ્યું છે.

એ જમાનાના રૂઢિચુસ્ત સમાજમાં રહીને પોતાનું જીવન પોતે જ એકલે હાથે હિંમતથી સ્વસ્થતાથી અડગ રહીને કેવી રીતે ઘડ્યું હશે તે સમજવું જોઈએ.

પુષ્પાબહેન એક રાષ્ટ્રિય પ્રતિભા હતાં. તેમના જીવનની અને કાર્યની ગાથા ગુજરાતના સીમાડાની બહાર પહોંચાડવાની જવાબદારી ગુજરાતની પ્રજાની અને ખાસ કરીને ગુજરાતની બહેનોની અને તેમાં પણ નવી પેઢીની રહે છે. આ પરિપૂર્ણ વ્યક્તિત્વ ધરાવતાં બહેન પોતે મૂર્ધન્ય વિદુષી હતાં. અગાધ વાચન, ચિંતન, મનન, અને લેખન વધુમાં તો આ સર્વને જીવનમાં ઉતારનાર એમની ઉપર ખરેખર મા સરસ્વતીની ખૂબ જ કૃપા હતી. વધુ શું ?

સર્વગુણસંપન્ન આ સન્નારીને લાખ લાખ પ્રણામ.

મારો વિચાર પુષ્પાબહેનનું જીવન વૃત્તાન્ત થોડું ટૂંકાવીને ગુજરાતમાં એમના જેવાં અનેક બહેનોએ સેવાનો ભેખ અપનાવ્યો હતો, તેમાંના એક વંદ્યમૂર્તિ 'માયજ'નું મીઠડું નામ પામેલાં મીઠુબહેન પીટીટનું જીવનદર્શન પણ કરવાનો હતો, પરંતુ સમયના અભાવે એ વિચાર માંડી વાળ્યો. દેશ સ્વતત્ર થયો. તેની પાછળ કેટલાંય ભાઈ-બહેનોનો પુરુષાર્થ હતો, ત્યાગ અને તપશ્ચર્યા હતાં, તેનો ઇતિહાસ લખી શકાય. મીઠુબહેનનું જીવન ધૂપસળી જેવું ચારે કોર તે સમયે સુગંધ પ્રસરાવી હતી. મુંબઈનું પીટીટ કુટુંબ ખૂબ પ્રસિદ્ધ હતું.

બીજાં બહેન મુંબઈના મણીબહેન નાણાંવટી એમની સેવાઓ પણ અનોખી છે. ખાદીમાતા તરીકે ઓળખાતાં સ્વ. શ્રી મણિબહેન નાણાવટી ગાંધીનિષ્ઠ પરમ રાષ્ટ્રિય સેવિકા તપઃપૂત ધનાઢ્ય કુટુંબના પણ સાવ સાદાં, રોજ કાંતે એજ વણાવી સાડી કરાવે, ખાદી પહેરે જાતે જ ધુએ ગળી નહિ ઈસ્ત્રી નહિ. જૂનાં કપડાં ભેગા કરી નવેસરથી પાછાં સીવે, ગરીબોને વહેંચે. ગુજરાતમાં દરેક ક્ષેત્રમાં કાર્ય કરવા તત્પર રહેતાં આદિવાસી જનતાની સેવા, આદિવાસી પ્રજામાંના પ્રજાસેવકો તૈયાર કરવા, ગાંધીદર્શનને અમલમાં મૂકવું, સાદગી સાથે સંસ્કારમય જીવન જીવી આદર્શને આચરણમાં મૂકી બતાવ્યું અને સેવાના માધ્યમથી અધ્યાત્મમાં પણ સિદ્ધિ મેળવનાર મણિબા ગુજરાતના ગાંધીપરંપરાના ત્યાગી અને સમર્પિત સેવિકામાં તેમનું નામ આગલી હરોળમાં ગણાવી શકાય.

આ બન્ને બહેનોની ખૂબ જ ટૂંકામાં ઓળખ આપી તેમને ન્યાય નથી આપી શકી પણ આવાં તો અનેક સેવાભાવી બહેનો છે. આત્મશ્લાઘા, ફોટા વગેરેથી દૂર રહી સેવાનાં કાર્યો કરતાં આત્મકથા તો લખવાની ફુરસદ જ નહોતી તેથી એ મુંગા સેવકોના જીવન વિશે જનતા પણ અજાણ રહી. મીઠુબહેન અને મણિબહેન જેવાં ઘણાં નારીરત્નો ગુજરાતે આપ્યાં છે. તે સહુને લાખ લાખ વંદન.

# અમદાવાદના ઐતિહાસિક દરવાજા

◆

**સૈયદ રફિકા સુલતાના***
**સૈયદ અફરોઝ સુલતાના+**

અમદાવાદનો ઇતિહાસ દરેક શાસનકાળ દરમિયાન ઘણો રસપ્રદ, રોચક, રાષ્ટ્રીય ઉથલ-પાથલ અને મહત્ત્વની ગાથાઓથી વણેલો રહ્યો છે. તેની કળા, ધાર્મિકતા, સંસ્કૃતિ અને સુંદર સ્થાપત્યો ધ્યાન ખેંચે તેવાં છે. સ્થાપત્યની દૃષ્ટિએ જોઈએ તો અમદાવાદ ભારત અને વિશ્વના નકશામાં સ્થાન પામતું રહ્યું છે. તેની સ્થાપત્યકીય જાહોજલાલીમાં દરેક શાસનકાળ દરમ્યાન તેમાં ઉમેરો થતો રહ્યો છે. તેનાં મંદિર, મસ્જિદો અને જળસ્થાપત્યો ઘણાં જ બેનમૂન છે. અમદાવાદની પોળો, ચબૂતરા પણ તેની આગવી શૈલી ધરાવે છે. કલાપ્રેમી, સંશોધનકર્તા, પુરાવિદો, ઇતિહાસકારો, સાહિત્યકારોએ તેનાં વિવિધ પાસાંઓનું બારીકાઈથી અધ્યયન કર્યું છે. આ શહેરની જાહોજલાલી અને ભવ્યતા તેના પ્રારંભિક કાળથી રહી છે. તેની રાજકીય પરિસ્થિતિ, ઇતિહાસ, ભૌગોલિકતા તથા સ્થાપત્યકીય વિકાસ વગેરેનું ગુજરાતમાં મહત્ત્વનું સ્થાન રહ્યું છે. પ્રારંભથી અમદાવાદ આશાપલ્લી નગરી, અહમદાબાદથી અમદાવાદ સુધી રાજધાનીનું ઐતિહાસિક નગર રહ્યું છે. તેનાં સુંદર સ્થાપત્યો, બગીચાથી શહેર શોભતું રહ્યું છે. સુંદર સ્થાપત્યોમાં હિંદુ, જૈન મંદિરો, મુસ્લિમકાલીન મસ્જિદો, મકબરા, મિનારા (ઝુલતા મિનારા) વગેરેથી શહેરની ભવ્યતા નજરે પડે છે. અમદાવાદના દરવાજા તેની જાહોજલાલી અને શૃંગારમાં વધારો કરે છે.

ભારતમાં દરવાજા સંસ્કૃતિનો આરંભ ઈ.સ. પૂર્વે ૩જી સદીથી સાંચીના દરવાજાથી જોવા મળે છે. રાજા મહારાજાઓ, સુલતાનો, અમીરો, ઉમરાવો, શ્રીમંતો, વેપારીઓ એમના સમયમાં દરવાજાઓનું નિર્માણ કરતા. દરવાજાઓ નગર, મહોલ્લા પોળોની સુરક્ષા અને શોભા વધારતા. દરવાજાઓ જે તે વિસ્તારનું કેન્દ્ર પણ રહ્યા છે. દરવાજાઓમાંથી સરઘસો, સવારીઓ, રેલીઓ, યાત્રાઓ વગેરે પસાર થતાં. યુદ્ધ સમયે પણ તેના પર મોરચા ઊભા કરાતા. ગુજરાતમાં પણ સિદ્ધરાજ સોલંકીના સમયથી દરવાજા તોરણ સ્વરૂપે બનાવવામાં આવ્યા. સિદ્ધપુર, રૂપમહાલ, પાવો, વડનગર વગેરે જે સુંદર કોતરણીયુક્ત છે. અમદાવાદના દરવાજાઓ પણ સુંદર કોતરણી અને શૃંગારયુક્ત છે. ગુજરાતમાં જેમ સોલંકીકાળ દરમ્યાન ભવ્ય સ્થાપત્યોનું નિર્માણ થયું, તેમ અમદાવાદમાં મુસ્લિમકાળ દરમ્યાન પણ સુંદર સ્થાપત્યો સ્થપાયાં. ઈ.સ. ૧૪૧૧ માં અહમદશાહ બાદશાહે અહમદાબાદ વસાવ્યું ત્યારથી અમદાવાદમાં મુસ્લિમ સ્થાપત્યોની ભવ્યતામાં વધારો થયો છે.

અમદાવાદમાં દરવાજા સંસ્કૃતિનો આરંભ અહમદશાહના સમયથી થયો. તેણે સૌ પ્રથમ ત્રણ દરવાજા બનાવ્યા. ૧૪મી સદીનો આ દરવાજો ઘણો જ સુંદર છે. આ દરવાજાને ત્રણ પ્રવેશદ્વાર હોવાથી તે ત્રણ દરવાજા નામે ઓળખાય છે. ઈ.સ. ૧૪૮૬ દરમિયાન શહેરને ફરતે દરવાજા હતા અને ૧૦ કિ.મી. પરિઘ ધરાવતો કોટ હોવાની ઐતિહાસિક નોંધ છે. કોટ રેતિયાળ પથ્થર, ઈંટો અને ચૂનાનો બનેલો હતો. જેમાં (બાર) ૧૨ દરવાજા, ૧૩૯ બુરજ તેમજ ૬,૭૦૯ કાંગરા હતા. ૭ મીટર કોટની ઉંચાઈ હતી. અમદાવાદના દરવાજા પણ ઈંટો, પથ્થર અને ચૂનાના બનેલા છે. દરવાજાઓમાં સુંદર કમાનો, ઝરુખા, ગોખલા, કાંગરા, કોતરણીયુક્ત સ્તંભો, ફૂલોથી શોભતી દીવાલો વગેરે છે જે સ્થાપત્યના શૃંગાર સમા છે.

---

* મ્યુઝિયમ ક્યૂરેટર, મ.દે. સમાજસેવા વિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
+ મ્યુઝિયમ આસિસ્ટન્ટ, સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમ, વલ્લભ વિદ્યાનગર

અમદાવાદમાં અનેક ઐતિહાસિક ઘટનાઓ ઘટી તે સમયના સાક્ષીરૂપે આ દરવાજાઓ આજે પણ હયાત છે. યુદ્ધો, રમખાણો, અથડામણો આ દરવાજાઓ ઉપર થયા તેથી આ દરવાજાઓ વધુ ઐતિહાસિક બન્યા. જેવા કે અમદાવાદના સૂબા ફક્રઉદ્દૌલ્લાહ ફખ્રઉદ્દીનખાનનું મરાઠાઓ સાથે ઘમસાણ યુદ્ધ થયું. એમાં મરાઠાઓ અમદાવાદ શહેરમાં પ્રવેશતા હતા તેવામાં ફખ્રઉદ્દૌલ્લાહે એ સમયસૂચકતા વાપરી શહેર અને પ્રજાની સલામતી માટે શહેરના બધા જ દરવાજાઓ બંધ કરાવી દીધા. જેથી મરાઠાઓની પીછેહઠ થઈ. આ યુદ્ધમાં બંદૂકો અને તોપમારો ચાલ્યો. આ યુદ્ધમાં આસ્ટોડિયા દરવાજા અને રાયપુર દરવાજા પર પાંચ રાત અને પાંચ દિવસ સુધી સતત યુદ્ધ ચાલ્યું. આટલું મોટું યુદ્ધ દરવાજા પર પહેલીવાર થયું. સૂબા ફખ્રઉદ્દૌલ્લાહનું કુટુંબ જે શહેરની બહાર હતું. તેને સલામતી માટે શહેરના દરવાજાની અંદર રાખવામાં આવ્યું.

મરાઠા સૂબા રંગાજી અને મુસ્લિમ સૂબા મોમિનખાન, ફિદાઉદ્દીન ખાન તેમજ અન્ય શાસનકર્તાઓ સાથે સુલેહ શાંતિ થઈ. તેમાં રંગાજીએ પ્રસ્તાવ મૂક્યો કે શહેર અને અમારી સલામતી માટે દરવાજાનો વહીવટ વહેંચી આપવો. આથી આ બન્ને વચ્ચે એવો કરાર થયો કે રાયખડ, ખાનજહાં અને જમાલપુર દરવાજા મોમિનખાનના માણસો સાચવશે. જ્યારે આસ્ટોડિયા અને રાયપુર દરવાજા રંગાજીના માણસો સાચવશે. દરવાજા ખોલવા અને બંધ કરવાની જવાબદારી પોતપોતાના હસ્તક રહેશે. આ રીતે બન્ને શાસનકર્તાઓએ દરવાજા સાચવવાની જવાબદારી લીધી.

જ્યારે અમદાવાદ શહેરમાં મારવાડીઓએ હુમલો કર્યો ત્યારે મોમિનખાને કુનેહ વાપરી આસ્ટોડિયા, જમાલપુર અને ખાનજહાં દરવાજા પર લશ્કર જમાવી દીધું. રંગાજીએ પણ પોતાના અને મોમિનખાન હસ્તકના દરવાજા બંધ કરાવી હુમલો ખાળ્યો. આ હુમલાથી રંગાજીના જાનનું જોખમ ઘણું હતું. તે પણ ટળ્યું. પરંતુ આ હુમલાથી રંગાજી અને મોમિનખાન વચ્ચે પ્રજાની શાંતિ અને સલામતી માટે પ્રજાલક્ષી કાર્યો માટે તેમજ કેટલાંક વિવાદ અને વિવાદી નિયમોની જડતા સમાપ્ત કરવા માટે કરાર થયા. આ કરારની શરતોમાં દરવાજા અંગેની શરતો પણ હતી. આ શરતોમાં પ્રજાની શાંતિ અને અવરજવર માટે કેટલાક નિયમો બનાવ્યા જેવા કે જમાલપુર દરવાજા, ખાનજહાં દરવાજા, આસ્ટોડિયા દરવાજા પર કોઈ ચોકીદાર રહેશે નહિ. આ દરવાજામાંથી કોઈ વિસ્ફોટક પદાર્થ લઈ જઈ શકાશે નહિ. આ નિયમોનો ભંગ કરનારને જેલની સજા થશે.

પરાંની ફોજદારી અને હોદ્દાઓમાં અંદરોઅંદર ઝઘડાં થતાં. તેથી સૂબા મોમિનખાને જમાલપુર દરવાજાની બાજુમાં બુરજ બનાવી અબ્દુલવહાબ કોટવાળની દેખરેખ નીચે બે માળ ઊંચો બુરજ બનાવ્યો હતો. કારણ કે યુદ્ધ કે તોફાનના સમયે ઘરોથી પણ ઊંચે હવામાં ગોળા ફેંકી શકાય. જમાલપુર દરવાજા પર વારંવાર અશાંતિ રહેતી. આ દરવાજા પર અવારનવાર તોપો ગોઠવાતી. મરાઠા સૂબા દામાજીને મુસ્લિમ સૂબા મોમિનખાન સાથે જોરદાર અથડામણ થઈ ત્યારે મોમિનખાને જમાલપુર દરવાજા પર ચડી ખૂબ તોપમારો કર્યો હતો. સામસામા તોપમારાથી દરવાજો ખૂબ હચમચી ગયો. બીજી એક અથડામણમાં મોમિનખાને આસ્ટોડિયા દરવાજાને બંધ કરાવી તેની ફરતે ખાઈ ખોદાવી અને દરવાજા પર માચડો બનાવી તોપો ગોઠવી. બન્ને પક્ષે ખૂબ તોપમારો કર્યો અને જમાલપુર દરવાજાની જેમ આસ્ટોડિયા દરવાજાને ખૂબ નુકસાન કર્યું.

મુસ્લિમકાળ દરમ્યાન અમદાવાદના દરવાજાની સાચવણી અને જાળવણી પ્રત્યે ખૂબ ધ્યાન આપવામાં આવતું. મુસલમાન શાસનકર્તાઓ સાથે મરાઠા અને રજપૂતોને વારંવાર અથડામણો થતી. તેથી પ્રજાની શાંતિ અને સલામતી જોખમાતી. આ અંગે શાસનકર્તાઓએ દરવાજા પર ચોકીદારો કે મોરચેદારો નીમ્યા. યુદ્ધ સમયે દરવાજા પર લશ્કરી મોરચો સંભાળનાર પણ અલગ રહેતો. દા.ત. જમાલપુર દરવાજા, સારંગપુર દરવાજા અને ખાનજહાં દરવાજા પર મોરચેદાર તરીકે મેહમૂદ રઝા હતો. મરાઠા સાથેના સંઘર્ષમાં આ મોરચેદાર દરવાજા પર માર્યો ગયો હતો.

યુદ્ધ કે શહેરની કોઈ આફત સમયે જે સુંદર કામગીરી કરે તેને બાદશાહ બઢતી કે સારો હોદ્દો આપતો. આવી જ રીતે એક અથડામણમાં મોમિનખાને ગાયકવાડના સૂબા દામાજી, જે અમદાવાદ પર વારંવાર ચઢાઈ કરતો. આથી શહેરમાં અશાંતિ પ્રવર્તતી. આવી જ એક ચઢાઈમાં મોમિનખાને તેને હરાવ્યો. પરંતુ બાદશાહ સામે સંધિ થતાં બન્ને પક્ષે શાંતિ સ્થપાઈ. મોમિનખાનના આ વિજયથી બાદશાહે તેને સૂબો બનાવ્યો. મોમિનખાને વિજય પ્રાપ્ત કર્યો અને સૂબો બન્યો એ ખુશાલીમાં મુસ્લિમ તવારીખ પ્રમાણે વર્ષનો બીજો મહિનો સફરની, ૧૪ તારીખ, શુક્રવારે અમદાવાદમાં ગાજતે વાજતે તેનું સન્માન કરવાનું નક્કી કર્યું. આ સમયે જ્યોતિષીઓએ પણ સૂચન કર્યું કે તેઓએ શહેરમાં પ્રવેશ રાયપુર દરવાજાથી કરવો. અને તે દિવસે મોમિનખાન સાથે ફિદાઉદ્દીનખાન જેવા તેના અન્ય સાથીદાર જવાંમર્દખાન વગેરે જ્યોતિષીના સૂચન પ્રમાણે રાયપુર દરવાજાથી વાજતે ગાજતે પ્રવેશ્યા અને રાયપુર દરવાજે તેમનું સ્વાગત થયું. આપણી સંસ્કૃતિમાં પણ ગૃહપ્રવેશ સમયે દરવાજા પર સ્વાગત કરવામાં આવે છે. દરવાજાઓ પણ આપણી સંસ્કૃતિમાં અગત્યનાં સ્થાપત્યો છે.

યુદ્ધ, તોફાન, બંડ કે અથડામણો સમયે જનતાની અવરજવર માટે દરવાજાઓ બંધ રહેતા. તેવા સમયે લોકો ચોકીદારને લાંચ આપી આવજા કરતા. આ સમય દરમ્યાન કેટલીક વખતે સ્ત્રીઓને આવવા જવા માટે છૂટ રહેતી. કેટલીક ચીજવસ્તુઓ શહેરમાં લાવવા માટે દરવાજા પર ટેક્સ લેવાતો. આ ટેક્સ રાજ્યની તિજોરીમાં જમા થતો. આથી દરવાજાઓ આવકના સાધન પણ ગણાતા. જ્યારે પણ શહેરમાં અશાંતિ કે યુદ્ધ થતું ત્યારે દરવાજાઓને ભારે નુકસાન થતું. યુદ્ધ સમયે દરવાજાને નિશાનો બનાવતા. જ્યારે શાસનકર્તા તે સમયે દરવાજા પર મોરચો ગોઠવતા. તોપો ગોઠવાતી આથી દરવાજા હંમેશા મજબૂત બનાવવામાં આવતા. દુશ્મન પક્ષ હંમેશા દરવાજા તોડી પાડવા માટે દરવાજા પર ખૂબ તોપમારો કરતા.

યુદ્ધ સમયે જ્યારે દરવાજા બંધ રહેતા ત્યારે વેપાર અને સામાન્ય જીવન પર અસર થતી. દરવાજા બંધ હોવાથી જીવન-જરૂરિયાતની ચીજવસ્તુઓની તંગી રહેતી. ખાસ કરીને અનાજ અને ઘાસચારો. તેથી તેના ભાવ ઊંચા જતા.

૧૮૧૭ માં અમદાવાદ જ્યારે ઈસ્ટ ઈંડિયા કંપનીની હસ્તગત થયું ત્યારે તેનો વહીવટ અંગ્રેજોના હાથમાં આવ્યો. ૧૯૩૦માં અમદાવાદના કલેક્ટર તરીકે શ્રી જે.એ.ડનલોપની નિમણૂંક થઈ. તેણે ૨૨ એપ્રિલ ૧૯૩૦માં અમદાવાદનાં સ્થાપત્યોના સમારકામ અંગે એક સમિતિનું ગઠન કર્યું. એ સમિતિમાં અમદાવાદના દરવાજાઓ જે તૂટી ગયા છે, તેને દુરસ્ત કરાવવાનું નક્કી થયું. તે પછી ૧૯૩૧ ના ઑક્ટોબરમાં સમિતિએ નક્કી કર્યા પ્રમાણે દુરસ્તીનો કોન્ટ્રેક્ટ શ્રી જેઠા કૌશલજીને આપ્યો અને દિલ્હી દરવાજા, શાહપુર દરવાજા અને કોટની દીવાલનું સમારકામનું કામ સોંપ્યું, જેના ખર્ચ પેટે ૩૧,૬૭૨ રૂપિયા નક્કી થયા. જ્યારે આસ્ટોડિયા દરવાજાના સમારકામનો કોન્ટ્રેક્ટ શ્રી મૂલજી ગિરધરને સોંપવામાં આવ્યો. જેના ખર્ચ પેટે ૧,૩૭૫ રૂ. નક્કી થયા. આમ ધીરે ધીરે કલેક્ટર શ્રી જે. એ. ડનલોપે અમદાવાદના લગભગ બધા જ દરવાજાઓનું નાનું મોટું સમારકામ કરાવી દરવાજાની સાચવણી કરી હતી. આમ તો અમદાવાદના દરવાજાઓ ૧૪થી ૧૫મી સદી દરમિયાન બન્યા છે, જેમાં ત્રણ દરવાજા સિવાય બાકીના દરવાજાઓ મહમૂદ બેગડાના સૂબાઓ અને અમીરોએ બનાવ્યા છે. દરવાજાઓ પ્રારંભમાં શહેરની શોભા અને પોતાના વિસ્તાર અને પોતાની પ્રખ્યાતિ માટે બનાવ્યા હતા. પણ પાછળથી શહેરની વ્યવસ્થા, શાંતિ, યુદ્ધ, અથડામણો ખાળવા માટે તેનો ઉપયોગ થયો. આજે અમદાવાદમાં ૧૨ દરવાજા છે. અને તેની દુરસ્તીની જવાબદારી ભારતીય પુરાતત્ત્વ વિભાગ અને અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને હાથ ધરી છે.

મિરાતે સિકંદરી પ્રમાણે મલિક સારંગ એ રાજપૂત હતો અને તેના ભાઈ મૂલાને અથડામણો દરમિયાન મહમૂદ બેગડાએ પકડી લીધા અને પોતાના રાજ્યમાં રાખ્યા. સારંગ ઘણો બાહોશ, હોશિયાર હતો અને

પોતાના વિચારો બાદશાહ આગળ બહાદુરીપૂર્વક રજૂ કરતો. તેથી બાદશાહની ઘણી નજીકનો અને અંગત વ્યક્તિ ગણાવા લાગ્યો. બન્ને ભાઈઓએ ઇસ્લામ ધર્મ અંગીકાર કર્યો. બાદશાહની અંગત વ્યક્તિઓમાંનો એક હોવાથી સારંગને મલિક તરીકેનો હોદ્દો મળ્યો.

'મિરાતે એહમદી' પ્રમાણે અમદાવાદના દરવાજા તેની ચારે દિશામાં હતા.

પૂર્વમાં - કાલુપુર દરવાજો, સારંગપુર દરવાજો અને આસ્ટોડિયા દરવાજો.

પશ્ચિમમાં - સાબરમતી નદી પર આવેલા દરવાજાઓમાં ખાનપુર દરવાજો, રાયખડ દરવાજો અને ખાનજહાં દરવાજો.

ઉત્તરમાં - શાહપુર દરવાજો, ઇડરિયો દરવાજો જેને દિલ્લી દરવાજો પણ કહે છે, દરિયાપુર દરવાજો.

દક્ષિણમાં - જમાલપુર બંધ દરવાજો જેને ઢેડીઓ દરવાજો પણ કહેતા, રાયપુર દરવાજો. ત્રણ દરવાજાનો અહીં ઉલ્લેખ મળતો નથી.

જ્યારે આધુનિક અમદાવાદમાં ૧૨ દરવાજાઓ છે. અમદાવાદમાં દરવાજાનો આરંભ અહમદશાહના સમયથી થયો. અમદાવાદની શોભા અને સુરક્ષા માટે તેણે ત્રણ દરવાજા બનાવ્યા જે ૧૪મી સદીમાં બન્યા. તે ત્રણ કમાનોવાળો અને ત્રણ પ્રવેશદ્વાર હોવાથી ત્રણ દરવાજા નામ પડ્યું. આમ અમદાવાદમાં ૧૪ મી ૧૫મી સદીના અંતમાં ૭ જેટલા ઐતિહાસિક દરવાજા બન્યા. જ્યારે ૧૬ થી ૧૭ મી સદી દરમ્યાન ૩ દરવાજા બન્યા અને ૧૮મી સદીમાં પ્રેમ દરવાજા અને પાંચ કૂવા દરવાજાનું નિર્માણ થયું. અમદાવાદમાં રેલવે બની તે પછી આ બે દરવાજાનું નિર્માણ થયું.

**૧. ત્રણ દરવાજા (૧૪ મી સદી)**

અમદાવાદનો સૌ પ્રથમ દરવાજો એ ત્રણ દરવાજા છે. જે અમદાવાદની પશ્ચિમ દિશામાં આવેલા છે. અહમદશાહે ભદ્રનો કિલ્લો ઇ.સ. ૧૪૧૧ માં બનાવ્યો તે પછી આ દરવાજાનું નિર્માણ થયું. ભદ્ર અને દરવાજા વચ્ચે ૧૬૦૦ ફૂટ લાંબું અને ૮૦૦ ફૂટ પહોળું ચોગાન હતું. જે 'મેદાને શાહ' નામે જાણીતું હતું. મેદાનની બન્ને બાજુ સુંદર વૃક્ષો હતાં. મેદાનેશાહના અંતભાગમાં આ દરવાજો બન્યો. મેદાનમાં હાથીની સાઠમારી, નિશાન બાજીઓ કે તહેવારની શુભેચ્છાઓ, કે ઉજવણી પ્રસંગે ઘણી વખત બાદશાહ આ દરવાજાના ઉપરના ભાગમાં આવી નિરીક્ષણ કરતા. દરવાજાને અગાસી નથી. છતાં બાદશાહ માટે ત્યાં કામચલાઉ વ્યવસ્થા કરવામાં આવતી. 'મિરાતે એહમદી' પ્રમાણે નજમુદૌલ્લાએ સાવચેતી માટે ત્રણ દરવાજા ઉપર તોપચી રહે અને તોપમારો કરી શકાય તે માટે અગાશી બનાવેલી. જેમાં ૨૪ કલાક ચોકીદાર પહેરો ભરતો.

અમદાવાદના મુખ્ય ત્રણ દરવાજા સુંદર અને ભવ્ય કોતરણીયુક્ત છે. આ દરવાજાને ત્રણ પ્રવેશદ્વાર છે. તેથી તે ત્રણ દરવાજાના નામથી પ્રસિદ્ધ છે. દરવાજાનું મધ્ય પ્રવેશદ્વાર મોટું છે. જ્યારે આજુબાજુના પ્રવેશદ્વાર નાનાં છે. મોટું પ્રવેશદ્વાર ૧૭ થી ૧૮ ફીટનું છે. જ્યારે નાનું પ્રવેશદ્વાર ૧૩ થી ૧૪ ફૂટ પહોળાં છે. ત્રણે પ્રવેશદ્વાર કમાન આકારનાં છે. આ દરવાજો સાત કમાનવાળો છે. આ કમાનોને બે આધારસ્તંભ છે. આવા સ્તંભો દરવાજાના અગ્ર અને પૃષ્ઠ ભાગમાં દીવાલ સાથે જોડેલા છે. સ્તંભો શિખર આકારના છે. સ્તંભોમાં પાંચ ગોખલા છે. દરવાજાના પ્રવેશદ્વારની ઉપરની દીવાલ કાંગુરાથી સુશોભિત છે. આ કાંગુરાને જોડતા ત્રણ ઝરુખા છે, જે ચોરસ આકારના છે. બે ઝરુખાની વચ્ચે નાની સુંદર બારીઓ છે. બારીઓ નાના નાના કાંગુરાઓથી શણગારેલી છે. દરવાજો ફક્ત લોકોની અવરજવર અને બાદશાહની સવારી માટે હતો. તેથી તેને અગાશી નથી પણ રાજાને બેસવા માટે અથવા તેના રક્ષણ માટે છાપરું હતું.

ત્રણ દરવાજા ઈંટોના બનેલા છે. પરંતુ પાછળથી તેને પથ્થરથી ચણી દીધા છે. જેથી ઈંટોનું માળખું દેખાતું નથી. પાણીના નિકાલ માટેની પણ વ્યવસ્થા છે. તેની કમાનો, સ્તંભો, પ્રવેશદ્વાર વગેરે સુંદર ફૂલો, નાજુક વેલો વગેરેથી શણગારેલાં છે. ફૂલો કોતરીને બહારથી લગાડેલાં છે. બન્ને નાની કમાનોના આધારરૂપ દીવાલ પર પાંચ પાંચ નાના ગોખલા છે, જે ઝરુખા આકારના છે તેમજ તેના પર સુંદર ફૂલોની ભાત કોતરેલી છે. ત્રણ દરવાજાની છત કાંગુરાથી સૌથી વધુ સુશોભિત છે. તેના શણગાર ઉપરાંત તેનું સ્થાપત્ય પણ ઘણું જ ઉમદા પ્રકારનું છે. વચ્ચેના દરવાજાની દીવાલ પર મધ્યમાં વિ.સં. ૧૮૬૮ (ઈ.સ. ૧૮૧૨)નો મરાઠાકાલીન શિલાલેખ પણ કોતરેલો છે.

અહમદશાહ બાદશાહના સમયમાં આ વિસ્તાર વેપારનું કેન્દ્ર હતું. આ વિસ્તારની નજીક જામે મસ્જિદ આવેલી છે. મુસ્લિમ શાસનકર્તાઓના શહેરમાં શહેરનું મુખ્ય કેન્દ્ર જામે મસ્જિદ રહેતી. મસ્જિદમાં બાદશાહ તેના શાહી વહીવટકર્તા તેમજ પ્રજા આ મસ્જિદમાં નમાઝ માટે એકત્ર થતાં. કુરગામ વિસ્તારમાંથી લોકો ખરીદી કરવા આવતા. ગામડાંના નાના વેપારીઓ શહેરમાંથી માલ લઈ જતા. આથી દરેક શહેરમાં જામે મસ્જિદનો વિસ્તાર વેપારનું કેન્દ્ર રહ્યો. અને તે વિસ્તાર પાસે શહેરનો મુખ્ય દરવાજો પણ રહેતો. દા.ત. દિલ્હીમાં જામે મસ્જિદની આસપાસ પ્રારંભથી જ વેપારની સગવડ છે. ત્યાં ચાંદની ચોક અને કશ્મીરી ગેટ પણ છે. વડોદરા નજીક પણ વેપારનું કેન્દ્ર અને માંડવી અને પાણી ગેટ છે. આગ્રા કે અન્ય મુસ્લિમ શાસનકર્તાઓના શહેરમાં આ પ્રકારની વ્યવસ્થા છે. આવી જ રીતે અમદાવાદના આ ત્રણ દરવાજા નજીક જામે મસ્જિદ અને ત્રણ દરવાજા પાસે વેપાર કેન્દ્ર હતું. આજના આધુનિક અમદાવાદમાં પણ આ જ પ્રકારની રોનક અહીં જોવા મળે છે. દરવાજાની આસપાસ અતિશય દુકાનો, ફેરિયાઓ હોવાથી આ વિસ્તાર ભરચક થઈ ગયો છે. વર્ષોથી વેપારનું કેન્દ્ર હોવાથી ધીરે ધીરે આ દરવાજો પોતાની સુંદરતા અને સ્થાપત્યની ભવ્યતા ગુમાવી રહ્યો છે. પુરાતત્ત્વ વિભાગ તેનું સંરક્ષણ કરે છે.

**૨. ખાનજહાં દરવાજો :**

ખાનજહાં દરવાજો અમદાવાદની પશ્ચિમ દિશામાં આવેલો છે. ખાનજહાંના નામ પરથી વિસ્તાર અને દરવાજો ઓળખાય છે. જૂનાગઢનો સૂબો રાવ માંડલિક હતો. મહમૂદ બેગડાની તેણે શરણાગતિ સ્વીકારી. હિજરી ૮૭૭ (ઈ.સ. ૧૪૭૨)માં અમદાવાદ આવ્યા પછી સંત હઝરી શાહે આલમથી પ્રભાવિત થયા અને તેમણે ઇસ્લામ ધર્મનો અંગીકાર કર્યો. ઇસ્લામ ધર્મનો અંગીકાર કર્યા પછી તેમને ખાનજહાંનો ખિતાબ આપવામાં આવ્યો. દરવાજા વિસ્તારમાં જ તેમણે ખાનજહાં મસ્જિદ બનાવી. જે પથ્થરની બનેલી છે. મિરાતે એહમદી પ્રમાણે ખાનજહાંની કબર કાલુપુર દરવાજા પાસે છે ('મિરાતે એહમદી', ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝ, ભાગ ૧, પૃ. ૪૭).

ઈ.સ. ૧૮૮૦ માં લશ્કરી અધિકારી ગોડાર્ડના વડપણ હેઠળ બ્રિટિશ લશ્કરે તોપો ચલાવી દરવાજો તોડ્યો અને દરવાજામાં મોટું કાણું પાડ્યું. અર્ધગોળાકાર કમાનવાળા ખાનજહાં દરવાજામાં એક પ્રવેશદ્વાર છે. જેને બે કમાન છે. આ દરવાજો રેતિયાળ પથ્થરનો છે. દરવાજાની કમાનની બંને બાજુ બે સુશોભિત ફૂલોથી શણગારેલો છે. આ દરવાજો અમદાવાદના સુંદર સુશોભિત દરવાજામાંનો એક દરવાજો ગણાતો. તેની ચારેબાજુ ચોકી માટે ગુંબજ આકારની અગાશી હતી. તેની છત પર છાપરાં હતાં. વારંવાર તોપમારો થતાં છતો ઊડી જતી એટલે આ ચોકીઓમાં છાપરાં લગાડતાં. પથ્થરની છતોને, ચોકીદારને લશ્કરી તોપોથી નુકસાન પહોંચતું નહિ. આ દરવાજો સુંદર કોતરણીયુક્ત દરવાજો હતો. પરંતુ ૧૮૮૦ બ્રિટિશ લશ્કર અધિકારી ગોડાર્ડે દરવાજા પર તોપ મારી દરવાજો તોડી નાખ્યો. તે પછી ૧૯૩૦ માં બ્રિટિશ શાસનકર્તા કલેક્ટર ડનલોપે આ દરવાજાની મરમ્મત કરાવી સાદો દરવાજો બનાવ્યો. આ દરવાજો ઘણીવાર બન્યો, પણ ભગ્ન અવસ્થામાં જ મળે છે.

### ૩. જમાલપુર દરવાજો :

જમાલપુર દરવાજો અમદાવાદના દક્ષિણ વિસ્તારમાં આવેલો છે. મહમૂદ બેગડાના અમીર જમાલે આ આખો વિસ્તાર વસાવેલો. અમદાવાદના વિસ્તારો પહેલાં પરાં અને જિલ્લા તરીકે ઓળખાતા હતા. આથી આ જમાલપુર વિસ્તાર મહમૂદ બેગડાના સમયમાં જમાલપુર જિલ્લો કહેવાતો. અમદાવાદથી ૮ કિ.મી. તે સમયે જમાલપુર દરવાજાથી બારેજા, માતર અને સોજીત્રા થઈ ખંભાત જવાના સુંદર માર્ગ હતા. તેથી જ ખંભાત, પેટલાદ, તરફથી મરાઠા અને બાબીઓ સાથે હંમેશા અથડામણો રહેતી. આ અથડામણોને કારણે દરવાજા પર વારંવાર અશાંતિ સર્જાતી.

જમાલપુર દરવાજાની ઊંચાઈ ૮.૨ મીટર અને પહોળાઈ ૬.૭ મીટર છે. દરવાજાની છત ૯.૭ - ૮.૨ મીટર છે. જમાલપુર દરવાજામાં વારંવાર અથડામણોને કારણે દરવાજામાંથી તોપના ગોળા છોડવા માટેનું કાણું છે. દરવાજો એક પ્રવેશદ્વારવાળો છે. દરવાજાની અંદરના ભાગમાં દીવાલ સાથે સ્તંભો છે. અંદરની છતમાં ૩ કમાનો છે. દરવાજાની બહારની દીવાલ પર સુંદર ફૂલોની કોતરણી છે. દરવાજા ઉપર કોઈ અગાશી નથી. સળંગ છત છે. દરવાજો વાહનવ્યવહાર માટે ઉપયોગમાં લેવાય છે. આ દરવાજો પથ્થરનો બનેલો છે.

### ૪.આસ્ટોડિયા દરવાજો :

આસ્ટોડિયા દરવાજો અમદાવાદની પૂર્વ દિશામાં આવેલો છે. આસ્ટોડિયા દરવાજા બહાર અસ્તોડીઉ અથવા અસોરીઉ નામનું પરું હતું. તે પરથી આ વિસ્તાર અને દરવાજો આસ્ટોડિયા તરીકે જાણીતો થયો.

આસ્ટોડિયા દરવાજાની ઊંચાઈ ૭.૫ મીટર છે. અને પહોળાઈ ૫.૧ મીટરથી દરવાજાની છત ૮.૫ તથા ૮.૨ મીટર છે. દરવાજો અર્ધગોળાકાર કમાનવાળો છે. દરવાજાને એક પ્રવેશદ્વાર છે. જેની અંદરની દીવાલ સાથે ૩ સ્તંભો છે. જેની છત પણ અર્ધગોળાકાર છે. પ્રવેશદ્વારની બહારની દીવાલ પર સુંદર ફૂલોની કોતરણી છે. તોપગોળા છોડવા માટે ત્રણ કાણાં છે. દરવાજાની ઉપરની છત સળંગ છે. છત પર વરસાદના પાણીના નિકાલ માટેની વ્યવસ્થા છે. આજે પણ દરવાજો બંધ કરી શકાય તેવી વ્યવસ્થા નથી. દરવાજો અવરજવર વાહનવ્યવહાર માટે બંધ છે. દરવાજાની ફરતે રેલીંગ બનાવેલી છે. દરવાજો આજે પણ સારો દેખાય છે.

### ૫. રાયપુર દરવાજો :

રાયપુર દરવાજો અમદાવાદની દક્ષિણ દિશામાં આવેલો છે. દરવાજાની આસપાસનો વિસ્તાર ગીચ છે. મહમૂદ બેગડાના સમયમાં આ વિસ્તાર રાયપુર જિલ્લો કહેવાતો અને તેના કારણે તે રાયપુર દરવાજા તરીકે ઓળખાય છે. બીજું એવું પણ માનવામાં આવે છે કે રાયપુર દરવાજાથી રાજપુર જવાય છે. જેથી કદાચ રાજપુરથી રાયપુર શબ્દ બન્યો હોય.

રાયપુર દરવાજાની ઊંચાઈ ૭.૮ અને પહોળાઈ ૫.૮ મીટર છે. દરવાજાને સુંદર કમાન આકારનું પ્રવેશદ્વાર છે. દરવાજાની અંદરની જમણી ડાબી દીવાલ પર સ્તંભો છે. તેના અંદરની છત પણ કમાનવાળી છે. દરવાજાની બહારની દીવાલ પર સુંદર કોતરણીયુક્ત ગોખલા છે. આ ગોખલાઓનો ઉપયોગ મશાલ કે દીવા મૂકવા માટે થતો હશે. દરવાજા પર તોપગોળા છોડવા માટે ૩ કાણાં છે. દરવાજો બંધ કરવા માટે હાલ લાકડાનો દરવાજો નથી. રાયપુર દરવાજો ઈંટો અને પથ્થરનો બનેલો છે. દરવાજો વાહનવ્યવહાર અને અવરજવર માટે ઉપયોગમાં લેવાય છે.

## ૬. સારંગપુર દરવાજો :

સારંગપુર દરવાજો અમદાવાદની પૂર્વ દિશામાં આવેલો છે. મલિક સારંગ એ રાજપુત યોદ્ધો હતો. મિરાતે સિકંદરી પ્રમાણે સારંગ અને મુલા બે રાજપુત ભાઈઓ હતા .તેઓએ મહમૂદ બેગડાને પાવાગઢ જીતવા માટે મદદ કરી હતી. સારંગ ઘણો બાહોશ, હોંશિયાર હતો. પોતાની યોજના, વિચારો, બાદશાહ આગળ હિંમતથી અને વ્યવસ્થિત રીતે રજૂ કરતો. બાદશાહ તેના વિચારોથી પ્રભાવિત થતો. આમ ધીરે ધીરે સારંગ બાદશાહની નજીકનો અને અંગત વ્યક્તિ ગણાવા લાગ્યો. બન્ને ભાઈઓએ ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો. બાદશાહે તેની વફાદારી, ચાતુર્ય જોઈને ગવર્નરનું પદ આપ્યું. ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યા પછી તેણે સારંગ ઉર્ફે કિવામ ઉલ મુલ્ક નામ ધારણ કર્યું. તેણે સારંગપુર દરવાજાનું નિર્માણ કર્યું. આ દરવાજો પૂર્વ શહેરના મુખ્ય દરવાજા તરીકે ગણાતો હતો. સારંગપુર દરવાજો મલેક સારંગના નામથી જાણીતો થયો. તેણે આ વિસ્તારમાં મોટી મસ્જિદનું પણ નિર્માણ કર્યું. આ મસ્જિદનું નિર્માણ ૧૭ ફેબ્રુઆરી, ૧૪૬૧માં થયું. તેથી આ દરવાજો પણ ૧૪ થી ૧૫મી સદીની આસપાસ હશે.

સારંગપુર દરવાજાની ઊંચાઈ ૧૦.૦ - ૪.૮ મીટરની છે. આ દરવાજાનું એક પ્રવેશદ્વાર છે. સારંગપુર દરવાજો અર્ધગોળાકાર કમાનવાળો તેમજ દરવાજાની બહારની દીવાલ પર સુંદર ફૂલોની કોતરણી છે. દરવાજાની બહારની દીવાલ પર તોપનાં ૩ કાણાં છે. અંદરની દીવાલમાં ૩ સ્તંભો છે. અંદરની છત અને દીવાલ પર પણ કમાનો છે. છત સાદી બનેલી છે. દરવાજાની ડાબી બાજુએ ગુંબજ છે. જે રક્ષણ માટે બનાવેલો હશે. દરવાજો અવરજવર માટે ઉપયોગમાં લેવાય છે.

## ૭. દિલ્લી દરવાજો :

દિલ્લી દરવાજો અમદાવાદની ઉત્તર દિશાએ આવેલો છે. સુલતાનોના શાસન દરમ્યાન દિલ્લી દરવાજાનું નામ ઇડરીઓ દરવાજો હતું. જ્યારે અકબરે શહેર જીત્યા પછી ઈડરીઓ દરવાજાનું નામ દિલ્લી દરવાજો પાડ્યું. અકબરના સમયના ગુજરાતમાં પણ ઈલાહી સનના ઉલ્લેખવાળા લેખો મળે છે.

દિલ્લી દરવાજો એ ત્રણ પ્રવેશદ્વારવાળો છે. એટલે દરવાજાના ત્રણ ભાગ પડે છે. વચલું પ્રવેશદ્વાર ઊંચું અને પહોળું છે. જ્યારે બાકીનાં જમણી અને ડાબી બાજુનાં નાનાં નાનાં ગોળ કમાનવાળાં છે. મધ્ય પ્રવેશદ્વારની કમાન ઉપરથી સાંકડી છે. દરવાજાની બહારની દીવાલ પર ગોખલા છે. ગોખલા પર ફૂલો કોતરેલા છે. દરવાજો બંધ કરવા માાટેની સગવડ આજે પણ છે. તેને લાકડાના દરવાજા છે. દિલ્લી દરવાજાની છત પણ ત્રણ દરવાજાની જેમ ત્રણ ભાગમાં છે. મુખ્ય પ્રવેશદ્વારની છત ઊંચી છે. જ્યારે આજુબાજુના દરવાજાની ઉપરની છત નાની અને નીચી છે. વચલા દરવાજાની છત સળંગ છે. જેથી દીવાલ પર કાણાં છે. હવા ઉજાસ, પાણી નિકાલ માટે તેમજ નિરીક્ષણ કરવા માટે કાણાં બનાવ્યાં છે. નાના પ્રવેશદ્વારની છત પર કાંગરા બનેલા છે. દરવાજાની અંદરની દીવાલમાં ચોકી માટે ઓરડીઓ બનેલી છે. દરવાજાની ઉપર જવા માટે પગથિયાંની પણ વ્યવસ્થા છે. હાલમાં પગથિયાં ભગ્ન અવસ્થામાં છે. દિલ્લી દરવાજો પથ્થર અને ચૂનાનો બનેલો છે.

## ૮. દરિયાપુર દરવાજો :

દરિયાપુર દરવાજો મહમૂદ બેગડાના મંત્રી દરિયાખાનના નામથી જાણીતો છે. દરિયાખાન મહમૂદ બેગડાના સમયમાં ખૂબ નજીકનો મંત્રી હતો. મહમૂદ બેગડો ઘણી નાની વયે ગાદીએ આવ્યો હતો. તેથી તેનો મોટાભાગનો કારભાર દરિયાખાનના હાથમાં હતો. દરિયાપુર વિસ્તાર દરિયાખાને વસાવ્યો તેથી તેના નામથી વિસ્તાર અને દરવાજો ઓળખાય છે. દરિયાખાને પ્રસિદ્ધ ઘુમ્મટ પણ અહિંયા બનાવેલો છે. બાદશાહના

સરકારી દફ્તર પ્રમાણે આ વિસ્તાર દરિયાપુર-કાજીપુર તરીકે પણ જાણીતો હતો.

દરિયાપુર દરવાજાની ઊંચાઈ ૬.૭ મીટર અને પહોળાઈ ૯.૧ મીટરની છે. દરવાજાની છત ૯.૧ - ૩.૨ મીટરની છે. દરિયાપુર દરવાજો અર્ધ કમાનવાળો છે. દિલ્લી દરવાજાની જેમ એને પણ ત્રણ પ્રવેશદ્વાર છે. વચલું પ્રવેશદ્વાર મોટું છે. જ્યારે જમણી અને ડાબી બાજુનાં પ્રવેશદ્વાર નાનાં છે. દરવાજાની બહારની દીવાલ પર કોતરણીયુક્ત ફૂલો છે. સુંદર ઝરૂખા જેવા ચાર ગોખલા છે. ગોખલાઓનો ઉપયોગ દીવા મૂકવા માટે થતો હશે. ગોખલાની નીચે હાથી અને સિંહ કોતરેલા છે. મુખ્ય પ્રવેશદ્વાર અને બન્ને નાનાં પ્રવેશદ્વારો બંધ કરવા માટે લાકડાના દરવાજા પણ છે. દરવાજાની અંદરની દીવાલમાં ચોકીદારની કેબિન છે. દરવાજાની છત ઘણી ઊંચી અને સળંગ છે. છત કાંગરાથી શોભે છે. છતની અગાશીના કઠેરા પર પણ સુંદર કોતરણી કરેલી છે. દરવાજો પ્રજાજનો માટે ખુલ્લો છે. વાહનવ્યવહાર માટે ઉપયોગમાં લેવાય છે.

**૯. કાલુપુર દરવાજો :**

કાલુપુર દરવાજો અમદાવાદની પૂર્વ દિશામાં આવેલો છે. મલિક કાલુ ઉર્ફે આઝાદ-ઉલ-મુલ્ક મહમૂદ બેગડાએ તેને કાલુપુર વિસ્તારનો મલિક બનાવ્યો તેથી આ વિસ્તાર અને દરવાજો કાલુપુર તરીકે ઓળખાય છે. વળી એવું પણ કહેવાય છે કે મહેમૂદ બેગડાના અમીર અબા હાજી કાલુએ કાલુપુર વસાવ્યું. મહમૂદ બેગડાના પુત્ર સુલતાન મુઝફ્ફર પછી બહાદુરશાહે જ્યારે અમદાવાદમાં પ્રવેશ કર્યો ત્યારે તેણે કાલુપુર દરવાજાથી પ્રવેશ કર્યો હતો. ઓતિયો નામનો ચાડિયો પણ કાલુપુર દરવાજા પાસે મરાયો હતો.

કાલુપુર દરવાજો ૮.૨ મીટર ઊંચો અને ૭.૦ પહોળો છે. તેની છત ૭.૭ - ૫.૫ મીટરની છે. આ દરવાજો એક પ્રવેશદ્વારનો છે. દરવાજો બંધ કરવા માટે લાકડાનો બીજો દરવાજો છે. તેની કમાન અર્ધગોળાકાર છે. દરવાજાની ઉપર ડાબી જમણી બાજુ ફૂલ કોતરી સુશોભિત કર્યું છે. દરવાજાની ડાબી જમણી બાજુ ગોખલા છે.તેની છત પર માળ છે. કાલુપુર દરવાજા પર સતત અથડામણો રહેતી. તેથી બન્ને ચોકીદાર કે મોરચેદાર માટે દરવાજાની અંદરની દીવાલ પર ઓરડીઓ બનેલી છે. તેના પર યુદ્ધની સામગ્રી મૂકવા માટે માળ જેવું બનાવવામાં આવેલું. આજે તે ભગ્ન અવસ્થામાં છે. દરવાજો ઈંટો અને પથ્થરનો બનેલો છે.

**૧૦. ખાનપુર દરવાજો : (ઈ.સ. ૧૬મી સદી)**

ખાનપુર દરવાજો અમદાવાદની પશ્ચિમ દિશામાં આવેલો છે. મુઘલ બાદશાહ ઔરંઝેબના સમયમાં સૈયદ હુસેનખાન બચ્ચાએ સાબરમતી નદી પર વસાવેલો વિસ્તાર જે હાલ ખાનપુર તરીકે જાણીતો છે. તે સમયે ખાનપુર વિસ્તાર સાબરમતી નદીના કિનારે વસેલો હતો. ખાનપુર વિસ્તારમાં આ દરવાજો આવેલો છે. તેથી આ દરવાજાનું નામ ખાનપુર દરવાજા પડ્યું. જહાંગીરના સમયમાં ખાનપુર દરવાજા પાસે એક મહેલ હતો. જે પાછળથી શાહજહાંના નામથી પ્રસિદ્ધ થયો હતો. રાત્રીના સમયે આ વિસ્તારમાં સતત પહેરો રહેતો.

ખાનપુર દરવાજાની ઊંચાઈ ૭.૩ મીટર અને પહોળાઈ ૫.૨ મીટરની છે. દરવાજાની છત ૯.૪ - ૬.૭ મીટર છે. દરવાજો એક છે. જેને ૩ અર્ધગોળાકાર કમાનો છે. દરવાજાની બહારની દીવાલ પર ફૂલો કોતરેલાં છે. ઝરૂખા જેવા ગોખલાઓ છે. ગોખલાઓમાં કોતરણી છે. આ દરવાજાના ઝરૂખા ગુંબજ જેવા દેખાય છે. ઝરૂખાઓના ટેકાઓ પર સુંદર કોતરણી કરેલી છે. હાલ આ દરવાજો અવર જવર માટે ઉપયોગમાં લેવાય છે.

**૧૧. પ્રેમ દરવાજો : ઈ.સ. ૧૮૬૪ સદી**

પ્રેમ દરવાજો અમદાવાદની ઉત્તર દિશાએ આવેલો છે. પ્રસ્તુત દરવાજો પ્રેમાભાઈ નામની વ્યક્તિએ બંધાવ્યો છે. દરવાજા બાંધવાનો ખર્ચ ૯,૧૪૦ રૂપિયા થયો હતો. આ વિસ્તાર પણ પ્રેમ દરવાજાના વિસ્તાર

તરીકે ઓળખાય છે. આ દરવાજો રેલવે શરૂ થયા પછી સગવડ ખાતર બનાવવામાં આવ્યો.

એમ.એસ. કોમિસરીયેતના મત અનુસાર આ દરવાજાની બાંધણી અરબસ્તાનની સ્થાપત્યકીય શૈલીની છે. દરવાજાને એક પ્રવેશદ્વાર છે જે બે અર્ધગોળાકાર કમાનવાળો છે. ડાબી જમણી બાજુએ સુંદર કોતરણી કરેલા ગોખલા છે. દરવાજાને બંધ કરવા માટે લાકડાનો કોતરણીવાળો દરવાજો છે. દરવાજાની અંદરની જમણી ડાબી દીવાલમાં ચોકીદારને બેસવા માટે ઓરડીઓ બનેલી છે. હાલ લોખંડની જાળીથી બંધ કરી છે. આ દરવાજાનું સ્થાપત્ય અમદાવાદના અન્ય દરવાજાના જેવું છે. આ દરવાજો ઈંટો અને રેતિયા પથ્થરનો બનેલો છે.

**૧૨. પાંચકૂવા દરવાજો :**

ઈ.સ. ૧૮૭૧ માં ખાડિયા વિસ્તારમાં પાંચકૂવા તરીકે ઓળખાતા વિસ્તારના નામ પરથી આ દરવાજો પણ ઓળખાય છે. આ દરવાજો અમદાવાદમાં રેલવે વ્યવહાર શરૂ થયા પછી પ્રેમ દરવાજાની જેમ સગવડ ખાતર બનાવ્યો છે. જેનો ખર્ચ ૧૧,૪૫૦ રૂપિયા થયો.

પાંચકૂવા દરવાજો પણ ત્રણ દરવાજા, દિલ્લી દરવાજા, અને દરિયાપુર દરવાજાની જેમ ત્રણ પ્રવેશવાળો છે. આ દરવાજાને ત્રણ અર્ધગોળાકાર કમાનો છે. દિલ્લી દરવાજાની જેમ તેની ડાબી અને જમણી બાજુ નાના દરવાજા છે. જે સાંકડા છે. વચલું પ્રવેશ દ્વાર ઘણું ઊંચું અને પહોળું છે. વચલા પ્રવેશદ્વારની બહારની દીવાલની જમણી ડાબી બાજુએ ફૂલો કોતરેલાં છે. દરવાજાની દીવાલ જેમ આ દરવાજાની છત ત્રણ ભાગમાં છે. મુખ્ય પ્રવેશદ્વારની છત ઊંચી છે. જ્યારે આજુબાજુના દરવાજાની છત નીચી છે. દરવાજો એકદમ સાદો છે. કોઈપણ પ્રકારની કોતરણી કે ઝરૂખા, ગોખલા કાંગરા નથી. અંદરની છત પણ અર્ધગોળાકાર કમાનવાળી છે. અન્ય દરવાજાની જેમ જ આ દરવાજો પથ્થર અને ઈંટોનો બનેલો છે. આ દરવાજો અવરજવર અને વાહનવ્યવહાર માટે ઉપયોગમાં લેવાય છે.

અમદાવાદના દરવાજાઓમાં ઇતિહાસ, સ્થાપત્ય, સુશોભન તેમજ ઉપયોગિતા વગેરે દૃષ્ટિએ ઘણી વિવિધતા જોવા મળે છે. સ્થાપત્યની દૃષ્ટિએ ત્રણ દરવાજા, દિલ્લી દરવાજા અને દરિયાપુર દરવાજા ઘણા સુંદર છે. તેની કોતરણી, ગોખલા, કાંગરા, ઝરૂખા, કમાનો, ફૂલોની કોતરણી વગેરે સુંદર રીતે બનાવ્યાં છે. સુશોભનની દૃષ્ટિએ ત્રણ દરવાજા સૌથી વધુ શણગારયુક્ત છે. જ્યારે પાંચકૂવા દરવાજો સાદો છતાં સુંદર લાગે છે. જમાલપુર, કાલુપુર, રાયપુર અને ખાનજહાં દરવાજા પર ભારે અથડામણો થઈ છે.

## સંદર્ભસૂચિ

મહેતા, કપિલરાય મ., ૧૯૪૮, અમદાવાદ ‘અમદાવાદ સર્વસંગ્રહ’

ઝવેરી, કૃષ્ણલાલ, ૧૯૩૫, ‘મિરાતે એહમદી’, ભાગ ૧-૨, અમદાવાદ

દીવાનજી, આત્મારામ મોતીરામ, ૧૮૯૦, ‘ગુજરાતના મુસલમાનોનો ઇતિહાસ’

મગનલાલ વખતચંદ શેઠ, ૧૯૦૭, ‘અમદાવાદનો ઇતિહાસ’, અમદાવાદ

મેરુતુંગાચાર્ય, ૧૯૩૪, ‘પ્રબંધચિંતામણિ’ (ગુજરાતી ભાષાંતર કે.કા.શાસ્ત્રી), મુંબઈ

જોટ, રત્નમણિરાવ ભીમરાવ, ૧૯૨૯,‘ગુજરાતનું પાટનગર અમદાવાદ’, અમદાવાદ

દેસાઈ, શંભુપ્રસાદ હરપ્રસાદ, ૧૯૭૮ અને ૨૦૦૩ ‘સોરઠ’ વહાલા, પ્રથમ અને બીજી આવૃત્તિ.

Ali Muhammad Khan, Mirate Ahmedi, *Translation by Lokhandwala*, Vol. I-II, 1970, 1974, Baroda.

Boman Behram, 1937, *'The rise of Municipal Government in the city of Ahmedabad.'* Ahmedabad.

Bombay Gazetteers (Ed.by Sir James Campbell, History of Gujarat, Ahmedabad.)

Burgess James - 1905, *Muhammadan Architecture of Ahmedabad.'*, parts I & II, London.

Commissariat M. S., 1938, *'History of Gujarat'*, Vol. 1 (A.D. 1297 to A.D. 1573), London.

'Marg'-Medieval Ahmedabad', 1984, Vol. 39.

Sikandar bin mayghy, 1894, *'Mirat-i-Sikandari'*

Hope, T.C. & Furgussion, J., 1866 *'Architecture at Ahmedabad'*, The Capital of Goozarat, London.

The fourth sacrifice is to the animals. By protecting, feeding and taking care of animals we help their progress. On the ladder of evolution they occupy a lower step but that does not justify us to destroy them. On the contrary, we owe a duty to them. They, as beasts of burden, have for ages been a constant and faithful aid to man in civilizing himself. Had it not been for the ox, the horse, the camel and the elephant, mankind would have remained at a standstill. Had it not been for the sheep and goats, you and I could not have made ourselves warm by clothing made from their wool, and still how selfish must be those men and women who simply through force of habit and custom directly encourage the killing of these creatures and use their flesh as food. Let them stop for a moment to think how ungrateful they are when they use animal flesh as food. If mankind has received so many benefits from the animal kingdom, let us return them by being kindly to them, by taking care, and attending those that are suffering.

**Religion and philosophy of the Jain's**
**Cultural environment.**

# અમદાવાદનાં બે અપ્રકટ મરાઠાકાલીન ખતપત્રો

◈

ડૉ. રસીલા કડીઆ*

## ૧. સં. ૧૮૩૫નું કુંભારવાડાનું આડ(પેટ) ગિરોખત

અમદાવાદના સદ્‌ગત ડૉ. ગોવિંદભાઈ મોદીના સંગ્રહમાં સંગૃહીત ખતપત્રો ગુજરાત સંશોધનમંડળના ત્રૈમાસિકમાં પ્રકાશિત કરવા માટે સામયિકના સંપાદકને આપવામાં આવ્યાં હતાં. તેમાંનું એક વિ.સં. ૧૬૮૪નું ખતપત્ર ડૉ. ભારતીબેન શેલતે સંપાદિત કરેલ અને પ્રકાશિત થયેલ. અત્રે અન્ય બે ખતપત્રો પ્રસ્તુત કરવામાં આવે છે.

પ્રસ્તુત ખતપત્રો સંસ્કૃત મિશ્રિત જૂની ગુજરાતી ભાષામાં લખેલા છે, એની લિપિ દેવનાગરી છે. અંતે મતુ અને સાક્ષીમાં વર્ણો ગુજરાતી લિપિમાં છે પણ શિરોરેખા આપેલી છે. સૌ પ્રથમ સં. ૧૮૩૫નું પેટાગિરોખત લઈએ:

સં. ૧૮૩૫ના ખતપત્રમાં મૂળ લખાણની ૫૪ પંક્તિઓ છે. દરેક પંક્તિમાં ૨૫ થી ૨૮ અક્ષરો છે. ખતપત્રની મિતિ વિ.સં. ૧૮૩૫ (ઈ.સ. ૧૭૭૯), શક ૧૭૦૦, પોષ વદ ૫ ને ગુરુવારની છે. મિતિમાં સૂર્યના દક્ષિણાયનનો ઉલ્લેખ છે. લિપિગત વિશેષતાઓમાં ત્રિપાંખિયો अ લીટીને સ્થાને મીંડા લે છે અને તેથી એ ખાલી જગા પૂરતાં આજનો ગુજરાતી 'અ' એમાં દેખાય છે. द પણ શિરોરેખા સાથેનો આજનો દ જણાય છે (द). દીર્ઘ ई માં ઈને જ દીર્ઘ માત્રા જોડીને ङी બનાવેલ છે. એ જ રીતે ऊ માં ગુજરાતી ઉ કરીને તેને દીર્ઘ માત્રા લગાડી છે (ऊ). ઝ ગુજરાતીનો જ શિરોરેખા સાથે છે. ધ પર શિરોરેખા જોવા મળે છે.

દસ્તાવેજની શરૂઆત ૦)) ।૭૪।। ના મંગલચિહ્નથી થઈ છે. પછી 'श्री गणेशाय नमः' એવા મંગળસૂચક શબ્દો લખવામાં આવ્યા છે. 'स्वस्त' એ અહીં स्वस्ति ને બદલે લખાયેલ શબ્દ છે.

પ્રસ્તુત ખતપત્ર અમદાવાદના ચકલામાં ભંડેરીપોળમાં પઠાણવાડા પાસે આવેલ કુંભારવાડાની અંદર અધ્યોબાઈઆના ડેલા સામે ખત્રીની ખડકીમાં આવેલા ઘરને પેટાગિરે આપવા બાબતનું છે. પંક્તિ ૨૭ થી ૨૯માં લેનાર અને દેનારની વિગતો છે અને ઘરના મૂળ ધણીની વિગત પંક્તિ ૩૪ થી ૩૬માં આપેલ છે. આ વિગતો જોતાં સ્પષ્ટ થાય છે કે અસલ આ ઘર વાંઝા કશન વિઠલનું હતું (પં. ૩૯). રૂા આપીને વાંઝા બેચર ભગતે એ ઘર ગિરે રાખેલ હતું. આ ઘર હવે વાંઝા બેચર ભગત ચંદ્રભાણે લઘુશાખાના ખત્રી જ્ઞાતિના વાંઝા ખુશાલ અમરચંદ ભગત જાગને પેટાગિરે આપવા અહીં હસ્તાક્ષર આપ્યા છે.

આ ખતપત્ર લખાય છે તે સમયની તત્કાલીન રાજકીય બાબતોની જાણકારી પંક્તિ ૭ થી ૨૬માં પ્રાપ્ત થાય છે : આ વિગતો મુજબ તે સમયે દિલ્હીમાં અવલ મુઝફ્ફર મહીદીન પાતશાહ શાહઆલમ ગાઝી રાજય કરતા હતા. તેના વજીર આસપતદોલાના વજીર તરીકે અબજુલ ફકારતદોલા હતા. બક્ષી તરીકે મીર નજબખાંન હતા. અમદાવાદ શહેરના સૂબેદાર પંડિત પેશ્વા નાનાજી સવાઈના મોટા દીકરા માધવરાવ નારાયણ નામે પૂનામાં છે. તેના તરફથી સુખારામ બાપુ તથા નાના ફડનવીશ તેની આજ્ઞાથી અમદાવાદમાં હાકમ હવાલે સૂબેદાર હતા. કલેદાર કુમાશદાર પંડિત આપાજી ગણેશ તે પદ પામ્યા. નાયબ સૂબેદાર બાપજીના વતી રાઘૂબા તાતા હતા. ગાયકવાડ અર્ધવિભાગ સંભાળતા. ગાયકવાડ તરફથી દામાજીરાવના પુત્ર ગોવિંદરાવ શહેરમાં હતા. પાતશાહી દીવાન અલી મહેમદખાન, સુબેનવેશ ઠાકોર મીઠાલાલના પુત્ર લાલદાસ હતા. કાજી રુકેન

* નિવૃત્ત શિક્ષિકા, મોહિનાબા ઉચ્ચતર માધ્યમિક શાળા, અમદાવાદ

અલહક મુફ્તી તરીકે અનવરમિયા તથા ગુલામહુસેન હતા. બક્ષી વાકાનવેશના નાયબ કોઈ નીમાયા નથી. કોટવાલ પંડિત કૃષ્ણાજી તથા આનાજી હતા. નગરશેઠ નથુશા ખુશાલચંદ હતા. ચોતરાના હવાલદાર મીરજી હમીદબેગ તથા કાનુગા સાથે પંચકુલ સમક્ષ આ ખતપત્રમાં સહી થઈ છે.

પંક્તિ ૩૦ થી ૩૮માં ઘરનું વર્ણન કર્યું છે તે મુજબ પ્રસ્તુત ઘર ઉત્તરાભિમુખનું, પાકી ઈંટોનું, બે ઢાળિયું છે તે એક ખંડનું અને તેનો પડશાળ બે બાજુ પડતો છે. આગળ છૂટો (ખુલ્લો) ચોક છે. ચોકમાં પૂર્વ દિશાએ રસોડાની ઓરડી છે. તેમાં પાણિયારું છે. ચોકમાં પાણી ભરવાના પાંચ ઘડા છે. તેની આગળ ખડકી છે. તે ખડકીની આગળ મોટી ખડકી છે. તેમાં ત્રણ ઘરનો અવરજવરનો માર્ગ છે.

પંક્તિ ૫૦ થી ૫૩ પર્યંત ઘરના ખૂંટ દર્શાવ્યા છે. પૂર્વે ઘરનો કરો છે. ત્યાં છીંડી છે અને ત્યાં અવચલ કુબેરનું ઘર છે. દક્ષિણે નેવ પડે છે. ત્યાં વાંઝા ગલાની છીંડીમાં એ પડે છે. પશ્ચિમ દિશાનો કરો સહિયારો છે તે કરે કુંભાર જીવા મકનનું ઘર છે. ઉત્તરે એ ઘરનો નિકાલ ચાલ છે એ જ પ્રમાણે ખાલ, પરનાલ, વાડા, નિછારિકા છે.

પંક્તિ ૩૫ થી ૪૯ પર્યંત ઘરની કિંમત તથા પૈસા પાછા આપવાની વાત અને એ બાબતની શરતોનું વર્ણન છે. વાંઝા કસન, વિઠલનું ઘર ૩૯ રૂા. માં વાંઝા બેચર ભગતે ગિરે રાખેલું અને ત્યારબાદ એ ઘર પર ૧૧૫ાા રૂા.નો બીજો ખર્ચ કર્યો. આમ ૩૯+૧૧૫ાા=૧૫૪ાા) રૂા. આપીને હવે ઘર છોડાવી શકાય. જે આપે તેણે ઘર છોડાવ્યું ગણાશે-વાંઝા કસન વિઠલ કે વાંઝા બેચર ભગત. પેટાગિરો આપ્યા સાથે શરત છે કે આ પછી ઘર પડે આખડે કે નળિયાની ખોટ પડે તે હવે જે ઘરનો ધણી થાય (પેટાગિરે રાખે છે તે) તેને માથે. ઘરનું ભાડું નથી લેવાનું. ગયેલું વ્યાજ પણ લેવાનું નથી રહે તેને માથે સંચરામણનો ખર્ચ રહેશે. જ્યાં સુધી ૧૫૪ાા) રૂા. આપવામાં ન આવે ત્યાં સુધી એ ઘરમાં વાંઝા ખુશાલ અમરચંદનો પરિવાર વસે, વસાવે, ભાડે આપે કે પેટાગિરે મૂકે. આ શરતો બાપના બોલ જેમ માન્ય રાખવામાં આવે છે. અંતે લેનારની અને સાક્ષીઓની સહી છે. વળી આ સાથે એક અન્ય કાગળ છે. એમાં સં. ૧૮૪૪ના વર્ષે થયેલો ઘરનો ખર્ચ પણ લખેલ જોવા મળે છે. જે આ ઘર પર પેટાગિરે લીધેલ વ્યક્તિએ કરેલ ખર્ચ હોય તેમ જણાય છે.

## ૨. અમદાવાદ મધ્યે કુંભારવાડાનું સં. ૧૮૩૬નું ગિરોખત

પ્રસ્તુત ખતપત્રમાં મૂળ લખાણની ૪૯ પંક્તિઓ છે. પ્રત્યેક પંક્તિમાં ૨૩ થી ૩૦ અક્ષરો લગભગ છે. ખતપત્રની મિતિ વિ.સં. ૧૮૩૬ (ઇ.સ. ૧૭૮૦), શક ૧૭૦૧, શ્રાવણ સુદ ૬ ને શનિવારની છે. મિતિમાં સૂર્યના ઉત્તરાયણનો તથા વર્ષાઋતુનો ઉલ્લેખ થયો છે. લિપિગત વિશેષતાઓમાં ણ અને લ આજની જેમ, પણ શિરોરેખા સાથે લખાયેલ છે. 'ई' ને દીર્ઘમાત્રા 'ङी' દ્વારા બતાવી છે. द શિરોરેખા સાથે પણ આજના द પેઠે જોવા મળે છે. ઘ પર શિરોરેખા છે. 'રુ'માં ઉકારાન્ત માત્રા કરીને જોડેલ છે. દસ્તાવેજની શરૂઆત :०)) ના સંકેતથી થઈ છે. આ સંકેત શું દર્શાવે છે તે જાણી શકાયું નથી પણ મંગલસૂચક હોવાનું ધારી શકાય. પ્રારંભે શ્રીગણેશને નમસ્કાર કરી, પછી 'स्वस्ति' શબ્દથી લખાણનો પ્રારંભ થાય છે.

પ્રસ્તુત દસ્તાવેજ એક ગિરોખત છે. એક મકાનની ઉપલી મેડી ગિરે આપવાની છે. પંક્તિ ૪ થી ૬માં પ્રસ્તુત મકાનનું સ્થળ ખૂબ ઝીણવટપૂર્વક આપવામાં આવ્યું છે. ત્રણ લીમડી છે તે કુંભારવાડામાં સકરખા નાની મસીતની પોળમાં અંદર ખાંચામાં ખાતરી (ખત્રી) ઇછારામના ઘરની ઉપલી મેડી ગિરે દેવાની છે. પંક્તિ ૨૧ થી ૨૪માં ગ્રાહક લઘુ શાખાના ખાતરી સકલચંદ વલદે ઇછારામ કેશવજી છે. ખાતરી ઇછારામ વલદ કેશળજી તથા તેનો પુત્ર કરુણાશંકર (અહીં કુણાસંકર ઉલ્લેખ છે પણ પાછળ તેનું નામ કરુણસંકર આપેલ છે.) વલદ ઇચ્છારામ કેશવજી આ બન્ને બાપ દીકરાએ ભેગા મળીને હસ્તાક્ષરો (સહી) આપેલ છે.

પંક્તિ ૨૫ થી ૨૭ માં ઘરની ગિરે રાખવાની કિંમત આપવામાં આવી છે. જે પ્રમાણે ૫૫ રૂા. ૧૨ાા દોકડા એ મેડી ઉપર આપવાના થાય છે.

પંક્તિ ૨૭ થી ૪૦માં મેડીની વિગત ખૂંટ તથા શરતોની વિગત આપી છે. એને છુટ્ટી પડસાળ તથા ત્રણ વણવાની સાલ છે. સાલની પાછળ પશ્ચિમ દિશાએ પાણિયારું તથા ખાળ છે. ઉપર દલશુ મોજૂદ છે. લેનાર સકલચંદ વલદ ઇછારામ કેશવજીના પુત્ર પરિવાર વસે, વસાવે કે ભાડે આપે અથવા પેટાગિરે આપી શકે છે.

પંક્તિ ૩૨ થી ૪૦ પર્યંત એ ઘરના ખૂટ આપવામાં આવેલ છે. મેડીની પશ્ચિમે નેવ છે, જે હજીરાની પોળમાં આવે છે અને ત્યાં ખાતરી જગા ગોકલની છીંડી પડે છે. પૂર્વે ભટ્ટ ચંદનનું ઘર છે. એ ઘરના નેવ રસોડાના ભટ્ટ ચંદનના પાણિયારામાં પડે છે. પશ્ચિમે ખાતરી જગા ગોકલનું ઘર છે. ઉત્તરે મેડીની ચાર બારીઓ પડે છે. મેડીનો જવા આવવાનો માર્ગ પડસાળમાં છે. પડસાળમાં દાદરો છે, તથા ઉત્તરાભિમુખી વડી ખડકી છે. ત્યાં અવરજવરનો માર્ગ છે. ખાલ, પનાલ, વાડો, નીછો, ગોખલા, બારી, જાળી, વલી, મોજૂદ છે. તે હવે ગિરે લેનાર સકલચંદ ભોગવે. દર વર્ષે ૧૨ાા દોકડાની છૂટ મળે. મેડીની ગિરો અવધિ ૧૦ વર્ષની કરવામાં આવી છે. રૂપિયા આપ્યા છે તેનું વ્યાજ નહીં. કે મેડીનું ભાડું નહીં. જે વસે તે સંચરામણી કરાવે. નળિયાની ખોટ વેઠે. ઘર પડે, આખડે કે રાજક-દૈવક લાગે તો ઘર છોડાવે ત્યારે વરતી આપે. આ મેડીનો દાવો કરતો કોઈ વારસદાર આવે તો ખાતરી ઇછારામ તથા પુત્ર કરુણાશંકરમાંથી જે હાજર હોય તે તેને સમજાવે. ૫૫ રૂા. ૧૨ાા દોકડા આપે ત્યારે ખાતરી સકલચંદ એ મેડી ખાલી કરી આપે અને ગિરેથી છૂટે.

અન્ય ખતપત્રો પેડે આ ખતપત્રમાં પણ (પં. ૭ થી ૨૧ માં) તત્કાલીન રાજકીય બાબતોની જાણ થાય છે.આ વિગતો મુજબ અવલ મુજફ્ફર મહિદિન પાતશાહ આલિમગીર પૂર્વ તરફ હતા અને તે દિલ્હીમાં રાજ્ય કરતા હતા તે સમયે અમદાવાદના સૂબા રાઘોબા સૂરત હોવાથી તેમના તરફથી અંગ્રેજ કકેરલ સાહબ (કર્નલ સાહેબ) નદી ઉપરની હવેલીમાં રહેતા હતા. શહેરના અર્ધવિભાગી સૂબા શ્રી ગાયકવાડ ફત્તેસિંઘ વડોદરામાં હતા. તેમના તરફથી શહેરમાં ભદ્રમાં તેમના ભાઈ માનાજીબાવા હતા.

પાદશાહી દીવાન અલિ મહેમદખાંન હતા. તેમના તરફથી ઠાકુર લાલદાસ હતા. કાજી તરીકે હાજી રુકનલહલ હતા. મુફતી કાજી હતા પણ નામ નથી આપ્યું. કોટવાલ તરીકે પંડિત ત્રંબક માધવ હતા. એમની સાથેના અધિકારીનું નામ નથી આપ્યું. બક્ષી તથા વાકાનવેશ તથા અમીન દારોગાના ઉલ્લેખ છે પણ અધિકારીઓનાં નામ આપ્યાં નથી. કદાચ એ જગા ખાલી પડી છે અને ભરાઈ નથી. નગરશેઠ તરીકે શાહ નથુભા તથા ચબૂતરે હવાલદાર કાનુગાનો ઉલ્લેખ છે પણ નામ નથી.

—o—

પ્રસ્તુત બન્ને ખતપત્રો એક જ વિસ્તારનાં કુંભારવાડાનાં છે અને બન્નેના સમયમાં માત્ર એકજ વર્ષનો તફાવત છે. ખતપત્રોમાં બન્ને મકાનોના સ્થાનની વિગતો ઝીણવટથી આપેલ છે અને આજે પણ આ સ્થાન એ જ નામે ઓળખાય છે. પરિવર્તની હવા જે ચાલી છે તેમાં સ્થળોનાં રૂપરંગ ખાસ્સાં બદલાયાં છે. જો કે, કોટવિસ્તાર હજુ ઝાઝા ફેરફાર વિનાનો રહ્યો છે. પણ ભવિષ્યમાં આ સ્થળોની જાણકારી કદાચ આવાં ખતપત્રો દ્વારા થઈ શકે એવું બને અને આ અર્થમાં આ ખતપત્રો મૂલ્યવાન છે. આજે આ વિસ્તારમાં ભંડેરીપોળ, હજીરાની પોળ, પઠાણવાડા જેવી પોળો છે. મસ્જિદ પણ છે.

પ્રસ્તુત ખતપત્રોમાં રાજકીય અધિકારીઓનાં નામો છે. એક જ વર્ષનો તફાવત બેઉ ખતપત્રો વચ્ચે છે પણ બધા જ અધિકારીઓનાં નામો એના એ જ નથી. કેટલીક ખાલી જગાઓ પુરાઈ છે. કેટલાક અધિકારીઓ બદલાયા છે. આ કાલ દરમિયાન ગુજરાતમાં દિલ્હીના પાતશાહની જરા ય હકૂમત રહી નથી

છતાં અન્ય આવાં ખતપત્રો પેઠે અહીં પણ તત્કાલીન પાતશાહનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સં. ૧૮૩૫ના ખતપત્રમાં પાતશાહ તરીકે 'અવલ મુઝફ્ફર મહીદીન શાહઆલમ ગાજી' નો ઉલ્લેખ છે. સં. ૧૮૩૬ના ખતપત્રમાં ''અવલ મુજફ્ફર મહીદિન આલિમગર''નો ઉલ્લેખ છે. 'આલમગીર' એ ઔરંગઝેબનું બિરુદ હતું. અહીં શાહઆલમ ગાઝીને બદલે લખનારે ભૂલમાં આલિમગર લખ્યું લાગે છે.

વજીરનું નામ આસપતદૌલા છે. અત્રે અમદાવાદમાં વજીર તરીકે અબજુલફકારત દોલા નામે છે. સં. ૧૮૩૬ના ખતપત્રમાં વજીરનો ઉલ્લેખ નથી તથા મીર બક્ષી નજબખાનનો ઉલ્લેખ પણ આમાં નથી, જે સં. ૧૮૩૫માં છે.

સં. ૧૮૩૫ના ખતપત્રમાં અમદાવાદના સૂબા પેશ્વા નાનાજી સવાઈના મોટા પુત્ર માધવરાવ નારાયણ પૂનામાં હતા. તેમના વતી સુખારામ બાપુ તથા નાના ફડનવીસ હતા. તેમની આજ્ઞાથી અમદાવાદમાં સૂબેદાર, કલેદાર, કુમાશદાર તરીકે શ્રી અપાજી ગણેશ નીમાયા. નાયબ સૂબેદાર બાપજી પંડિત અને તેના અગ્ર વતી રાઘૂબા તાતા છે. સં. ૧૮૩૬ના ખતપત્રમાં અમદાવાદના સૂબા તરીકે પેશ્વા રાઘૂબા છે પણ તેઓ સૂરત હોવાથી, તેમના તરફથી અંગ્રેજ શ્રી કકેરલ (કર્નલ હોઈ શકે?) સાહેબ છે. 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રં.૭', પૃ.૯૯ પરની પાદટીપમાં જણાવ્યા પ્રમાણે વિ.સં. ૧૮૩૫ના એક અન્ય ખતપત્રમાં આપા ગણેશના પુત્ર અમૃતરાવને શહેર સૂબેદાર જણાવેલ છે. આ ખતપત્રોને આધારે તે સમયની રાજકીય પરિસ્થિતિ કેટલી પ્રવાહી હતી, અને બહુ જ થોડા સમયમાં પોતાનો હોદ્દો છોડી દેવાતો અથવા તે અન્ય રાજકીય મહત્ત્વની ઘટનામાં સંડોવાય તો તેના વતી તેનો સગીર આવતો. તે અધિકારી ઊથલી ગયો હોય તો અન્ય અધિકારી નીમાતો અથવા તો અધિકારીઓના સ્થાનફેર થતા હોવા જોઈએ એ આ ખતપત્રો પરથી જણાય છે. સં. ૧૮૩૫માં અર્ધવિભાગી ગાયકવાડ સૂબેદાર (વડોદરાના) દામાજીરાવના પુત્ર ગોવિંદરાવ છે. સં. ૧૮૩૬માં આ પદે શ્રી ફત્તેસંઘ (ફત્તેસિંહરાવ) છે. તેમના તરફથી તેઓએ તેમના ભાઈ માનાજીબાને નીમ્યા છે. ઉપરોક્ત ટિપ્પણમાં પણ ફત્તેસિંહરાવને જ શહેરસૂબેદાર ગણાવ્યા છે.

અન્ય અધિકારીઓનાં નામોમાં પાદશાહી દીવાન અલી મહમ્મદખાન અને સૂબેનવેશ લાલદાસ ઠાકોર કાજી રુકનઅલહક, નગરશેઠ નથુશા ખુશાલચંદનાં નામો બન્ને ખતપત્રોમાં જોવા મળે છે. સં. ૧૮૩૫માં બક્ષી, વાકાનવેશના નાયબ કોઈ નથી તેવો સ્પષ્ટ ઉલ્લેખ છે. સં. ૧૮૩૬માં આ જગાઓ ભરાઈ છે. પણ અત્રે નામ નથી આપ્યાં, પણ પંચકુલ (પંચમહાજન) તરીકે તેમનો ઉલ્લેખ છે. સં. ૧૮૩૬માં કોટવાલ તરીકે પંડિતજી શનાજી તથા આનાજી છે. સં. ૧૮૩૬માં ત્રંબક માધવ તથા ---- ખાલી જગા રાખી છે, મતલબ કે અન્ય નામને ખતપત્રમાં નોંધ્યું નથી. કોટવાળનો અધિકારી બદલાયો છે. સં. ૧૮૩૫માં ચોતરાના હવાલદાર મીરજા હમીદબેગ છે. સં. ૧૮૩૬માં આ હોદ્દો બતાવ્યો છે. પણ કોઈ નામ નથી આપ્યું.

આમ આ બન્ને ખતપત્રો તત્કાલીન રાજકીય ભૌગોલિક અને સામાજિક તથા આર્થિક વિગતો પર પ્રકાશ ફેંકે છે. ગિરે કે આડગિરે લેનાર વ્યક્તિઓની અટકો સૂચવે છે તેમ પ્રાયઃ આ સોદા કુટુંબીઓ વચ્ચે કે થોડા દૂરના સંબંધીઓ વચ્ચે છે. પોળોમાં પ્રાયઃ એક જ બહોળા, સંયુક્ત કુટુંબના લોકો રહેતા હતા અને જરૂર પડ્યે ઘર પોતીકાને ગિરે આપવાનું કે અન્ય કોઈ ત્યાં રહેવા ન આવે અને કુટુંબ ત્યાં જ રહે એ આશયથી એવું ઘર લેવાનું વલણ જણાય છે અને આવી સામાજિક ભાવના આજથી પચાસ સો વર્ષ પહેલાં પણ બહુધા જોવા મળતી હતી.

## ખતપત્ર નં. ૧

### પાઠ

१. ।।७४।।। श्रीगणेशाय नमां (मः) । स्वस्त(ति) श्रीनृप(वि)क्रमारर्क(विक्रमार्क) समयातीत्(त) संव-
२. त १८३५ ना वषे(र्षे) शाके १७०० नो प्रवत(र्त)मान्ये(ने) दक्षणगते श्री सुरजे(सूर्ये) मांह (महां)-
३. मांगलप्रदौ मासोतंमाशे शुभकारी पौष माशे(से) क्रशन(कृष्ण) पषे(खे) ५ पंच-
४. मी ती(ति)थौ गुरुवासरे अधे(द्ये)ह श्री अमदावाद मध्ये वासत(स्त)व्यं च-
५. कले भंडेरीपोर मध्ये पठांणवाडा आगल कूमार(कुंभार)वाडा मांहे अ-
६ ध्योवाईआना डेला सामे खडकी खातरीनी मध्ये घर आडघरेणेनुं
७. खतपत्रमभीलीक्षते(भिलिख्यते) । श्री गुज(र्ज)रधरीत्रां(रित्र्यां) समलाक्रूत(लंकृत) समस्तराजा-
८. वली लक्षते(लिख्यते) । अवल मू(मु)जफ(फ्फ)र महीदीन पातशाहाजी श्री ७ शाहाआ-
९. लम गाजी श्रीदलीमधे वी मध्ये वी(वि)जे राजें(ज्यं) क्री(क्रि)अ(य)ते । तत्र सानी(नि)ध्ये वी-
१०. जास्तांन वजीर नवाप(ब) श्री ५ आसपतदोला नांम तत्र वजीरना
११. अबजुलफकारतदोला नाम तत्र मीर बकशी नजबखांन नाम
१२. तत्र पाछाजीनी आज्ञा थकी शेर अमदावादना हाकम हवाल सु-
१३. बेसाहब पंडित पेशवा पंड(डि)त पेशवा नाहानाजी सवाईना पडपू(पु)त्र माधवराओ
१४. नाराअण नांम त पूना पूरंदर मध्ये छे तेना अगरवती सुखराम
१५. ब(बा) पू तथा नाहाना फडनवेश नांम तेनी आज्ञा थकी अमदावाद
१६. मध्ये हाकम हवाले सुबेदार कलेदार कूमाशदार पंड(डि)त श्री ५ आपा
१७. जी गणेश ते मत पामा ते नाना सुब(बे)दार बांपजी पंड(डि)त नांम तेना अगर-
१८. वती राघूबा ताता नाम तत्र वा(?)नी माहीनी मोरथी अधविभाग गाअ-
१९. कवाल सुबेदार दामाजीराओना पू(पु)त्र गोवंदराओजी शेर मध्ये छे !
२०. तत्र पाछाई दीवांन अली मेहमदखांन नाम त सअगरे माहारेल सु-
२१. बेनवेश ठाकोर मीठालालना पू(पु)त्र लालदास नाम तत्र काजी रुकेन
२२. अलहक नाम तत्र मूफ्ती मीआं अनवर तथा गुलांमहुसेन नाम
२३. तत्र बकशी वाकानवेशना नायब को नथी । तत्र को[ट*]वाले पंड(डि)त क्रू
२४. शनाजी तथा आनाज(जी) नाम तत्र घर माध्यम वीचारणाक शेठ माहाज-
२५. न नगरशेठ नु(न)थूसा खुशालचंद नाम तत्र चोतर हवालदार मरजम(मी)रज(जा)
२६. हमीदवेग नाम तत्र कांनुगा समस्त एवं पंचाकुल प्रपद्ये (दौ) अ-
२७. गरे ग्राहीक नाम घर आडघरेणे लेनार लघूशाखायां खातरी ज्ञा-
२८. तीअ वांझा खूशाल बीन अमरचंद बीन भगत जाग पारशात घ-
२९. र आडघरेणे आपनार वाझा बेचर बीन भगत बीन चदर(चन्द्र)भांण
३०. हसता अक्षरांणं दतवा (हस्ताक्षराणं दत्वा) वाजत घर १ ऊतराभी(भि)मुखनु पकीअर बेढालु-
३१. अेक खंडनुं साल बेनो ठांम छे । ते अगरे चोक अगासी छे । ते चोक मध्ये

३२. पूर(व) दी(दि)शां रसा(सो)डानी ओरडी छे । ते माहे पाणाहारानो ठांम छे । ते चोक मध्ये
३३. ऊदक भरवानां घडां ५ पांच छे । ते अगरे खडक(की) छे । ते अगरे मा(मो)टी ख-
३४. डकी छे । ते मध्ये घर त्रणनो चाल छे । ते घर आगल वांझा कशन
३५. वीठलनुं घर हतुं । ते घर ऊपर रुपैआ ३९) अंके ओगणचाली-
३६. स माटे वांझा बेचर भगते अे घर ऊपर आपीने घरणे राखू ह(तु) तेने बी-
३७. जा रुपैआ ११५॥ अंके अेकसो(सो) साढापनर अे । घर ऊपर खरच थ-
३८. अ छे । ज(जु)मले रुपैआ १५४॥ अंके अेकसो साढाचोपन पूरा सका-
३९. हाल मासा साढा ११॥ माषा(मासा) नवा रा॥ खरा कोरा करकरा आपे ते अे
४०. घर घरथी छोडावे ने रुपैआ ११५॥ नु खरच छे ते कागल बे छे ते म-
४१. धे छे ते रुपैआ अेकसो(सो) साढीचोपन आपे ते घर छोडावीने ले ।
४२. ने हव(वे) आज दिन केडे पडु, आखडु तथा नलीआनी खोट तथा रा-
४३. जक-दैवेके लागते घर्नो धण(णी) थाअ ते वती आपे गयनु वा(व्या)ज न-
४४. ही । घरनुं भाडुं नहीं । संचरांचण वस(से) तेने माथे छे । अे रीते रुपैआ १५४॥
४५. अंके अे(क)सो साढीचोपन वांझा खूषाल बीन अमरचंद पासेथी वाझा
४६. बेचर भगते लेईन(ने) अे घर् आडघरेणे आपू छे ते रुपैआ(आ)पे घर घरे-
४७. णेथी छूटे सही । अे घरना रुपैआ १५४॥ अंके अेकसा(सो) साढीचोपन ना (आ)पे ता-
४८. र सुधी अे घर् मध्ये वांझा खूशाल अमरचंदना पू(पुत्र)त्र परी(रि)वार वसे वसावे
४९. भाडे आपे । आडघरेण मूके तांहां घरना धण(णी)को कनवार न रे अे घरना
५०. षूठ (खूंट) ४ पूरव दीसां अे घर्नो (क)रो छे । तांहां छींडी छे । तां अवचल कूबे(र) नु
५१. (नु) घर् छे । दक्षण दीशां पछीनां नेव पडे छे तांहां वाझा गलानी छींडीमां प-
५२. डे छे । पछम दीशां (पश्चिम दिशायां) करो साध छे । ते करे कूभार जीवा मकननु घर् छे । उत्ररी (दि)
५३. शांअ (अे) घरनो नीकाल चाल छे । अे रीते खाल परनाल वाडा नीछारीका छे ।
५४. वूदमा होत्रतम भोगवे सही । अे लख्यु(ख्युं) बापना बोल सु पाले सही

**१ अत्र मतु**

१ वांझा बेचर भगत मतु
ऊपर लखू ते सही

**१ अत्र सष(साख)**

१ खतरी गणसजी वदरवनदस
सखधरहजुर

१ खतरी पुरणसंकर इछा(रा)
म सख(धणरहजुर

१ खतरी रणछड दस भव
मलंदस सर्य धणीहरजु (२)

१ खतरी रणछडदास भग
वनदस सखधणर हजुर

१ खातरी खूशाल भावानी
साखाधूणबहजुर

१ खातारी गलाल कुबेर
साख धणी र) हजर
१ खातरी हरखचंद बेच
ल साख धणी र) हजर
१ खतरी धजी कपडीमुक्
चंद सख धूण रहजुर
१ समचीप मनसख
धण रहजुर

કરૂણાશંકર ઈચ્છારામ
સને ૧૭૭૯

સને ૧૭૮૮

संवत १८४४ ने वरष वइसख सुद १ घरनो खरच लख छ
३१। वली श्रद
रु. १।---
रु.०१ सुपडम हजुर
रु. ०१
रु ११) मीती १ गज १३
रु ११ तन लख छ
रु।२२॥ वलीर्सकाडी (सरकारी)
रु.२२॥७॥
रु.१३ कडसी ३६ तथा
मजुर-३२ तेन
रु. १३
रु.११ इट कुमरत
रु. ११
रु. ५ मट तथा इट
इ ५
रु. ६ सुतर :२४
रु. २॥सढ नमर
रु. ३२॥
रु. २ लडी न खील छपर न कजे
रु. ३ नलध छ
रु. ५ कुमरनी गमन कर
नतीगन रु. ५ कर छ
रु. ४ बाढासीजनी
रु. ४ मजूरी.

रु. ३ नवा ७५.
        ३३ खसकुवन
रु.४।।-सरणीरणलाकडन तथा मजुरी
        रु. ४।।-कडखमजु(री) तथा इट

**जमल**

खतरी रणछड धनदस
नखारमां २) पंच लीद(धा) छ
रु १८ पंचनअपा छे
त पंचे खादा छ
संवत १८५० नेवरख (ष)
करगत वद ११ सुधी घर
नी खरच पंच सा
भाडा छ

## ખતપત્ર નં. ૨

### પાઠ

१. श्री गणेश(शा)य नमा) (मः)।। स्वस्ति श्री नृपविक्रमार्क समयातीत सं(वत)
२ १८३६ना वरषे साके १७०१ प्रवत(र्त)मान्ये उत्राय(उत्तरायण)गते श्रीसूये(र्ये) वरष (र्षा)
३ र(ऋ)तौ माहामांगलप्रदे मासोत्म(त्तम) मासे श्रावांण (श्रावण) मासे शू(शु)कल प-
४ क्षे ६ षष्ठीं तथु(था) स(श)निवासरे अद्य(ह) श्रीअमदावाद मध्ये मेडी १ अेक च-
५ कले त्रण लिमडी कुमार(कुंभार)वाडामां सकरषा(खा)नानी मसीतनी पोल मा-
६ हे षा(खां)चा महे खातरी इछारामना घर उपलि मेडी घहेरेणानु खतपत्र-
७ मभिलखितं । श्री गूज्र(र्जर) धरित्रं सम राजावलि लखिते । समल्या(लं)कृत स-
८ कल अरिष्ट विरुथनि गजघटाकुभस्तनि(स्थल)विदारणिक पंचनेनां(पंचानन) अ-
९ लक्षवरलब्ध क(कंठे) मुक्ताफलहारी (रि)पुमरदनिक श्रीमारकंडा(ड) अवतार
१० मीरजा धीरपहाड(प्रौढ) प्रतापवान सकल राजशिरोमणी अवल मुजफ्फ(र)
११ महिदिन पातश(शा)ह श्री७ पातश(शा) हा. आलिमगर पुरवनी मोर छे. श्रीद-
१२ ली मध्ये विजे राज्यं क्रियते । तत्र समये श्रीअमदावाद मध्ये हाकम
१३ हवाले सूबेसाहब पेसवा पडत (पंडित) श्री ५ पडत (पंडित) राघुबा सूरत छे । तीहोना (मो)
१४ रथी हाकंम हवाले सूबेसाहब अगरेज श्री ५ ककेरल साहब नदी उप-
१५ र हवेलीमां रहे छे । तत्र सहेर मध्ये अरध भाग गा(य)कवाल श्री ५ सूबेदार श्री ५
१६ श्रीफ्तेसंघ वडोदरे छे । तीहोनी मा(मो)रथी सहेर मध्ये भदरमा(भद्रमां) पोताना भाई श्री ५
१७ मांनाजीबावा छे । तत्र अगरवरती पडत (पंडित) ताता छे तत्र पतशाही (पातशाही) दीवान अ-

लि महेमदखांन तत्र मोरल ठाकुर लालदास तत्र हजरत श्री ५ काजी रुक-
नलहल तत्र मु(फ)ती काजी तत्र कोटवाले पडत (पंडित) त्रमक(त्रंबक) माहधव तथा
तत्र बकशि तथा वाकानवश तथां अमीन दारोगे तत्र नग(र) सेठ श्री ५ सा. नथु-
भा तत्र चबुतरे हवा(ल)दार कांनुगो समस्त एवां पंचाकुलप्रपदौ ग्र(ग्रा)ही(ह)क न(ना)म
ज्ञातय लघुश(शा)खाय खातरी सकलचंद वलदे ईछाराम बीन केसवजी
पारसात खातरी ईछाराम वलदे केसवजी बीन–तथा पू(पु)त्र कुणासं(करुणाशं)-
कर वलदे ईछाराम बीन केसवजी ए बापदीकरेने मलीने हसताक्षरण दत्त-
वा जत रुपैआ मासा ११॥ ना नवी २॥ ना कोरा टा(टं)कसाली सहेर चलणीआ
त रुपैआ ५५) १२॥ अंके रुपैआ पंचावां(व)न दोकडा साढा बार पूरा ए मेडी उपर
देवा । हवे अे मेडीनी वी(वि)गत छुट पटसाल साल त्रण वऴवानी तथा सा-
ल पाछल पश्चिमनी दशे पणीआरु तथा खाल छे तथा रांधवानु छे । ए मेडी
उपर दलसु मोजूद छे । अे मेडी मध्ये खातरी सकलचंद वलदे ईछाराम बी-
न केसवजीना पू(पु)त्र परी(रि)वार अे म(मे)डी मध्ये वसे वसावे भाडे आप्ये आड-
घहरणे मुके तथा खातरी इछार(रा)म केसवजी तथा पूत्र करुणासंकर
ईछाराम अे बापदीकरो बेज कनवार न के (करे) हवे अे मेडीना खूट ४ ---
मध्ये ए म(मे)डीना प(पा)छला पडाल नेव हजीरानी पोलमा खातरी जगा गोकल
नी छीडी[मां] पडे छे । र्पू(पू)व(र्व) भटा. चंदनु घऱ छे । अे घरना नेव दीसाए रसोडाना-
भटा. चंदनना पणीआरामां पडे छे । पश्चिमे खातरी जगा गोकलनुं घर छे उ-
त्रे(त्तरे) ए म(मे)डीअे बारीआ ४ चार छे । ए मेडीनो जवा आवानो र्माग(मार्ग) पटसालना बा-
णआल नीस(र)णी पाटीआनी छे । तह थइने जाआआव तथा पटसालमां
दादा(द)रो छे तथा वडी खडकी उत्राभिमुखनी पडी छे। चाल छे। एवां चतुराघ(घा)टो(को)पेतां तं ।
खाल पनाल वाडो नीछो गोखला बारी जाली वली वास मोभ म-
होतीआसु मोहजुद छे ते मेडी खातरी. सकलचंद भोगवे । हवे वल भा(डा)
वरस १ दो. १२॥ छुट वलेह । ए मेडीनी अवध वरस १० द(स) नी करे छे । हव रुपैआ
नु व्याज नही । मेडीनु भाडू नह(ही) । संचरामणी ज(जे) वसे तहनी । नलीआनी खा(खो)ट
वेते(टे) तथ(था) पडू अखडू करांवते तथा राजक दैवक लागते ज वारे मेडी न(ने) घर
छोडावे तहारै वरती आपे । हवे अे मेडीनो कोई हीसादार सफादार दणीआ
वेरसी आवे उपज सहस (?) खातरी इछाराम तथा पूत्र क्ररुणा(करुणा)संकर
माहा जु हो आतें वार प्रीछवे से-रेवे(समझावे) । रुपैआ पंचावाल(वन)ले दा (दो) साढा बा(र)
पूर(रा) खातरी इछाराम तथा पूत्र क्ररुणासंकर बमथी (बेमांथी) हाजर ह ते रु.
आपे । खातरी सकलचंदने ताहरे रूपआ लेइने मेडी खाली करी आपे ।
ए मेडी घहरेणाथी छुटे । सही आलछु ते ब़ापना बोलसु पालु सही ।

| | |
|---|---|
| अत्र मतु | अत्र सा |
| | १ वंदरावना दमोदर ख ब धणी र[हजूर] |
| | १ माधवदास ज ण साख धणी [२ ह जू र] |
| | १ साखाचंद लखमीचंद - - - |
| | १ - - - - |

નોંધ : ''મતુ' માં બધું જ અવાચ્ય રહ્યું છે. 'સાક્ષી'માં ઉકેલાયું તે ઉકેલીને એટલું મૂક્યું છે.

## સં. ૧૮૩૫નું **ખતપત્ર-શબ્દાર્થ**

પંક્તિ

३ क्रशन-કૃષ્ણ-વદ

७ समलाक्रूत-સમલંકૃત

८ दली-દિલ્હી

१६ कूमाशदार-કુમાવિસદાર. સરકાર તેને ૩ કે ૫ વર્ષ માટે પરગણાં ગણોત આપે અને ખેડૂત અને સરકાર વચ્ચે કે કડીરૂપ બનતો.

२७ आडघरेणे -પેટાગિરે

२९ आड घरेणे -પેટાગિરે

३० पकीअर -પાકું

बेढालु-બેઢાળિયું

३१ अगासा-ખુલ્લો

**પંક્તિ ખતપત્ર સં. ૧૮૩૬ શબ્દાર્થ**

११ मोर = તરફ-બાજુ

२१ ग्रहीक = ગ્રાહેક

३८ चतुराघाटकोपेत = ચારે બાજુ માપેલી સીમાઓ (ખૂટ) સાથે

४९ घहरेणाथी = ગિરવે

३ रतौ = ઋતુમાં

४४ वरती = ચૂકવે

४४ सफादार = લેણદાર(?)

४४ दणीअ = દેણદાર (?)

४४ वेरसी = વારસદાર

### નોંધ :

૧. મૂળ દસ્તાવેજમાં પંક્તિઓને નંબર આપવામાં આવ્યા નથી. પરંતુ સ્પષ્ટતા ખાતર અહીં લિપ્યંતરમાં આપવામાં આવ્યા છે.

૨. દસ્તાવેજમાં જ્યાં ख ના અર્થમાં ष પ્રયોજાયેલ છે ત્યાં એક વાર ष આપીને (ख) કર્યો છે. અન્યત્ર બધે સીધો ख જ કરી દીધો છે.

૩. પંક્તિને અંતે ગુરુરેખા આપી છે ત્યાં તે તે પંક્તિનો શબ્દ અધૂરો હોવાનું સૂચક છે.

૪ ચોરસ કૌંસમાં [ ] માં ખૂટતો શબ્દ કે અવાચ્ય શબ્દ કે વિગતને મેં ઉમેરેલી છે.

૫ દસ્તાવેજમાં આપેલ શબ્દને સુધારીને ( ) ગોળ કૌંસમાં મૂકેલ છે.

૬ જ્યાં છગડિયો { } કૌંસમાં મૂકેલ વિગત છે તે પુનરુક્તિ હોવાને લીધે રદ સમજવી.

૭ દસ્તાવેજમાં ક્યાંય દંડ નથી, સ્પષ્ટતા ખાતર કેટલેક સ્થળે મેં મૂક્યા છે.

૮ અંતે મત્, સાક્ષી તથા ખર્ચની વિગતોમાં શિરોરેખાવાળી ગુજરાતી લિપિ છે પણ સમગ્ર લખાણની સળંગસૂત્રતા એક લિપિમાં રહે તે માટે મેં તેમાં દેવનાગરી લિપિ રાખી છે.

૯ અંતના મતુ અને સાક્ષી તથા ખરચની વિગતોમાં અનુમાને ક્યાંક ઝેરોક્ષમાં રહી ગયેલો શબ્દ લાગ્યો હોવાથી ચોરસ કૌંસમાં મૂક્યો છે અને જ્યાં અક્ષર અવાચ્ય છે ત્યાં ખાલી જગા રાખી છે. પંક્તિ ૧૮માં ૧૩ મો શબ્દ એક પર બીજો શબ્દ અવાચ્ય રહેલ છે (?) કરી મૂકેલ છે.

૧૦ પ્રસ્તુત દસ્તાવેજના અભ્યાસ માટે નીચેના સંદર્ભગ્રંથોનો આધાર લીધો છે :

૧. 'ગુજરાતનો રાજકીય સાંસ્કૃતિક ઇતિહાસ', ભા.૬ અને ભા.૭, (સંપા.) પરીખ અને શાસ્ત્રી

૨. L.D. Swami Kannu Pillai, *An Indian Ephemeris,* Vol VI, Agam Prakashan, New Delhi, 1983

૧૧ પંક્તિને અંતે શબ્દ સ્પષ્ટ ઘણીવાર નથી કે ઝેરોક્ષમાં નીકળી ગયો છે તેને સંદર્ભ પરથી લઈને ચોરસ કૌંસ [ ]માં મૂકેલ છ.

૧૨ લિપ્યંતરમાં વિરામચિહ્નો આવશ્યક જણાયાં ત્યાં મેં મૂક્યાં છે. મૂળ પાઠમાં નથી

૧૩ સં. ૧૮૩૬ના ખતપત્રની પં. ૧૯માં ત્રંબક તથા કરીને ખાલી જગા મૂકી છે પણ પાછળથી નામ લખવા ધાર્યું હોય અને ન લખાયું હોય તેમ લાગે છે. પં. ૨૩ માં પણ બિન કરીને ખાલી જગા રાખી છે અને ભરાઈ નથી.

---

અજ્ઞાનમાં અથડાઉં ત્યારે, સૂર્ય બનીને આવજો,
ભવતાપમાં તપતો જુઓ તો ચંદ્ર બનીને ઠારજો,
ઉન્માર્ગમાં ક્યાંયે જુઓ તો રામ-શ્યામબનીને ઉગારજો,
જે જે રૂપે કરું હું પ્રતીક્ષા તે સ્વરૂપે આવજો.

**- સ્વ. પ્રા. જિતેન્દ્ર દવે**

---

# સ્ત્રી : શાંતિની દિશામાં

◆

**ડૉ. માલતી દુબે***

ભારતીય શાસ્ત્રોમાં પુરુષોને સ્રષ્ટા કહેવામાં આવ્યા છે. જ્યારે નારીને શક્તિના પ્રતિક તરીકે માનવામાં આવે છે. પ્રકૃતિની સૌંદર્ય-સરિતામાં આચમન કરીને મન જેમ શીતલતાનો અનુભવ કરે છે, તેમ શક્તિસ્વરૂપ નારીના પ્રત્યેક રૂપથી મન શાંતિનો અનુભવ કરે છે. સ્ત્રીની મધુર છાયા વગર માનવ જગતની કલ્પના પણ ન કરી શકાય.

વેદકાલીન ભારતીય સાહિત્યમાં નારીને વંદનીય માનવામાં આવી છે. 'यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता' કહીને મનુસ્મૃતિમાં નારીના પૂજનીય રૂપ તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. નારીને શક્તિ-સ્વરૂપ, કરુણામયી અને કોમલાંગી માતૃસ્વરૂપ કહીને તેનો મહિમા વધારવામાં આવ્યો છે. જ્યાં એક નારી માટે 'અબલા' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે, ત્યાં જ બીજી બાજુ તેને 'या देवी सर्वभूतेषु शक्तिरूपेण संस्थिता' કહીને આદર આપવામાં આવ્યો છે. વેદોમાં નારીનાં ચાર રૂપોને ઉજાગર કરવામાં આવ્યાં છે.

નારીમાં કરુણા, પ્રેમ અને સહનશક્તિ છે, માટે જ નારી બધું નાં કરી શકે છે. આજે આપણે જે શાંતિની સ્થાપના કરવા માંગીએ છીએ તેના માટે સીતામાતાને જ ધરતીમાંથી બહાર આવવું પડશે. અને ફરી શાંતિથી ધરતીની ગોદમાં સમાઈ જવું પડશે. કૃષ્ણને ભગવાન કૃષ્ણ બનાવવા માટે રાધાએ આંસુ વહેવડાવવાનાં છે. સિદ્ધાર્થને ગૌતમ બનવા માટે યશોધરાને પોતાના પુત્ર રાહુલનો હાથ પકડીને માત્ર પ્રતીક્ષા જ કરવાની છે. લક્ષ્ય સુધી પહોંચવા માટેનો રસ્તો બતાવીને નારી જ સમાજને શાંતિ પ્રદાન કરી શકે તેમ છે. તુલસી, શિવાજી, ટાગોર, ગાંધી, નેપોલિયન વગેરેને મહાન બનાવવાનું શ્રેય માતાને જ મળે છે. 'મા', 'બેટી', 'બહેન' માનીને શિવાજીનું સાચું સ્વરૂપ પ્રત્યક્ષ થયું. એવા શાંત, સુંદર, સંસ્કારી વિચાર શિવાજીને એક નારીએ જ પ્રદાન કર્યા છે. સોલંકીકાલીન ગુજરાતના પ્રસિદ્ધ સોલંકી રાજા ભીમદેવ ૧ લાની રાણી ઉદયમતિએ લોકોના ઉપયોગ માટે રાણીની વાવ પાટણમાં બનાવી. સિદ્ધરાજ જયસિંહ સોલંકીની માતા મીનળદેવીએ વીરમગામમાં મુનસર તળાવ અને ધોળકામાં મલાવ તળાવ બંધાવ્યાં.

સ્ત્રી સ્વભાવથી જ શાંતિપ્રિય હોય છે. આજે વિશ્વમાં ચારે બાજુ હિંસક વાતાવરણ છે. તેને સ્વસ્થ બનાવવા માટે સ્ત્રી જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકે તેમ છે. જ્યાં શાંતિ છે ત્યાં જ જ્ઞાની આવે છે; ત્યાં તેનો સત્કાર થાય છે; સાધુ આવે છે અને ભોજન મેળવે છે. અતિથિનો આદર થાય છે. અને યાચકને આશ્રય મળે છે. સાહિત્યને સંસ્કાર મળે છે, અને દેવી-દેવતાઓની પૂજા અર્ચના થાય છે. આ જ એક કેન્દ્રબિન્દુ છે. જ્યાં માનવ-સમાજ શાંતિનો અનુભવ મેળવે છે.

શાંતિ બજારમાં નથી મળતી, આકાશમાંથી ટપકતી નથી. અને ધરતીમાંથી સ્ફૂરણ પામતી નથી. શાંતિ તો માણસના મનમાં જ બીજ રૂપે રહેલી છે. આથી જ રાષ્ટ્ર કવિ મૈથિલીશરણ ગુપ્તજીએ સાચું કહ્યું છે કે,

**जितने कष्ट कंटको में है, जिन का जीवन सुमन खिला ।**
**गौरव गंध उन्हे उतना ही, यत्र, तत्र-सर्वत्र मिला ।**

આવા પ્રકારની ગૌરવગંધની પ્રાપ્તિ માટે નારીએ સહનશીલતાની મૂર્તિ બનીને પુત્રી, પત્ની અને

---

* સંયોજક અને અધ્યક્ષ, હિન્દી અનુસ્નાતક વિભાગ, મ.દે. મહાવિદ્યાલય, ગૂ. વિદ્યાપીઠ.

માતાના રૂપમાં પુરુષને શક્તિ પ્રદાન કરીને સમાજમાં શાંતિની સ્થાપના કરવી પડશે.

'गृहिणी गृहमुच्यते' અર્થાત્ ગૃહિણીથી જ ઘર થાય છે. તે પોતે જ સાક્ષાત્ ઘર છે. તે એક પરમ પુનિત સ્થળ છે; જ્યાં મનુષ્યને આશ્રય મળે, આરામ મળે, શાંતિ, શીતળતા અને સ્નેહ મળે છે. તે પરિવારના કેન્દ્રમાં છે. આથી જ તો તેને ઘરમાં અને ઘરબહાર પણ સંભાળવું પડે છે. એટલા માટે તેનામાં સહનશક્તિ હોવી આવશ્યક છે. કવિ પ્રસાદે પણ આ ભાવનાને કેટલીક પંક્તિઓ દ્વારા રજૂ કરી છે.

**आंसू से भीगे अंचल पर**
**मन का सब कुछ रखना होगा ।**
**तुम को अपनी स्मित रेखा से**
**वह संधिपत्र लिखना होगा ।**

આમ આજે આપણે સ્ત્રીઓએ આપણી અસ્મિતા શોધવાની જરૂર છે. સ્ત્રી જેટલી સંવેદનશીલ હોય છે, તેટલી જ સર્જનશીલ હોય છે. ફૂલ જેટલું કોમળ હોય છે, તેમ કઠોર પણ હોય છે. તે હંમેશા પૂર્ણતામાં જીવે છે. દ્વન્દ્વમાં તે જીવી જ ન શકે. અને જો જીવવું આવશ્યક બને તો વિખેરાઈ જાય છે.

આજે જ્યારે રાષ્ટ્રને અશાંત વાતાવરણમાંથી બચવાનો પ્રશ્ન ઊભો થયો છે અને હિંસાની ભાવના રોકવાની જરૂર છે ત્યારે અચાનક આપણું ધ્યાન મનુની પત્ની શ્રદ્ધા તરફ જાય છે. કે જ્યાં માનવ હૃદયમાં વ્યાપ્ત બધા જ સંઘર્ષો થંભી જાય છે, સંઘર્ષોની હલચલ સમાપ્ત થઈ જાય છે અને તે શાંતિમાં મગ્ન થઈ જાય છે. નારીના આ ગુણનું કામાયનીકારે ગૌરવ કરતાં કહ્યું છે કે :

**नारी ! तुम केवल श्रद्धा हो,**
**विश्वास रजत नग पग तल में**
**पीयूष स्त्रोत सी बहा करो,**
**जीवन के सुंदर समतल में**

બર્નાર્ડ શૉએ પણ લખ્યું છે કે જગતનો ગમે તેવો અશાંત પુરુષ નારી સમક્ષ શાંતિનો અનુભવ કરે છે. નારી ઇચ્છે તો સમગ્ર સમાજમાં સામ્રાજ્ય સ્થાપિત કરાવી શકે તેમ છે. પ્રેમચંદે પણ કહ્યું છે કે ' ' કવિ અસીમ શુક્લના શબ્દોમાં એક પુત્ર પોતાની માતાને પૂછે છે કે,

**मैं हूं हरा-भरा**
**और तूँ निर्झर मन को**
**फिर माँ बतला दे**
**मुझको, पथ्थर से तूँ क्यों लड़ती है ?**

અહીં મારો પોતાનો પ્રશ્ન અને જવાબ પણ છે કે માનવથી વિશેષ અનુકૂળ પરિસ્થિતિ સાથે સમાધાન કરવાવાળો ભલો કોણ હોઈ શકે ? તો જવાબ મળશે કે 'હું પોતે જ છું'. આથી આપણે શાંતિની દિશામાં કાર્યરત થઈ જ જવું જોઈએ. કોઈપણ વિષમ પરિસ્થિતિમાં પણ નારી જ્યારે સમાજની સહભાગિની બનશે તો ખૂબ જ સહજતાથી સમાજની વ્યથાને દૂર કરશે. અને સાથે સાથે જીવનનાં વિવિધ ધરાતત્ત્વો પર શ્રેષ્ઠ સાબિત થાય છે. રાજા હરિશ્ચંદ્રના દુઃખ(વ્યથા)ને વહેંચવાવાળી રાણી તારામતીએ શું નથી કર્યું ? તેમણે સામાજિક ઢાંચાને મજબૂત અને સ્નેહથી પરિપૂર્ણ કરીને નારીહૃદયને કોમળતા, મધુરતા જેવા ગુણોને પ્રેરિત કર્યા છે. સમાજને સુચારુ રૂપથી ચલાવવા માટે આજે સ્ત્રીશક્તિની આવશ્યકતા છે. ગુજરાતીમાં એક કહેવત છે કે - 'જે કર ઝુલાવે પારણું, તે જગત પર શાસન કરે.'

સંસારની બધી જ જાતિઓ નારીને સંપૂર્ણ સમ્માન આપીને જ મહાન બની છે. સીતાનું ચરિત્ર કાલ્પનિક છે કે ઐતિહાસિક તેનાથી આપણો કોઈ મતલબ નથી. પરંતુ હજારો વર્ષોથી સીતાનું ચારિત્ર્ય રાષ્ટ્રનો આદર્શ છે. તે મૂર્તિમયી ભારતમાતા છે.

આમ આધુનિક નારી-જાગૃતિ યુગના સમાજમાં મહિલાઓની મુખ્ય ભૂમિકા છે. તેણે 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાને સાર્થક કરવી જ પડશે. શાંતિ સમાજનું પોત છે, લંગર છે. તેને નારી જ પ્રસ્થાપિત કરી શકે તેમ છે. આ માટે પ્રેરક સાહિત્યનું સર્જન પણ ઘણું જ આવશ્યક છે. આથી બધા જ ક્ષેત્રોની જેમ શાંતિના ક્ષેત્રમાં પણ સ્ત્રીએ પ્રગતિના પથ પર આગળ ને આગળ વધતાં રહેવું જોઈએ.

અનુવાદક

**ડૉ. સીતારામભાઈ દેશમુખ**

હિત્ કહ્યું સુણે ન કંઈ, તે બધિર સરખો જાણવો,
થાય સ્વાધીન ક્રોધને તે આંધળા સમ માનવો.
લેવી નાના પાસથી પણ ચાતુરીની વારતા,
પતે કજિયો ઘર મેળે કાજી પાસે ન જતા.
કુવે'મ મત્સરે કરી, દશા થઈ જ આકરી,
વિના સુસંપની પડી જશે ને રોગ ભાર રે.

**- વીર કવિ નર્મદ**

**રિદ્ધિ દે, સિદ્ધિ દે, અષ્ટ નવ નિધિ દે, વંશમેં વૃદ્ધિ દે બાકબાની,**
**હૃદયમેં જ્ઞાન દે, ચિત્તમેં ધ્યાન દે, અભય વરદાન દે, શંભુરાની,**
**દુ:ખ કો દૂર કર, સુખ ભરપૂર કર, આશ સંપૂર કર, દાસ જાની;**
**સજ્જનસો હિત દે, કુટુંબસો પ્રીત દે, જંગ મેં જીત દે શ્રી ભવાની.**

**– ચંદ બારોટ**

# હૃદયંગમ નૃત્યનિદર્શન

◆

**ડૉ. અમૃત ઉપાધ્યાય★**

રાષ્ટ્રના ૬૧ મા સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ, એટલે કે ૧૪ મી ઑગસ્ટની ભીની ભીની, મેઘલી સાંજે, અમદાવાદના પ્રસિદ્ધ હઠીસિંહ વિઝ્યુઅલ આર્ટ સેંટરના રંગમંચ પર શાસ્ત્રીય નૃત્યની 'ચાક્ષુષ' કલાના ૩૦-૩૨ ઉપાસકો દ્વારા રજૂ થયેલા, દોઢ બે કલાકના નેત્રદીપક અને હૃદયાવર્જક કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને જે આનંદસભર પરિતોષ અનુભવવાની મને તક મળી તે અનેક રીતે અનોખી હતી, યાદગાર હતી.

પ્રસંગ હતો, પાંચ દિવસના ઘનિષ્ઠ નૃત્ય તાલીમના શિબિરના સમાપન સમારોહનો. તા. ૧૦-૮-૨૦૦૮ થી તા. ૧૪-૮-૨૦૦૮ના પાંચ દિવસોમાં, સવારના ૯ થી સાંજના ૬ સુધી, સતત પરિશ્રમપૂર્વક, એક યુવાન ભાઈસહિત, ૩૦ યુવાન બહેનોએ, મુંબઈનાં નિષ્ણાત નૃત્ય કળાકાર અને લલિતકલાનાં પ્રાધ્યાપિકા ડૉ. સંધ્યાબેન પુરેચાના ગહન, સક્રિય કલાસક્તિપૂર્ણ, નિષ્ઠાવંત માર્ગદર્શન હેઠળ, શાસ્ત્રીય નૃત્યના આચાર્યોના ભોમિયાની ગરજ સારતા સુપ્રસિદ્ધ સંસ્કૃત ગ્રંથ 'અભિનયદર્પણ' ને કેન્દ્રમાં રાખી પ્રાપ્ત કરેલી સઘન નૃત્યતાલીમની સંક્ષિપ્ત પણ હૃદયગંમ ઝાંખી રજૂ કરતા, આ ઉપસંહારાત્મક કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ 'અભિનયદર્પણ' નાં તમામ સૈદ્ધાન્તિક તેમજ પ્રયોગલક્ષી પાસાંને પૂરી નિપુણતાથી, અનેરી સ્ફૂર્તિથી તથા કળાત્મક સૂઝબૂઝપૂર્વક નિદર્શિત કરીને, સમારોહમાં ઉપસ્થિત વિષયવિશેષજ્ઞો, કાર્યક્રમના કાબેલ આયોજકો તથા કલારસિકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

સ્પષ્ટ છે કે આ કાર્યક્રમની સફળતા પાછળ ડૉ. સંધ્યાબેન પુરેચાની એક નૃત્ય કળાકાર તરીકેની નિપુણતાનો તથા તેઓશ્રીની એક નૃત્ય ગુરુ તરીકેની કાબેલિયતનો અનોખો સમન્વય કાર્યસાધક રીતે પ્રવર્તમાન હતો. પોતે અચ્છા કળાકાર હોય અને પાછા ઉત્તમ વિષય-નિષ્ણાત તથા સફળ કળાશિક્ષક હોય તે જ તાલીમાર્થીઓને ઉત્સાહિત કરીને, ઉત્તમ તાલીમ આપી શકે એ વાત આ શિબિરે સિદ્ધ કરી આપી છે. ડૉ. સંધ્યાબેન પુરેચાના નામ પર જે અદમ્ય ઉત્સાહપૂર્વક તાલીમાર્થીઓ તાળીઓનો સાતત્યસભર ગડગડાટ કરતા હતા તેના પરથી તથા સૂરતની એક તાલીમાર્થી બહેને અદ્‌ભુત સ્વસ્થતાપૂર્વક ડૉ. સંધ્યાબેન પાસેથી યુવાન નર્તકોને પ્રાપ્ત થયેલી અનોખી શિક્ષાની જે વાત કહી તેના પરથી કહી શકાય કે શિબિરના સફળ, સબળ, સક્ષમ સંચાલનનો સંપૂર્ણ યશ ડૉ. સંધ્યાબેન પુરેચાને ફાળે જાય છે. આ સંદર્ભમાં મહાકવિ કાલિદાસના પ્રસિદ્ધ સંસ્કૃત નાટક 'માલવિકાગ્નિમિત્ર (૧.૧૪)ના ''શ્લિષ્ટ' ક્રિયા કસ્યચિદાત્મસંસ્થા...''એ પ્રતીકવાળો શ્લોક યાદ આવે એ સહજ છે. શ્લોકનો સરલાર્થ છે.

''કોઈક નૃત્યશિક્ષક પોતે શ્રેષ્ઠ નર્તક હોય છે; તો કોઈ પોતાની કળા શિષ્યને આપવામાં વિશિષ્ટ કૌશળ દાખવે છે. પણ નૃત્યના વિષય શિક્ષણમાં તો જેને, બન્ને પ્રકારનાં કૌશળ હસ્તગત છે અર્થાત્, જે જાતે ઉત્તમ નૃત્યકાર છે અને સાથે સાથે બીજાને નૃત્યની તાલીમ આપી શ્રેષ્ઠ નર્તક બનાવવામાં પારંગત છે તે નૃત્યશિક્ષકોનો અગ્રણી છે.''

આ સમગ્ર નૃત્યતાલીમ શિબિરનું આયોજન, ''ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી'' તથા અમદાવાદની ''નર્તન ઇન્સ્ટિટ્યૂટ ઑફ પર્ફૉર્મિંગ આર્ટ્સ''ના સંયુક્ત ઉપક્રમે થયું હતું. ગુજરાતનાં પ્રતિભાસંપન્ન યુવાન-યુવતીઓને ઘનિષ્ઠ નૃત્ય-તાલીમ આપી તેમની કળા-સાધનાને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જવા માટે આ બન્ને સંસ્થાઓએ કરેલા પ્રયાસો પ્રશસ્ય છે અને મુંબઈથી અમદાવાદ આવી, કીમતી સમય આપી, આપણા યુવાન નૃત્ય કલાકારોને તાલીમબદ્ધ કરવામાં અમૂલ્ય યોગદાન આપવા માટે સંચાલિકાબેન ડૉ. સંધ્યાબેન પુરેચા ધન્યવાદને પાત્ર છે.

---

★ પૂર્વ રીડર, મહર્ષિ વેદવિજ્ઞાન અકાદમી, અમદાવાદ

# નવી પગથી

◆

ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા*

'બધા જ વર્ણના લોકો ચાચર ચોકની આજુબાજુ ભવાઈ વેશોને માણવા વર્ણભેદ, જાતિભેદ વગર મોટી સંખ્યામાં બેસી જતા. આવા મુદ્દાથી શરૂઆત કરતા 'વેશ સજે પરિવેશ નવો' ગ્રંથના લેખક આપણને ભારતીય સંસ્કૃતિના મૂળમાં લઈ જાય છે.

આપણી સંસ્કૃતિમાં સંપ્રદાયોનો વિરોધ દૂર કરવાને 'પંચાયત પૂજા'ની પદ્ધતિ યોજાઈ છે. પ્રભુને માતાપિતા તરીકે નિહાળતા શૈવો એને માતા મહાદેવ કહે છે, વૈષ્ણવો લક્ષ્મીનારાયણ. આમ જુદા જુદા સંપ્રદાયો આ એક જ પ્રભુને હૃદયમાં જુદી જુદી રીતે મૂર્તિમંત રાખે છે અને ભજે છે. એ જ રીતે ભવાઈ જોવા આવતા જુદાં જુદાં વર્ણ અને જાતિના લોકો એમાં આવતાં શિવ-પાર્વતી, ગણપતિ વગેરેને પોતાની રીતે હૃદયમાં મૂર્તિમંત કરે છે પણ એને નિહાળે છે તો માતા-પિતા તરીકે.

ભવાઈ કલાકારો જે કંઈ રોગ-દોગ દૂર કરવાની વાત કરે છે તે સમગ્ર ગામના કલ્યાણ હેતુએ કરે છે. આ સંસ્કાર 'રુદ્રી'ના પાંચમા અધ્યાયના અડતાળીસમા મંત્રની આર્યોએ ઉપજાવેલી સ્તુતિ તરફ આપણને લઈ જાય છે. એમાં પ્રાણાર્પણ, ઉપદ્રવ રહિતતા ઇત્યાદિ જે છે તે સમગ્ર ગામને માટે છે (તથા જરૂર પડે દેશને માટે છે.) જુદા જુદા વર્ણો, જુદી જુદી જાતિઓ, ભવાઈમાં એક સાથે ખેલ કરે છે જેણે ગ્રામ પ્રજામાં મિત્રાચારી પ્રસરાવવાનું કામ કર્યું છે, 'હું સૌને મિત્ર તરીકે જોઉં અને સર્વ મને મિત્ર તરીકે જુએ', એ પ્રભાવ સદીઓથી, આ મંત્રથી, 'રુદ્રી' એ આપણને આપ્યો છે. એના પાંચમા અધ્યાયમાં એકાવનમા મંત્રમાં શિવને ભક્તો યજ્ઞશાળામાં નિમંત્રણ આપે છે અને પોતાના કાર્યમાં સહાય કરવાનું તપ આદરવા કહે છે. આપણા લોકનાટ્યોમાં પણ આ સંસ્કાર ઊતરી આવ્યા છે. આ ગ્રંથના લખનાર પણ ભવાઈના એ લક્ષણથી અજાણ નથી. માટે જ પોતાના વેશોમાં પણ એ વણી લે છે.

'સ્વચ્છતા સુઘડતા'નો વેશ લો.

નાયક તથા ભટ્ટજી ગણપતિને નિમંત્રે છે, એટલું જ નહિ, દેવતા સાથે નાચે પણ છે. દેવો સાથેનો આ નિકટનો સંબંધ ભારતીય સંસ્કૃતિમાં વર્ષો જૂનો છે. આમ જે સંસ્કાર છે તેના મૂળ ઊંડા છે. એ પાંચમા વેદમાં, સંસ્કૃત નાટકોમાં અને લોકનાટ્યોમાં પણ સુપેરે ઊતરેલા છે. ભવાઈ પણ એ જ વાતનું દ્યોતક છે.

ઉપર કહ્યું એવો, ભરેલો, લોકનાટ્ય : ભવાઈ અંગેનો, આ ગ્રંથ છે; જેમાં ભવાઈ-સ્વરૂપના વાજબીપણાની જરૂરિયાતને પોષકવાયુ આપે એવા વેશો ગ્રંથસ્થ થયા છે; દા.ત.

'ચૂંટણીનો વેશ'

એ કઈ રીતે એ જુઓ : જુઠાણાં, ચોરી, લૂંટને ભવાઈએ સતત ઉઘાડા પાડ્યાં છે. આ પરંપરામાં જ એવા વિષયોને ભવાઈ સ્વરૂપમાં ઢાળવાનું વેશલેખકને આકર્ષણ થાય જ. જનકભાઈ પણ રાજકારણીઓનાં ખોટાં વચનો, વ્યવહારો, સ્વાર્થો ઉઘાડા કરવાં માગે છે. આ વેશ દ્વારા એમણે એ કર્યું છે. 'ચૂંટણી' એમને 'જોગણી' લાગી છે એવી કે એની ચામડી ઉતરડો એટલે એણે કયા ભોગ, મહાભોગ, લીધા છે એ બહાર આવે. એનું પેટ ઉઘાડો એટલે અંદર કેટલાં નાણાં, શરબતો, શરાબ અને બીજું પડ્યું છે એ દશ્ય થાય. આ સિદ્ધ કરવા

---

નિવૃત્ત અધ્યાપક, ગુજરાતી વિભાગ, સાબરમતી આર્ટ્સ કૉલેજ, સાબરમતી, અમદાવાદ.

અને એ નિમિત્તે સમાજ પલટવા લેખકે આ વેશ લખ્યો છે. એ રીતે એમણે ભવાઈ-સ્વરૂપની વાસ્તવિક આવશ્યકતાને પોષી છે.

લખનારે ભવાઈ-સ્વરૂપની કેટલીક લાક્ષણિકતાઓ તારવી આવી છે, પણ મહત્ત્વનું જે છે તે એ કે એમણે રચેલા આધુનિક વેશોમાં આ લાક્ષણિકતાઓ બરાબર જાળવી પણ આપી છે જેને કારણે ભવાઈનું સ્વરૂપ ઈજા પામતું નથી. આ અગત્યનું છે. કેમકે તમે ગમે એટલા પ્રયાસો કરો, તમારો પ્રયોગ મૂળના આકારમાં બંધાયેલો હોવો જોઈએ અને પરંપરાગત સાતત્યને ઈજા પહોંચાડતો ન બનવો જોઈએ. એ હવે આપણે કેટલાંક ઉદાહરણોથી જોઈએ.

ભવાઈ અંગે વાત કરતાં અભિનયના આકર્ષણને લેખકે અગ્રતા આપી છે.

તો 'માંહ્યલાને ઝંકોરે' વેશ લો.

આ વેશમાં પૂર્વરંગ ગીત, નૃત્ય અને અભિનયથી ભર્યો ભર્યો છે. પ્રારંભ ગીત અને નૃત્ત-નૃત્યથી થાય છે. માના સ્થાનક પાસે ગરબીઓ ગવાય છે. પછી રંગલા-રંગલીનો સંવાદ થાય છે. એમાં વેશની વાત પણ ઉદ્ઘાટિત થાય છે. અનેક સદીઓથી ઊતરી આવેલો અભિનય અને વળી એ સાથે વેશ પ્રયોગની કલામાં બાહ્ય, દશ્યરૂપે પાળી જમાવવાની તથા વેશની વાર્તાને ચાચર પર સર્જતાં પહેલાં એને 'સબ ટેક્સ્ટ' આપી દેવાની આવશ્યકતા ઇત્યાદિનો સ્વીકાર અહીં થયો છે જે ભવાઈના આકારને ઈજા પામવા દેતા નથી.

આ પ્રમાણે ભવાઈના વિવિધ તત્ત્વોનું ગઠન કરી શકે એવી કલાસૃષ્ટિને દશ્યમય બનાવવાની શક્યતાનો ઉદય વેશ-લેખમાં જ લેખકે પચાવી આપ્યો છે. ભવાઈનો મહિમા એનું સ્વરૂપ મુક્ત હોવામાં રહેલો છે. લેખક એનો બરાબર ઉપયોગ કરે છે. નાટક-ટીવીની વાત લઈ આવી નવા-આધુનિક સામગ્રીવાળા વેશસર્જનની શક્યતાઓ તેઓ સરખી રીતે પ્રસ્થાપિત કરી આપે છે અને પછી યુક્તિ પ્રયુક્તિથી રહીને આ જૂના સ્વરૂપમાં નવી વાત મૂકી દે છે.

ભવાઈ ગ્રામ પ્રજાનું ક્રીડનિયક છે એટલે ગ્રામ - તોફાનો ઇત્યાદિ એમાં આવવાનાં. રંગલા-રંગલીની મારામારી વગેરેથી લેખકે એ પણ સિદ્ધ કરી આપ્યું છે. એટલે કે સામગ્રી આધુનિક છતાં ભવાઈ-સ્વરૂપની ભાવના એની વાસ્તવિકતાના રણકાર સાથે લખનાર પ્રગટ કરી આપે છે.

એમને વાત કરવી છે 'અપંગ ભવન' ઊભું કરવાની અને એ નિમિત્તે અપંગ બાળકને દત્તક લેવાની, કાળા નાણાંની, લાંચરુશ્વતની ને એવી ગંભીર વાતો સુધ્ધાં કરવી છે, પણ એ માટેની પગદંડી તો ખોલી આપે છે રંગલા-રંગલી ને ભવાઈ રીતના બીજા હાસ્ય-સભર અને એવા સંવાદોથી. 'લાખ-રાખ' 'કરવા ભરવા' જેવા પ્રાસસભર તથા નર્તન ને સંગીતની શક્યતાવાળા કવિતો ઇત્યાદિથી આમ ભવાઈનાં કેટલાં બધાં લક્ષણો લેખકે પચાવી આપ્યાં છે ? અન્ય વેશમાં પણ એ જોઈ શકાય છે, પછી એ વૃક્ષ રક્ષણ, પ્રૌઢ શિક્ષણ, ભૂકંપ, સ્વચ્છતા કે ચૂંટણી અંગેનો હોય – આ રીતિ વેશોને અને ગ્રંથશીર્ષકને પણ સાર્થકતા બક્ષે છે.

'પ્રૌઢ શિક્ષણનો વેશ': ગ્રામ વાતાવરણ લેખકે જોઈએ એવી રીતે વ્યક્ત કર્યું છે. એ માટે પ્રકૃતિ કે એવાં તત્ત્વોનો નહિ, અભિનય ઇત્યાદિનો આધાર લીધો છે. મારા-મારીનાં દશ્યો, વૃદ્ધ અભણ ડોસી 'અભાગીઓ' 'નીચ' 'હરામજાદો' વગેરે શબ્દો વાપરે છે. અંગ્રેજી લખ્યું છે એનો ખોટો અર્થ થતાં ગોટાળો સર્જાય છે, જુગારીઓ, નહીં કમાતો દીકરો, શિક્ષક, અભ્યાસ માટે આવતા પ્રૌઢો અને 'આરતી' જેવાં માધ્યમો પણ છે જેના દ્વારા અભિવ્યક્ત થતાં સંસ્કારો અને બીજા તત્ત્વો દ્વારા વેશનું વાતાવરણ કે જે સામાજિક પશ્ચાદભૂમિમાંથી નીકળી આવે છે જેને કારણે આ પ્રકારના વેશની રચના કરવાનું સર્જકનું કામ પાર પડી જાય છે.

'વૃક્ષ રક્ષણનો વેશ' : વેશમાંથી જન્મતી ભાવ-અવસ્થા કે મનોભાવ સંદર્ભે આ વેશ અભ્યાસમાં લેવા જેવો છે. શોભા-સૌંદર્ય ઇત્યાદિનું વર્ણન કવિઓ પર છોડી દઈ જીવનના આધાર તરીકે લેખકે એને વર્ણવ્યો છે. વૃક્ષોનું એટલું મહત્ત્વ કર્યું છે કે દરેક વૃક્ષ જાણે ઈશ્વરનો અવતાર છે. લખનારે એને દેવ ગણપતિ, દક્ષ કહ્યા છે. રાજીપો, છોડવા રોપવાની શરૂઆતથી જ થઈ જાય છે. નર્તનને ઠીક ઠીક પ્રાધાન્ય પ્રાપ્ત થયું છે. સમૂહ નર્તનો પણ ખરાં. જેનાં આકારો અને આકૃતિઓ પ્રેક્ષક-ચિત્ત પર ઊંડી અસર પાડે છે અને મનોભાવ સર્જવામાં અગત્યનો ભાગ ભજવે છે.ગીત સંગીત સાથે થતાં નર્તનો વૃક્ષારોપણની જે ગંભીર વાત છે તેને હળવી કરીને પ્રેક્ષક ચિત્તમાં દાખલ કરી દે છે. આવી પદ્ધતિઓ મૂળ ભવાઈ વેશોમાં રહેલી છે જેને લેખકે બરોબર ગ્રહણ કરી પોતાની કરી છે.

ભવાઈની એક લાક્ષણિકતા રંગલો, હાસ્યરસ અને અશ્લીલતા અંગેની પણ છે જે ચર્ચા માગી લે છે. ભારતની બધી ભાષાઓની રંગભૂમિમાં આસુરી પાત્રોની ભજવણી એમની ઠેકડી ઉડાવીને ભજવાય છે. આસુરી કે દુરિત તત્ત્વ સામેનું કામ વિદૂષક કે રંગલો બરોબર કરી શકે છે. ભજવણીની આ પ્રણાલીમાંથી 'ભવાઈ'ને પણ બાકાત રાખી શકાય નહિ. વળી રમૂજ પીરસવી કે મોજ ખાતર મશ્કરી કરવી એ માણસની સહજવૃત્તિ છે. રંગલો એનું પ્રતીક છે. એના નિર્માણ પાછળ માનસિક અને સામાજિક આવશ્યકતા રહેલી છે અને વિવિધ ક્ષેત્રોમાંનાં પ્રભાવી ઘટકો પણ અસર કરે છે જ. એ ટીકા કરનાર, દોષ બતાવનાર, જીવનનો ભાષ્યકાર છે. પણ એની રીત વિનોદી છે. કોઈવાર એમાં એણે અપશબ્દ કે ખરાબ બોલ દાખલ કર્યા છે. એ નિરૂપણને જનકભાઈ જેવા દિગ્દર્શકે પણ પોતાના વેશોમાં ટાળવાનો અથવા હળવું કરવાનો પ્રયત્ન કર્યો છે.

વિદ્વાનોએ રંગલાની આ બતાવેલી પાછળની રીતિને અતિરેક ગણી કાઢી છે અને બીભત્સ, નઠારું, અસભ્ય, ગ્રામ્ય, ભૂંડું કે અતિશયતા કહીને આક્રોશ ઠાલવ્યો છે. વેશોના લખનારે કરેલી કોશિશ પણ કદાચ એ વિદ્વાનો પ્રત્યેના સમભાવજન્ય પક્ષપાતનું પરિણામ છે; દા.ત. સ્વચ્છતા સુઘડતાના વેશમાં ભટ્ટજી કહે છે કે 'એકમેકને ગાળો ભાંડી.' પણ ગાળો તો વેશલેખકે પેલા સમભાવજન્ય પક્ષપાતથી ઢાંકી જ દીધી છે. જેને કારણે એકબીજાને ગાળો આપનાર પાત્રોના લાગણીના પ્રવાહો જે રીતે વ્યક્ત થવા જોઈએ તે રીતે થઈ શક્યા નથી. એ થવા જરૂરી હતા. કેમકે તેથી સ્પષ્ટ વાચા અને અર્થ મળી શક્યા હોત જે પ્રયોગને માટે ઉપકારક બન્યું હોત. રણછોડભાઈ ઉદયરામ અને એ વર્ગના ટીકાકારોએ ભવાઈના રંગલાને સતત ભાંડ્યો છે. એની અસરનું પણ કદાચ એ પરિણામ હશે. એ ટીકાઓનું પુનઃમૂલ્યાંકન થવું જરૂરી છે. એ જો થાય તો જનકભાઈ અને એ ભૂમિકાના દિગ્દર્શકો દ્વારા તદ્દન જુદું જ પરિણામ આવવાની શક્યતા છે.

લખાયેલા વેશોમાં લડાઈ ઝગડાના, બૂમ બરાડાનાં, દશ્યો આવે છે. પણ એમાં લખનારે આ બતાવી એ રીતિને આવવા દીધી નથી જેને કારણે 'શેતાન' 'દુર્ગુણ' 'પાપ' એ તત્ત્વો પૂરો આકાર પામતાં નથી. સોમયાગની મહાવ્રત નામની વિધિમાં બ્રહ્મચારી અને પુંશ્ચલીનો જે સંવાદ આવે છે એ અત્યંત અશ્લીલ હોવા છતાં વિધિના સૌંદર્યને હાનિ થતી નથી. એમ તો અશ્વમેધની વિધિમાં પણ રાણીએ બોલવાના મંત્રો અશ્લીલ છે. સંસ્કૃત નાટકોમાંથી દાસી અને વિદૂષકની ગાળો જો દૂર કરો તો પાત્રોને કેટલું બધું નુકસાન થાય છે ? પાત્ર જ એ પ્રકારનું હોય કે પરિહાસ, વિડંબના, ગાળો એને બગાડી શકે જ નહિ. પાત્રવિકાસ વિશેની લેખકની ભાવનાઓ જ એટલી પ્રભાવી અને હળવી હોય કે પેલી વિડંબનાઓ કે અશ્લીલતાની આડઅસરો નીપજી શકે નહિ. માટે વિડંબના કે અશ્લીલતા રજૂ કરવા અંગેના પ્રશ્નોના ઉકેલ ટાળવા કે હળવા કરી દેવાને બદલે શોધી કાઢવા જોઈએ. પાત્રનું સ્વરૂપ સંપૂર્ણપણે તંદુરસ્ત અને ધાર્મિક હોય તોપણ કેટલીક વાર પેલી મશ્કરી, ઉપહાસ કે અશ્લીલતાની, કોઈ પ્રતીકાત્મક અર્થ છુપાવવા, ગરજ પડતી હોય છે. એ વેળાએ પણ પેલો ઉકેલ શોધી કાઢવાનું લેખક અથવા દિગ્દર્શકને માટે જરૂરી બનતું હોય છે. માટે એમ કરવું જોઈએ.

આધુનિક સમસ્યાઓને વાચા આપતા વેશો એક રીતે જોઈએ તો પ્રચાર સાહિત્યમાં સરી પડવાની ઘણી શક્યતાઓ ધરાવે છે અને પ્રચાર સાહિત્ય તો 'અધમ કોટીનું સાહિત્ય' છે એવી ગાળ ખાતું આવ્યું છે. છતાં એણે અદ્ભુત ચમત્કારો પણ સજર્યા છે. ગુજરાત કચ્છને ભૂકંપી તિરાડોની આરપારનું સાહિત્ય આપીને કચ્છી સાહિત્યકાર માવજી મહેશ્વરીએ ચમત્કાર સર્જેલો છે. અમેરિકન ભૂતપૂર્વ પ્રમુખ બિલ ક્લિન્ટને અને 'રિડર્સ ડાઈજેસ્ટ' ના તંત્રી હેનરી હર્ટે એમની લીધેલી મુલાકાત તથા દિલ્હીના રવિ પ્રિયે માંડવી તાલુકાના કચ્છી માંડુઓને બાંધી દીધેલાં ૩૬૫ મકાનો એ વાત પર પ્રકાશ પાડે છે. આવી જ કોઈક હકીકતે, 'ભૂકંપ નિવારણનો વેશ' દુઃખના વારાફેરા વેળાએ કે અવારનવાર થતી ચડતી પડતી વેળાએ અથવા પરિસ્થિતિનો સામનો કરવા આ પ્રકારના વેશોના પ્રયોગોથી કોઈ ચમત્કાર સર્જાઈ જાય તો વેશનો એક શબ્દ પણ પેલી ગાળ ખાવાને ઊભો નહિ રહે (જયશંકર- પ્રસાદની હિંદી નવલકથા 'ઈરાવતી'માં આનંદવાદનો અને જયભિખ્ખુની ગુજરાતી નવલકથા 'કામ વિજેતા શ્રીસ્થુલિભદ્ર'માં જૈનધર્મનો પ્રસાર-પ્રચાર છે. તો પણ એ બંને કૃતિઓએ ચિરંજીવ થવામાં ચમત્કાર સજર્યો નથી શું ?) અને એ કઈ રીતે ઉત્તમ કોટીનું સાહિત્ય પણ બની શકે છે એ સમજાશે. કદાચ એ હેતુએ જ આ પ્રકારના લખાણની જનકભાઈ જેવા સર્જકોએ ઘા ખાલી નહિ જવા દેવાની સભાનતા અને સૂઝ સાથે સંભાળ લીધી છે એવી કે દીવાલને છેદવાનું, સમાજને પલટવાનું, સતત મંથન એમાં રહ્યું છે.

અનેક પ્રકારનો વિકાસ બતાવી શકાય એવું આ સ્વરૂપ છે અને લેખક તેમાંય વળી જો એ દિગ્દર્શક હોય તો, એવાં પ્રકટીકરણો બતાવવા મદે ચડી જાય એવી પૂરી શક્યતાઓ રહેલી છે. આ એ જગ્યા છે કે જે ભવાઈ સ્વરૂપનું અને લેખકનું પણ પતન નોંતરે છે. આ વેશોના લેખકની વિશેષતા અને સંયમ એ છે કે એમણે એ પરિસ્થિતિમાંથી પોતાની જાતને અને વેશોને બચાવી લીધાં છે.

લેખક ભવાઈ અંગેની સ્પષ્ટ સમજ અને આકાર અંગેની સત્યતાના આગ્રહી રહ્યા છે. એમ નથી જ થયું ત્યાં એમનો કોપ ભભૂકી ઊઠ્યો છે. કપિલા વાત્સ્યાયન જેવાં પંડિતા પણ એમાંથી બચી શક્યાં નથી.

આ લેખક ભવાઈ પ્રત્યે એટલી બધી પ્રીતિ ધરાવે છે કે નાટકોમાં ભવાઈની છાયા દેખાય એટલા માત્રથી રાજી નથી. એમને આખું સ્વરૂપ જોઈએ છે. એ એમની માગ છે.

ભવાઈ સ્વરૂપની ક્ષિતિજો માત્ર સાંપ્રત સમસ્યાઓને જ સમાવી શકવા પૂરતી છે એવું માની લેવાની જરૂર નથી. પરંતુ વાર્તા કે નાટક ઇત્યાદિ પણ એમાં ઢાળી શકાય એટલી એ ચોક્કસ જ વિસ્તરી શકે. એવા પ્રયોગો થવા જોઈએ. 'વેશ સજે પરિવેશ નવો'ના લેખક પણ એવો વેશ લખે તો આ ક્ષેત્રે એમણે કંડારેલી નવી પગથીને આપણે આગળ વધતી અને ભવાઈ સ્વરૂપની ક્ષિતિજોને વધુને વધુ વિસ્તરતી જોઈશું. સર્જકની એવી લાગણી કે નાટકના જીવનમાં કશોક ફાળો આપીને ઋણ અદા કરવું. એમનું આ પુસ્તકનું પણ આ ભાવનાથી અને કૃતજ્ઞતાના ચિહ્નરૂપે લેખાશે-આ પ્રકારની આકાંક્ષાઓથી હું આ ગ્રંથને આવકારું છું અને અભિનંદવા યોગ્ય એવા એના લેખકને ધન્યવાદ પાઠવું છું.

# નિયમિત ચાલવા જવાનો મહિમા

◆

ડૉ. ગુણવંતરાય જી. ઓઝા*

- છેલ્લાં કેટલાંક વર્ષોથી સ્વાસ્થ્યસુરક્ષા તથા રોગનિવારણ માટે શારીરિક વ્યાયામ (દા.ત. ચાલવું, જોગીંગ, તરવું)નું મહત્ત્વ સ્વીકારાયું છે. તે બધાંમાં ચાલવાની કસરત (વૉક લેવો) સરળ, સહેલી અને ઍરોબીક પ્રકારની હોવાથી ઉત્તમ કહી શકાય.
- ચાલવાનું અભિયાન શરૂ કરતાં પહેલાં તમારા તબીબને મળીને શારીરિક તપાસ-ચેકઅપ કરાવવાનું ભૂલશો નહિ.
- દરરોજ નિયમિત રીતે ૩૦ થી ૪૦ મિનિટ, અઠવાડિયામાં ઓછામાં ઓછું પાંચ દિવસ તો ચાલવું જ જોઈએ. પરંતુ, જો વજન ઉતારવું હોય તો ૪૦ મિનિટ કરતાં જેટલું બને તેટલું વધારે ચાલવું જોઈએ. જો એક સામટું ચાલવાનું શક્ય ને અનુકૂળ ન હોય તો બે ભાગમાં દા.ત. સવારે અને સાંજે એમ પણ ચાલી શકાય.
- ચાલવાથી કેલેરી વપરાય છે (કેલેરી એ શક્તિ-ઊર્જાને માપવાનું એકમ છે.). ફક્ત બેસી રહેવાથી દર મિનિટે ૦.૫ - ૧ કેલરી વપરાય છે, જ્યારે ચાલવાથી દર મિનિટે ૩ કેલરી અને ઝડપથી ચાલવાથી દર મિનિટે ૮ કેલેરી વપરાય છે.
- સ્વાસ્થ્યસુરક્ષા, ફીટનેસ તથા રોગનિવારણ માટે ચાલવા જવાનું અભિયાન અમદાવાદમાં શરૂ કરવામાં ડૉ. પી.જી. સીતાવાલા (ફેમીલી ફિઝિશ્યન) અને ડૉ. અમરીશ પરીખ (સર્જન)નો મહત્ત્વનો ફાળો છે.
- ચાલવા માટેનો ઉત્તમ સમય વહેલી સવાર(બ્રાહ્મમુહૂર્ત)નો છે, કારણ કે તે સમયે મન શાંત હોય, વાતાવરણ શાંત હોય, હવા શુદ્ધ હોય, ઘોંઘાટ પ્રદૂષણ-ટ્રાફિક એકદમ ઓછાં હોય છે. દિવસના બીજાં કોઈ સમયે પણ ચાલવા જઈ શકાય પણ ખાલી પેટે જ ચાલવા જવું જોઈએ (જમ્યા પછી ત્રણ કલાકે પેટ ખાલી થઈ જાય છે.)
- ચાલવા માટે ગાર્ડનમાં અથવા ખાડા વગરની, સીધી, લાંબી, સપાટ ફૂટપાથ કે તેવા રસ્તા પર જઈ શકાય. સમુદ્રકિનારો પણ ચાલવા માટે સારી જગ્યા છે. અગાસી-ટેરેસ-ધાબા પર ચાલવાનું બહુ ઠીક ન પડે. કારણ કે ત્યાં દર ૪૦-૫૦ પગલાંએ ટર્ન લઈને પાછાં ફરવું પડે; તેથી ચાલવાનો લય અને ઝડપ તૂટે અને વારંવાર ગોળ ફરીને ટર્ન લેવાનું દરેક વ્યક્તિને અનુકૂળ ન પડે (કોઈકને તો વારંવાર આમ કરતાં ચક્કર પણ આવે). વહેલી સવારે ચાલવા જવાનું ન ફાવે તો મંદિરે દર્શન કરવા-શાકભાજી લેવા-કે દૂધની થેલી લેવા જવાનો સમય અને રસ્તો એવી રીતે પસંદ કરવો કે આપોઆપ-અનાયાસે જ વૉક લેવાઈ જાય.
- ''ચાલવા જવું તો છે પણ સમય નથી મળતો'' એમ કોઈ કહે ત્યારે સમજવું કે તેનામાં ચાલવા માટેની સાચી દાનત જ નથી. તેમણે એટલું જ સમજવાની જરૂર છે કે ''ચાલવા નહિ જાવ તો એક દિવસ વહેલાં ચાલી જશો !''
- પહેલે જ દિવસે ઝપાટાબંધ ૩૦-૪૦ મિનિટ ન ચાલવું પણ પહેલાં અઠવાડિયે દસ મિનિટ (પાંચ મિનિટ જતાં અને પાંચ મિનિટ પાછાં આવતાં) એમ શરૂઆત કરીને દર અઠવાડિયે દસ મિનિટ (૫

---

* એમ.ડી., કન્સલ્ટન્ટ ફિઝિશ્યન, એ/૩, પહેલા માળે, કેપિટલ કૉમર્શિયલ સૅન્ટર, સંન્યાસ આશ્રમની બાજુમાં, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૯

મિનિટ જતાં, ૫ મિનિટ આવતાં) વધારતા જવી, જેથી કરીને ૪-૫ અઠવાડિયાના અંતે કુલ ૩૦-૪૦ મિનિટ ચાલવાનો પોગ્રામ થઈ જાય.

- ચાલવાની શરૂઆતની પાંચેક મિનિટ ક્રમશઃ ચાલવાની ગતિ વધારવા માટે એટલે કે ધીરે ધીરે મહત્તમ ગતિ-સ્પીડ પકડવામાં વાપરવી (warming up). તે જ રીતે છેલ્લી પાંચેક મિનિટ ચાલવાની ગતિ ક્રમશઃ ઘટાડવી.
- ''આરંભે શૂરા''ની જેમ બે ત્રણ દિવસ ચાલ્યા પછી એક યા બીજા કારણે - બહાને ચાલવાનું બંધ ન થઈ જાય તેની ખાસ તકેદારી રાખવી. નિયમિત ચાલવાનો અભિગમ એક રોજીંદી, દિનચર્યાની અંતર્ગત, અતૂટ પ્રક્રિયા સાધના બની રહેવી જોઈએ.
- લોહીની નસો સાંકડી થઈ જવાની શરૂઆત ધીરે ધીરે કિશોરાવસ્થામાં જ થઇ જાય છે. પછી વરસો વરસ તે વધે છે અને છેવટે એક સમય એવો આવે છે કે જ્યારે તેમાં લોહી ફરવાનું ખૂબ જ ઓછું અને ધીમું થઇ જાય છે અને છેવટે તે નસમાં લોહી જામી જવાથી ''હાર્ટ ઍટેક' થાય છે. લોહીની નસો સાંકડી પડવાની ઉંમર અને તેની ઝડપ અને તીવ્રતા દરેક વ્યક્તિમાં જુદી જુદી હોય છે. પણ હવે તો હાર્ટ ઍટેકનો રોગ જે પહેલાં ૫૦-૫૫ વર્ષની ઉંમરે જોવા મળતો હતો તે ૪૦ વર્ષની આજુબાજુમાં થતો માલૂમ પડ્યો છે. તેનો અર્થ એ થયો કે આ રોગને રોકવાના પ્રયત્નો પણ કિશોરાવસ્થાથી જ આરંભવા પડે; તેથી ચાલવાની ટેવ કિશોરાવસ્થાથી જ પાડવી જોઈએ.
- ચાલતી વખતે શરીર ટટ્ટાર રાખીને લયબદ્ધ રીતે પગ દમામભેર જમીન પર પાડવા જોઈએ. ટહેલતા ટહેલતા, ઝૂલતા ઝૂલતા, માંદા માણસની જેમ પગ ઘસડાતાં હોય અને જાણે કોઈએ શિક્ષા કરી હોય તેમ ન ચલાય. ડૉ. મુકુન્દ મહેતાએ સાચું જ કહ્યું છે : ''વરઘોડામાં ચાલતા હોઈએ તેમ નહીં ચાલવાનું!'' બહુ ઝડપથી (ઉપડતી બસ પકડવાની હોય તેમ) ન ચાલવું. ચાલવાનું હેતુપૂર્વકનું અને સ્ફૂર્તિભરેલું હોવું જોઈએ (Walk with a purpose). કોઈની સાથે ચાલવાની હરીફાઈમાં ઊતરવાનું નથી, કોઈ આપણને ઓવરટેઈક કરી જાય તો તેને પ્રતિષ્ઠાનો કે શરમનો પ્રશ્ન બનાવવાનો નથી. ચાલમાં ચમક અને પગમાં ઝમક હોવી જોઈએ. ચહેરા પર રઘવાટ નહીં પણ આછેરું સાહજિક સ્મિત ફરકતું હોવું જોઈએ.
- એકલાં ચાલવું વધારે સારું છે કારણકે એકલાં ચાલવાથી કુદરત પ્રકૃતિ સાથે તમારો સીધો સંબંધ બંધાય છે. મન શાંત હોવાથી તે સમયે આવતા વિચારો કે બહારથી મન તરફ જતી સંવેદનાઓ-સંજ્ઞાઓ ઉચ્ચ પ્રકારની હોય છે. દા.ત. ઠંડો પવન વાતો હોય તેનાથી થતી અનુભૂતિ, હરિયાળી જોવાથી આંખને મળતી ઠંડક, પક્ષીઓના કલરવ સાંભળવાથી થતો ઝનકાર. એકલા ચાલતી વખતે સાહિત્યકારોનું વાર્તાનું વિચારબીજ કે વ્યૂહાત્મક વળાંકબિન્દુ (ટર્નીંગ પોઇન્ટ) સ્ફૂરી આવવાનું કે સંગીતકારને અચાનક ચમકતી વીજળીની જેમ ગીતની તરત ધૂન સાંપડી હોવાનું નોંધાયું છે. એકલાં ચાલવાથી મનના વિકારો દૂર થઈને ચિત્તશુદ્ધિ થવાની આવકાર્ય પ્રક્રિયાનો આરંભ થઈ શકે છે. સમૂહમાં ચાલવાથી કે બે વ્યક્તિ સાથે ચાલે ત્યારે સાંસારિક, વ્યાવહારિક કે વ્યાવસાયિક કે નિરર્થક બાબતોની ચર્ચા થવાની અને તેને લીધે રાજસી-તામસી વૃત્તિઓ વધવાની શક્યતાઓ ઊભી થાય. તેથી જ રસ્તામાં આ સમયે કોઈ સામું મળે કે સાથે થઈ જાય તો વાતો કરવા ઊભા ન રહેવું. ચાલવા માટે આજે કોણ આવ્યું છે કે નથી આવ્યું તેની ચિંતા ન કરવી !
- અચાનક, અણધારી, તીવ્ર ઠંડી પડી હોય તો (ખાસ કરીને, ચાલીસીએ પહોંચેલા ભાઈ-બહેનોએ) વહેલી સવારે ચાલવાના સમયમાં અને ગતિમાં થોડોક ઘટાડો કરવો જોઈએ.
- ચાલ્યા પછી સહેજ, હળવો, મીઠો થાક લાગે તેવું થવું જોઈએ. તે સમયે પોતાનો શ્વાસ સંભળાતો હોય છે (પણ હાંફ ચડવો ન જોઈએ). શ્વાસની સભાનતા અને થાક પાંચેક મિનિટથી વધારે રહેવાં ન જોઈએ.

- ચાલતી વખતે છાતીમાં ભાર લાગે-દુઃખે, થડકારા થાય, શ્વાસ - હાંફ ચડે, એકદમ પરસેવો વળે કે ચક્કર આવે, પગમાં દુઃખે અથવા આંખે જોવામાં તકલીફ પડે તો ચાલવાનું બંધ કરીને તરત જ બેસી જવું કે સૂઈ જવું જોઈએ અને તાત્કાલીક ડૉક્ટરનો સંપર્ક કરવો જોઈએ.
- ચાલવાનો આ ઉપક્રમ તંદુરસ્ત વ્યક્તિ માટે છે. જેઓને ડાયાબીટીસ, બ્લડપ્રેશરનો અથવા હૃદયરોગ કે અન્ય કોઈ રોગ હોય તેમણે ચાલવું કે નહિ અને ચાલવું તો કેટલું ચાલવું વગેરે બાબતો વિશે ડૉકટરને પૂછીને તેમની સલાહ પ્રમાણે નિર્ણય લેવો.
- થોડા થોડા સમયે ચાલવાનો રૂટ બદલવાથી એકવિધતા (કંટાળો, monotony) નહિ થાય અને નવીનતાનો અનુભવ થશે, જો કે એકના એક જાણીતા રૂટ પર ચાલવાથી તે રસ્તા પર ક્યાં ખાડો કે ટેકરો આવે છે, ફૂટપાથ ક્યાં તૂટેલી છે, કૂતરાંથી ક્યાં સાચવવાનું છે જેવી બાબતોનું પૂર્વજ્ઞાન કામ લાગે છે !

**નિયમિત ચાલવાથી લાંબા ગાળે થતાં શારીરિક, માનસિક, આધ્યાત્મિક (અને આર્થિક) ફાયદા :**

- કેલેરીનું દહન થવાથી ચરબી ઘટે છે, શરીર સુડોળ બને છે અને ચપળતા વધે છે.
- હૃદયના ધબકારાની ગતિ અને બ્લડપ્રેશર ઓછા થાય છે, હૃદયની કાર્યક્ષમતા વધે છે, લોહીના ઊંચા દબાણ (હાઇ બ્લડપ્રેશર) નો રોગ જો હળવી કક્ષાનો હોય તો ફક્ત ચાલવાની કસરતથી અને ખોરાકમાં મીઠું ઓછું કરીને વગર દવાએ મટાડવાની શક્યતાઓ ઊજળી બને છે.
- લોહીમાં કોલેસ્ટરોલ, LDL પ્રકારની ચરબી, હાઇબ્રીનોજન તેમજ પ્લેટલેટના કણોની ચોંટી જવાની પ્રક્રિયા ઘટે છે અને HDL (ગુણકારી ચરબી), ફાઇબ્રીનોલીસીન અને પ્લાઝમીન (લોહીના ગઠ્ઠાને ઓગાળનાર તત્ત્વ)નું પ્રમાણ વધે છે. પરિણામે, લોહીની નસો સાંકડી થવાની પ્રક્રિયા (એથેરોસ્ક્લરોસીસ) ધીમી પડે છે, કંઇક અંશે પાછી પડે છે અને તેથી લોહીની નસો થોડીક (પણ ઉપયોગી પ્રમાણમાં) ખુલી જાય છે. અને તેથી હાર્ટ ઍટેક અને પક્ષાઘાતના રોગનું પ્રમાણ અને ગંભીરતાનું નોંધનીય પ્રમાણ ઘટે છે. ચાલવાની લાંબા ગાળાની ટેવને લીધે હૃદયની સુષુપ્ત નસો ખુલી જઈને કાર્યાન્વિત બને છે. તેથી હૃદયને લોહીનો પુરવઠો પહોંચાડનાર નસોની એક બીજી રીઝર્વ હરોળ તૈયાર થાય છે રહે છે - એટલે કે હૃદયનું કન્ડીશનીંગ (અનુકૂલન) થાય છે અને કુદરતી રીતે જ વગર ઑપરેશને સૂક્ષ્મ પ્રકારનું પણ અસરકારક બાયપાસ રચાય છે. પરિણામે, હાર્ટઍટેકના રોગમાંથી બચાવ થાય છે અથવા તો તે મોડો થાય છે અને થાય તો પણ હળવા (સહ્ય) પ્રકારનો થાય છે.
- ડાયાબીટીસ નથી થતો, પાછો ઠેલાય છે અને થાય તો હળવા પ્રકારનો થાય છે. જો હળવા પ્રકારનો ડાયાબીટીસ થયેલો હોય જ તો તે મટી જાય છે. ન મટે તો કમસેકમ રોગની માત્રા, ઉગ્રતા તથા દવાઓની જરૂરિયાત ઓછી થાય છે અને ડાયાબીટીસના કોમ્પ્લીકેશનો નથી થતાં અથવા મોડાં, ઓછાં અને હળવાં થાય છે (આ વિધાન વગેરે ઉગ્ર પ્રકારના ડાયાબીટીસ માટે પણ લાગુ પડે છે.)
- હાડકાં મજબૂત બને છે અને તેથી ફ્રેકચર થવાની શક્યતા ઘટે છે. ઓસ્ટીઓપોરોસીસ (કેલ્શ્યમ અને પ્રોટીનની ઊણપથી હાડકાં પોચાં, નબળાં પડવાં) નથી થતું અથવા ઓછું થાય છે અને મોડું થાય છે.
- ઊંઘ સંતોષકારક રીતે આવે છે, અનિદ્રામાં રાહત થાય છે.
- શરીરમાં રોજબરોજ ઉત્પન્ન થતા ફ્રી રેડીકલ્સ નામના નુકસાનકારક તત્ત્વોનો નાશ થવાથી કેન્સર, એથેરોસ્ક્લરોસીસનું પ્રમાણ ઘટે છે.
- રોગપ્રતિકારકશક્તિ (immunity) ટકી રહે છે, વધે છે.
- વૃદ્ધત્વ મોડું આવે છે અને તે પણ ઓછા પ્રમાણમાં.
- સ્વાસ્થ્ય સચવાઈ રહે અને વિવિધ પ્રકારના રોગો ના થાય કે મોડા કે ઓછી તીવ્રતાથી થાય તેથી દેખીતું

છે કે તબીબી સારવાર માટે કરવો પડતો આર્થિક બોજો પણ ઘટે જ દા.ત. એન્જીઓપ્લાસ્ટી કે બાયપાસ ન કરાવવું પડે તો ૧-૨ લાખ રૂપિયાના ખર્ચમાંથી બચી જવાય.

- મન આનંદિત રહે છે, મુડ સુધરે છે, ડીપ્રેશન દૂર થાય છે. સર્જનાત્મક વિચારો વધે છે, નકારાત્મક વિચારો અને વૃત્તિઓ શમવા માંડે છે. બધે અને બધામાં સારું જોવાની શોધી કાઢવાની ટેવ પડે છે. વિચારોની મૌલિકતા અને ગુણવત્તા વધે છે. કુટુંબ સમાજ તરફનો અભિગમ નવો રચનાત્મક વળાંક, આકાર લે છે, માણસ માનવી બને છે, મનની નવી ક્ષિતિજો ઊઘડે છે. આત્મસંતોષ, નિર્લેપતા, સાક્ષીભાવ, ક્ષમાવૃત્તિ જેવા સાત્ત્વિક ગુણોનો વિકાસ અને વૃદ્ધિ થાય છે અને અધ્યાત્મયાત્રાનો આરંભ કરવાની ક્ષમતા જન્મ લઈ શકે છે.
- ચાલવાની ટેવ પ્રત્યેક રોગને નિવારનાર કે મટાડનાર રામબાણ ઉપાય નથી પણ એક પૂરક પદ્ધતિ તરીકે તન અને મન માટે ખાસ જરૂરી છે. તેનાથી મનમાં શાંતિ, ચહેરા પર કાંતિ અને વિચારોમાં ક્રાંતિ આવે છે.
- જેમ આકાશમાં એક જ તારો નથી હોતો તેમ જે માણસને ચાલવાની ટેવ હોય છે તેનામાં બીજી સારી ટેવો પણ હોય છે જ, જેમકે, આહારમાં તકેદારી, વ્યસનો તરફની ઘૃણા, મેડીટેશન માટેનો ઝુકાવ વગેરે.
- જો વારસામાં એટલે કે જનીનો દ્વારા તમને જન્મસમયે જે નકશો (બ્લ્યુ પ્રિન્ટ) મળે છે તેમાં પૂર્વનિર્મિત હશે કે તમે પંચોતેર વર્ષ જીવવાના છો તો ચાલવાની ટેવથી તેમાં વધારો થાય પણ ખરો અને ન પણ થાય તેવું પણ બને. પરંતુ તેમાં ઘટાડો કરનાર પરિબળો તો ચોક્કસ નાબૂદ થશે જ, જેથી કરીને તમે તમારું નિર્મિત આયુષ્ય અને કદાચ તેનાથી પણ વધારે લાંબું આયુષ્ય જીવંત રીતે જીવી શકો તે વાત પણ એટલી જ ચોક્કસ છે.
- આ લેખ વાંચ્યા પછી અને તેના વિષે વિચાર કર્યા પછી જો તમે ચાલવાનો કાર્યક્રમ શરૂ નહીં કરી શકો તો તબીબીવિજ્ઞાન અને તમારા એમ બંનેને માટે મોટી કમનસીબી લેખાશે. તમારે માટે કમનસીબી એટલા માટે કે ચાલવાના આટલા બધા ફાયદા જાણવા છતાં તમે ચાલવાની ટેવ ના પાડી શક્યા અને સ્વાસ્થ્યસુરક્ષા માટેની એક સોનેરી તક તમે ગુમાવી. ભક્ત કવિ નરસિંહ મહેતાએ ભલે લખ્યું હોય કે :

**"જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું**
**તેહને તે સમે તે જ પહોંચે".**

જે થવાનું છે તે ભલે થઈને રહે અને ભલે કોઈ છઠની સાતમ કરી શકતું ન હોય તો પણ આગળ ખાડો છે તેમ જાણવા છતાં તેમાં કૂદકો મારવો એ કમનસીબી નહિ તો બીજું શું કહેવાય ? તબીબીવિજ્ઞાન માટે પણ કમનસીબી એટલે ગણવી પડે કે તેના સંનિષ્ઠ પ્રયત્નો છતાં તે તમને અસરકારક રીતે પ્રોત્સાહિત કરીને ચાલવાના અભિયાનમાં સામેલ ન કરી શક્યું.

બાકી, એટલું ચોક્કસ લખી રાખજો કે એ દિવસ હવે દૂર નથી કે જ્યારે ગાર્ડનમાં વૉક લેવા માટે સભ્યપદ મેળવવું પડશે અને ગાર્ડનમાં વૉક લેવા જવા માટે નિશ્ચિત સમયે જઈને લાઈનમાં ઊભા રહેવું પડશે.

**સર્વે સન્તુ નિરામયાઃ ।**



ભક્ત કવિ અખો

૧૭મી સદીના ગુજરાતના
વહેમ, રૂઢિપ્રથા, અંધશ્રદ્ધા
અને વિલાસપ્રિયતાથી વ્યસ્ત
સમાજને વ્યંગાત્મક અને કટુ
છતાં સત્ય અને માર્મિક વાણી દ્વારા
નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો પ્રત્યે
જાગૃત કરનાર
સોની સમાજના શિરોમણિ.



ભેદ કરે ભક્તિ જ્ઞાનમાં તે નર જાણજો મૂઢ રે.
સંતને સર્વ સમાન છે, જાણે લહુ તત્ત્વ ગૂઢ રે.

પોતે હરિને ન જાણે લેશ, અને કાઢી બેઠો ગુરુનો વેશ.
જયમ સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી વળ્યો ઘેર આપ.
એવા ગુરુ ઘણા સંસાર, તે શું મૂકે ભવપાર ?

પ્રાપ્ત રામ કરે તે ગુરુ, બીજા ગુરુ તે લાગ્યાં વરુ.
ધન હરે, ધોખો નવ હરે, સંબંધ સંસારી સાચો કરે.
અખા શું સમજયો ગુરુ કરી, સચરાચર દીઠા નહિ હરિ ?

માયા છે મહામોટી જાળ, પાસે કોરે ઊભો કાળ.
વિશ્વ સકળ એ ટોળે મળે, માંહે પેઠું તે નવ નીકળે.
અખા જેને સદ્‌ગુરુની દયા, તો ઝીણા થઈ નીસરી ગયા.

અનેક રૂપે માયા રમે, ત્યાં જેવી જયાં જેવું ગમે.
વળી જો કોઈને જ્ઞાન ઊપજે, તો જ્ઞાની થઈને ભેળી ભજે.

ખટદર્શન કરે વિખવાદ, મધ્યે માયા પોષે વાદ,
દાનદયાશીલ કહેતા જાય, કો મંત્ર જાપ તીરથ મહિમાય.
અખા બાળકની પેરે થયું, બોર સાટે ઘરેણું ગયું.

જયમ અગ્નિને સંગે શીત વ્યાપે નહીં,
જોત દેખાડે ને તિમિર ત્રાસે,
ત્યમ ગુરુ પ્રતાપે પરબ્રહ્મ ભેટીએ,
માયા રૂપિયું ઘેન નાસે.

પાને પોથે લખિયા હરિ, જેમવેળુમાં ખાંડ વીખરી,
એ નોહે ખૂણે ખાંચરે, આ મુખોમુખ વાતો કરે.
ભાઈ ભક્તિ જેવી પંખણી, જેને જ્ઞાન વૈરાગ્ય બેઉ પાંખ છે.
થડને ગ્રહો એમ સઘળા કહે, પણ ડાળ વિના ફળ ક્યાંથી લહે ?
એકલું થડનું થડ જો હોત, તો કોણ કહેનાર ને કોણ આ જોત ?
અખા ડાળ પત્ર પુષ્પ ફળ થડમાં, તેમ લીલા અવતાર નામ સર્વે અટકળમાં.



ॐ अज्ञान तिमिरान्धस्य ज्ञानाञ्जनशलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्री गुरवे नमः।।

मैं घोर अज्ञान के अंधकार में उत्पन्न हुआ था
मेरे गुरु ने अपने ज्ञान रुपी प्रकाश से मेरी
आँखें खोल दीं। मैं उन्हें सादर नमस्कार करता हूँ।

श्रीमद् भगवद्गीता



"oṁ ajñāna-timirāndhasya
jñānāñjana-śalākayā
cakṣur unmīlitaṁ yena
tasmai śrī-gurave namaḥ"

I was born in the darkest ignorance and my spiritual master
opened my eyes with the light of knowledge.
I offer my respectful obeisances unto him.

Shrimad Bhagwadgeeta

સૌજન્ય

**શ્રી નટવરલાલ રણછોડદાસ પટેલ**

માજી પ્રમુખ યુનિયન હાઈસ્કૂલ
લાંઘણજ, તા. જિ. મહેસાણા